ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૨

# સંપૂર્ણક્રાંતિ - લોકશાહી
# અને
# ભાલ નળકાંઠા પ્રયોગ

લેખક
અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૨

# સંપૂર્ણક્રાંતિ - લોકશાહી
# અને
# ભાલ નળકાંઠા પ્રયોગ

લેખક
અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# અનુક્રમણિકા


પ્રકાશકીય ............................................ અંબુભાઈ શાહ ........... ૩

**ખંડ પહેલો**

૧. બિહાર આંદોલન : એક ઊંડું ચિંતન ............................................ ૪

જે.પી. ની સંપૂર્ણક્રાંતિની ખોજ ....................... સંતબાલ ................. ૧૦

**ખંડ બીજો**

૧. બિહાર આંદોલન : બન્ને બાજુ વિચારવા જેવું ...... અંબુભાઈ શાહ ......... ૧૨

૨. બિહાર આંદોલન વધુ સ્પષ્ટતા ............................................ ૧૫

૩. જે.પી.ના તાજા નિવેદન પરત્વે ....................... સંતબાલ ................. ૧૭

**ખંડ ત્રીજો**

૧. સંપૂર્ણક્રાંતિ, લોકસમિતિ અને ભાલ નળકાંઠા પ્રયોગ ......................... ૨૧

૨. સંપૂર્ણક્રાંતિ અને સર્વાંગી ક્રાંતિ ............................................ ૨૭

૩. સંગઠનબળ ............................................ ૩૨

૪. અન્યાય પ્રતિકાર અને સત્યાગ્રહ ............................................ ૩૮

૫. સત્યાગ્રહનું બળ ............................................ ૪૪

૬. અધ્યાત્મ અને રાજકારણ ............................................ ૫૨

૭. રાજકારણ અને લોકકારણ ............................................ ૫૭

૮. રાજકારણ, ચૂંટણી અને લોકપ્રતિનિધિત્વ ............................................ ૬૦

૯. લોકલક્ષી અને ગતિશીલ લોકશાહીની દિશા ............................................ ૬૪

૧૦. સંપૂર્ણક્રાંતિ-સર્વાંગીક્રાંતિ - ઉપસંહાર ............................................ ૬૮



❑ પ્રકાશક : મનુ પંડિત,
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૩૮૧૦૪૭.

❑ પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૧૯૯૭.

❑ નકલ : એક હજાર

❑ કિંમત : રૂપિયા પંદર

❑ ટાઈપસેટીંગ : પૂજા લેસર, એ-૨૧૫, બીજે માળ,
બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# પ્રકાશકીય

મુનિશ્રી સંતબાલજીની જૂની ડુપ્લીકેટ લેટરબુકો તથા તેમના વિશ્વવાત્સલ્યમાં લખાયેલા લેખો જોવાનું કામ હમણાં ચાલે છે. અને સને ૧૯૩૭થી ૧૯૮૨ સુધીની ૪૫ વર્ષની લેટરબુકો અને સન ૧૯૪૭થી સન ૧૯૯૭ સુધીના વિશ્વવાત્સલ્યની ફાઈલો શ્રી મણિભાઈએ જતન કરીને સુરક્ષિત રાખી છે.

તે બધું વાંચતાં અનેરો આનંદ તો થાય જ છે, અને વર્તમાન સંદર્ભમાં પણ તેમણે તે વખતે રજૂ કરેલાં મંતવ્યો કેટલાં બધાં પ્રસ્તુત છે તેનો ખ્યાલ તો આવે જ છે. ઉપરાંત મનમાં થાય છે કે, મુનિશ્રીને સાંભળીએ, કે તેમના લખાણોને વાંચીએ તેના કરતાં પણ, તેમના પત્રોને વધુ સારી રીતે સમજી શકાય છે. એમની એક શૈલી એવી છે કે સામી વ્યક્તિએ મુનિશ્રી ઉપરના પત્રમાં લખ્યું હોય તેમાંથી જરૂર ઉતારો લખે અને તેનો પણ જવાબ કે ખુલાસો પત્રમાં કરે.

આ પત્ર-સાહિત્ય અપ્રગટ છે, એમાંથી ઉપયોગી લાગે તે નાની નાની પુસ્તિકારૂપે પ્રગટ કરવાનું સંસ્થાએ નક્કી કર્યું છે. આ પત્ર સાહિત્ય એક સત્યાર્થી પુરુષનું છે જેમનું છેવટનું લક્ષ આત્મકલ્યાણ છે. જે પુરુષે વ્યક્તિગત સાધના સાથે સમાજગત સાધનાની ગાંધીજીની વાતને સમજીને તેનો પ્રયોગ પણ કરેલ છે અને જેમનામાં ભારોભાર સચ્ચાઈ, નિર્ભયતા, સરળતા અને પારદર્શકપણું હતાં તેમના આ અક્ષરદેહને સમાજ સમક્ષ પ્રગટ કરતાં આનંદ થાય છે.

ભૂતકાળની હકીકત-ઈતિહાસ વાગોળવાની દૃષ્ટિએ કે ગૌરવ લેવા જેવી વાત હોય તો પણ ગૌરવગ્રંથી પોષાય તે રીતે તેને લખવાની કે કથવાની જરૂર નથી. પણ ઈતિહાસનો ખાતર તરીકે ઉપયોગ જરૂર થઈ શકે.

બીજી પણ એક વાત છે. આ પુસ્તિકામાં શ્રી વિનોબાજીના ગ્રામદાન કે સર્વોદય આંદોલન અને શ્રી જે. પી.ના સંપૂર્ણક્રાંતિ આંદોલનની પૂર્તિમાં કે એ આંદોલનમાં ખૂટતી કડીરૂપ કાર્યક્રમોના સંકલન-અનુબંધ જોડવાની દૃષ્ટિએ કેટલાંક વિધાનો કર્યાં છે અને કેટલાક નવા કાર્યક્રમો સૂચવ્યા છે.

૨૫-૩૦ વર્ષ પહેલાં પ્રગટ થયેલ આ લેખમાળાના હપતા આજે પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરવા ઉચિત એટલા માટે ગણ્યા છે કે આજે પણ એ વિધાનો અને કાર્યક્રમો આજની પરિસ્થિતિમાં કદાચ વધુ પ્રસ્તુત છે.

નૈતિક ગ્રામસંગઠન, રાજકારણનું શુદ્ધીકરણ અને શુદ્ધિપ્રયોગ – કે જે સ્વરાજ અને લોકશાહીમાં સત્યાગ્રહના નવા સ્વરૂપની શોધનો વિષય છે અને તેમાં પ્રયોગ કરી અનુભવ મેળવી તપોમય પ્રાર્થના અને મૌનનો સમાવેશ કરવામાં આવ્યો છે તે – ને પણ કાર્યક્રમો આપ્યા છે.

આ લેખમાળા વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થયા પછી સર્વ સેવા સંઘના અગ્રણી શ્રી બંગસાહેબ ભાલ નળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિ જોવા આવી ગયા છે. ત્યારપછી મુનિશ્રી સંતબાલજીને ચિંચણીમાં મળી ગયા છે અને અમારી છાપ એવી છે કે, ભાલ નળકાંઠા પ્રયોગ ગાંધીજીની વાતને ગતિશીલ રાખી શકે તેમ છે, તેવું તેમને લાગ્યું છે.

સર્વોદય જગતના અને રાજકીય ક્ષેત્રના વિચારવંત અગ્રણીઓ આ પુસ્તિકાને વાંચશે, ચિંતવશે અને એ ધોરણે કામ કરશે તો સમાજ પરિવર્તનની દિશામાં આગેકૂચ થશે એવી આશા છે.

મહાવીરનગર, **અંબુભાઈ શાહ**

તા. ૧૪-૧૧-૯૭, કારતક સુદ ૧૫, સંવત ૧૯૫૪

# ખંડ પહેલો

## બિહાર-આંદોલન : એક ઊંડું ચિંતન

**: ૧ :**

છાપાં ઉપરાંત હમણાં હમણાં અહીંના ટપાલ-પત્રોમાં બિહાર-આંદોલનની વાતો ઠીક ઠીક આવ્યાં કરતી હોય છે. તેમાં બન્ને બાજુના મંતવ્યો જોવા મળે છે :

નેમિમુનિ જણાવે છે :

'भूदान के ताजे अंक में श्री जयप्रकाश बाबू के कार्य को प्रोत्साहन देने हेतु; नारायण देसाई ने लिखा है आवाह्न किया है । बिहार पहले ही पिछडा और राज्यव्यवस्था में अस्थिर प्रांत रहा है । फिर यह जाने-अजाने कोशिश नहीं । नेतृत्व का प्रसिद्धि का सपना, समाजवादियों का षडयंत्र, प्रतिक्रियावादियों और असंतुष्टों का कुचक्र आदि तो इस आंदोलन के पीछे नहीं है ? मुझे कुछ समज में नहीं आता कि क्या और कैसे इसका समर्थन किया जाय ? जिसके सामने चित्र स्पष्ट नहीं, स्वयं भी कोई स्पष्ट मार्गदर्शन, भविष्य के बारे में नहीं कर सकते । उस व्यक्ति के द्वारा संचालित आंदोलन सूत्र 'विधानसभा भंग करो' को कैसे माना जाय ? आप, इस विषय में मंथन करके अपने स्पष्ट और निष्पक्ष विचार 'विश्ववात्सल्य' तथा अन्य पत्रों में देंगे तो शायद विचारों का धुंध (कोहरा) छंट जाय, और विवेक सूर्य का प्रकाश स्पष्ट हो जाय ।.....'

૧-૮-૭૪ના પ્રબુદ્ધ જીવનમાં તંત્રીશ્રી પોતાની 'શ્રી જયપ્રકાશનું સર્વોદયી રાજકારણ' એ નોંધમાં લખે છે :

*"ખરી રીતે જયપ્રકાશે પૂરજોશથી રાજકારણમાં ઝંપલાવ્યું છે. જે તેમનું અસલી સ્વરૂપ છે. માર્ક્સથી શરૂ કરી ગાંધીમાં આવ્યા. પછી વિનોબાને ભૂદાન માટે જીવનદાન આપ્યું. હવે ફરીથી મૂળ સ્થાને આવે છે..... વિદ્યાર્થી-આંદોલનથી ક્યાંય રચનાત્મક પરિણામ આવ્યું હોય તેવું જાણ્યું નથી. વિદ્યાર્થી-શક્તિ ઝંઝાવાત છે. ભલભલા સત્તાધીશોને હલબલાવી નાખે... જયપ્રકાશના ટેકેદારો વિનોબાને સરકારી સંત કહી બિરદાવે છે. હકીકતમાં શાસકપક્ષ અને જયપ્રકાશ વચ્ચેનો આ એક મોટો સંઘર્ષ છે... આ આંદોલનનું ખરું બળ સર્વોદય કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ રહેશે... આવું આંદોલન કરવાનો એમને પૂરો અધિકાર છે. પણ આ આંદોલનને જેઓ ભૂલ ભરેલું માનતા હોય, તેવાઓ તેનો વિરોધ કરે અને સરકાર તેનો પ્રતીકાર કરે તો ફરિયાદ કરવા જેવું નથી.... જયપ્રકાશ કહે છે :*

*હૃદયપલટામાં તેમને શ્રદ્ધા નથી રહી. આંદોલનના દબાણ વિના વર્તમાન પરિસ્થિતિ પલટાવી શકાય તેમ નથી. આ આંદોલનમાં 'ના કર'ની લડત છે. સરકારને સ્થંભિત (પેરેલાઈઝ) કરવી છે... ત્યાર પછી શું ? તે અત્યારે વિચારવાનું નથી... તે (તેઓ) કહે છે : બધા સવાલોના મારી પાસે અત્યારે જવાબ નથી..."*

'બિહાર આંદોલનની નોંધો' એ મથાળાં નીચે વેડછીનું માસિક પ્રકાશન ઓગસ્ટનું વટવૃક્ષ શ્રી જુગતરામભાઈના શબ્દોમાં બોલે છે :

"... વિનોબાજીએ સૌને (સર્વોદયી કાર્યકરોને) સમજાવ્યા કે જયપ્રકાશ; નિઃસ્વાર્થ અને પ્રામાણિક કાર્યકર્તા હોઈ પોતાના કાર્યમાં ભૂલ જોશે તો તરત પાછા ફરશે જ. તેથી એમને સાચું લાગે તે કરવા દેવું જોઈએ." સંત વિનોબાની પોતાની ભૂમિકા શી છે ? તે અંગે લખે છે : "વિનોબાજીના આ સંબંધમાં અતિ સંક્ષિપ્ત એવા ઉદ્‌ગારો સાંભળવામાં આવ્યા છે, તે પ્રમાણે દેશના આજકાલના ભ્રષ્ટાચાર આદિ રોગો અતિ ભયંકર છે અને તેનો ઈલાજ કરવો જ જોઈએ. પરંતુ આ ઈલાજ શ્રી જયપ્રકાશ નારાયણ કરે છે, તેવી આંદોલન પદ્ધતિનો નહીં પણ રચનાત્મક સ્વરૂપનો હોવો જોઈએ."

જો કે વટવૃક્ષની આ નોંધો શ્રી નારાયણ દેસાઈના પત્રોદ્‌ગારો ટાંકી છેવટે આટલું કહી દે છે : "... કેટલાક સર્વોદય કાર્યકર્તાઓને... (આ આંદોલન પ્રત્યે સંશય હોય તોયે) તેમણે સંતવિનોબાજીની સલાહ પ્રમાણે વર્તવું ઘટે છે. એટલે કે ભલે તેઓ જયપ્રકાશના આંદોલનમાં ભળે નહીં. પણ તેમણે પૂરી શ્રદ્ધા રાખીને એમને (જયપ્રકાશ બાબુને) એમની રીતે કામ કરવા દેવું જોઈએ, અને તેની ટીકા કરવી ન જોઈએ..."

૨૬-૭-૭૪ના ભૂમિપુત્રમાં નિર્મળાબહેન દેશપાંડેનું વર્ધાવકતવ્ય આવ્યું છેઃ

"... બિહારનું આંદોલન આપણને ઊલટી દિશામાં લઈ જાય છે. અધ્યાત્મ જેનો પાયો છે, એવી અહિંસક ક્રાન્તિ માટે આપણે કટિબદ્ધ છીએ પણ આપણે ક્યાં હતા ? અને ક્યાં પહોંચ્યા છીએ !... સામેવાળાને સમજાવીને તેનું હૃદય ખોલવું છે, તેને બદલે આજે ઘેરાવ સુધી પહોંચી ગયા ? ... બિહારમાં આપે જે રસ્તો લીધો છે, તે આપણને મૂળભૂત ભૂમિકાથી દૂર લઈ જશે... શક્તિનું અધિષ્ઠાન પટણા - દિલ્હીમાં નહીં, દેહાતમાં છે... ત્રેવીસ વર્ષમાં ખાસ કાંઈ ન થયું એટલે આ કરીએ, એ તો પરાભૂતમાનસનું લક્ષણ છે. ક્રાન્તિકારી માટે તે શોભાસ્પદ નથી. મંજિલ દૂર છે, પણ જનતાએ આપણને સાથ નથી આપ્યો, એમ કહેવું બરાબર નથી... આ લોકનીતિની નહીં, રાજનીતિની લાઈન છે... સંઘર્ષનું માનસ તો દરેક ગામડાંને તોડશે..."
(૧૯૭૪)

તા. ૧-૮-૭૪ની પ્રભાતે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢથી એક જૈનગૃહસ્થ લખે છે : "આજીવન અહીં રહેવા ઈચ્છા છે. છતાં બિહારમાં જઈ શ્રી જયપ્રકાશજીને મદદ કરવા વિચાર થયો છે... આપની શું સલાહ છે ?.... બિહારમાં જવાની તીવ્ર ઈચ્છા થઈ છે. એટલે આપના માર્ગદર્શનની ઈચ્છા છે..."

પ્રવૃત્તિ માત્ર (પછી ભલે તે શુભ હોય, તોય તે)નો વિરોધ કરનાર વાતાવરણમાંથી આ પત્ર આવ્યો છે. તે ખૂબીની વાત છે. બિહારના આંદોલને લોખંડી પડદામાંય પ્રવેશ કર્યો, તે તેની આકર્ષકતા સૂચવી જાય છે.

પરંતુ સવાલ એ છે કે આમાં સંત વિનોબાજીના વિચારો શા માટે જુદા પડે છે ? નિર્મલાબહેન જેવાં શ્રી જયપ્રકાશના ગુણપ્રશંસિકાબહેન બિહાર-આંદોલનનો જડબાતોડ વિરોધ શા માટે કરે છે ? નેમિમુનિ જેવા ભા.ન. પ્રયોગ અન્વયે વર્ષોથી પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા હોમનારા ત્યાગી-તપસ્વી જૈન મુનિ શા માટે સ્પષ્ટ માર્ગદર્શનના શ્રી જયપ્રકાશજીના અભાવ પ્રત્યે શંકા અને ખેદ દર્શાવે છે ? તાજેતરમાં મુંબઈ તેઓ આવેલા ત્યારે તેમનું ભાષણ સાંભળવા ગયેલાં એક જિજ્ઞાસુબહેન તે નિમિત્તે શા માટે વિમાસણમાં પડે છે ? તે જ રીતે જુગતરામભાઈ જેવા તપસ્વી સેવક શ્રી જયપ્રકાશજીનો પ્રયોગ કરવા દેવાની અપીલ શા માટે કરે છે ? ગુજરાતના સર્વોચ્ચ લોકસેવક શ્રી રવિશંકર મહારાજ અંતરની શુભેચ્છાઓ શા માટે (બિહારના આંદોલનને) આપે છે ? ટૂંકમાં આ પ્રશ્નમાં બંને પાસાંઓ રહેલાં છે. એટલે જ એ બિહાર-આંદોલન ઊંડો વિચાર માગે છે ! અહીં તે માટેની થોડી ચિંતન સામગ્રી મૂકું :

"... આપણા દેશને સ્વતંત્રતા સાંપડી પણ એ સન ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે રાજકીય ક્ષેત્રે સુધ્ધાં અધૂરી સ્વતંત્રતા જ સાંપડી ! જેથી શુદ્ધ રાજ્યસંસ્થા કૉંગ્રેસને જ સત્તા પર આવીને ચીટકી રહેવું પડ્યું. ગાંધીજી ગયા પછી હવે સમાજગતવિભૂતિનો કાળ આવ્યો છે. કારણ કે સમાજગત સાધનાની શરૂઆત આ કાળમાં ગાંધીજી પછીથી જ થઈ છે. આવા કાળમાં દરેકે પોત પોતાની ફરજો સંસ્થાગત રીતે બજાવવાની હોય છે. તે બજાવવા માટે સૌથી પહેલાં રચનાત્મક કાર્યકરોની સંસ્થાઓના સંકલનથી નીપજેલા સર્વ સેવાસંઘે લોકસેવક સંઘની ફરજ એવી રીતે બજાવવાની હતી કે જેથી જનતાનો અંકુશ કૉંગ્રેસ ઉપર અને કૉંગ્રેસનો અંકુશ રાજ્યતંત્ર પર પૂરેપૂરો રહે ! આ માટે નીચેથી શ્રમલક્ષી ખેડૂતો મુખ્ય રહે, તેવાં ગ્રામ્ય સંગઠનો ઘટકવાર થઈ જિલ્લાવાર નૈતિક રીતે મજબૂત બનાવી તેની અસર પ્રાંતો અને મધ્યસ્થ ઉપર પાડી હોત તો આજનો વ્યાપક ભ્રષ્ટાચાર પણ ન

હોત અને આટલી પારાવાર મોંઘારત પણ ન હોત !!! ઉપરાંત સર્વત્ર ગામડાનું નૈતિક પ્રતિનિધિત્વ મઘમઘતું હોત ! સહકારી પ્રવૃત્તિ અને પંચાયતો જો આવા ઘડાયેલાં અને ઘડાનારા ગામડાંના તાબામાં હોત તો નવા ત્યાગ પ્રિય કાર્યકર્તાઓની જંગી હરોળ ગામડાંની સ્થાનિક સપાટીએ સહકારી પ્રવૃત્તિમાંથી જ ઊભી થઈ શકી હોત. તેમજ લવાદી જેવી સરળ ગ્રામ્ય ન્યાય પદ્ધતિથી અનિષ્ટોનું નિરાકરણ થઈ ચૂક્યું હોત. અને ગ્રામ સ્વરાજ્ય સદ્ધર પાયા ઉપર રોપાઈ ચૂક્યું હોત !

આજે હવે જો સ્વરાજ્ય આવ્યા પછી સત્તાવીસ વર્ષ પછી આને દેશવ્યાપી કરવાની વાત આવી છે, તો ધીરજ રાખીને ક્રમપૂર્વક કામ લેવું પડશે, બિહાર આંદોલનમાં જે સર્વોદયી કાર્યકરો ભળ્યા છે અથવા જેઓ જેઓ આ બિહાર-આંદોલનમાં ભળવા માગે છે, તેમણે માત્ર આંધળુકિયા ન કરતાં, આ બધું વિચારવું પડશે. જો શ્રી જયપ્રકાશજી વિદ્યાર્થી મારફત આ આંદોલન ચલાવવા માગતા હોય તો સત્ય, અહિંસા અને આત્મસંયમની જે મર્યાદા સંત વિનોબાજીએ સૂચવી છે તે વિદ્યાર્થીઓ નહીં સાચવી શકે. દુનિયામાં જ્યાં વિદ્યાર્થીઓ મોખરે રહ્યા છે, ત્યાં આમ જ થયું છે. ગાંધીજીના ગુજરાતમાં પણ સન ૧૯૫૬-૧૯૫૮-૧૯૬૯ અને છેલ્લે છેલ્લે ૧૯૭૪માં પણ નવનિર્માણ બાબત આ જ આપણે અનુભવ્યું છે. વિદ્યાર્થીઓનું આજનું શિક્ષણ નકામું નીવડ્યું છે. તેથી તેઓમાં અજંપો છે, એ ખરું કારણ કે આપણા ગો-કૃષિ-ગ્રામોદ્યોગ પ્રધાન દેશને અનુરૂપ બનાવવા માટે શિક્ષણનું પાઠ્યક્રમ સહિત આખું તંત્ર; સાચા ગ્રામલક્ષી સેવકોના હાથમાં સોપાવું જોઈએ અને સેવકોએ તે જવાબદારી (ગામડાંઓના જ) સુયોગ્ય શિક્ષકો તૈયાર કરાવી-કરાવી પાર પાડવી જોઈએ. પણ એવું ન થાય ત્યાં લગી પણ આંદોલનમાં વિદ્યાર્થીઓને જોડી શકાય નહીં. કારણ કે હવે દેશમાં સ્વરાજ્ય છે. વળી સદ્‌ભાગ્યે તે કૉંગ્રેસ સંચાલિત હોવાથી જેમ દેશમાં અને દુનિયામાં એણે રાજકીય ક્ષેત્રનાં મૂલ્યો સાચવીને પ્રચાર્યાં છે, તેમ સેવકો અને ગામડાંના હાથમાં ક્રમશઃ શિક્ષણાલયો, સહકારી પ્રવૃત્તિ અને પંચાયતોને મૂકવામાં ગાંધી-વારસદાર તરીકે એ જ કૉંગ્રેસ જરૂર ભાગ ભજવી શકે. માત્ર તેને વારંવાર ટકોરતા રહેવું પડે ! કારણ કે રાજ્યતંત્ર માટે તેને સાંપડેલા વહીવટીતંત્રના સડેલા માળખામાંથી તે ખોટે રવાડે ચડી જાય અથવા ............ છોડે નહીં ત્યાં તેને આંચકા આપવા જ પડે. પણ તે કૉંગ્રેસનું આત્મતત્ત્વ અને ભારતીય લોકશાહીનું પ્રાણતત્ત્વ સાચવીને જ આપવા જોઈએ. તેને બદલે ગુજરાતમાં વિદ્યાર્થીઓના આંદોલનને એકી અવાજે પ્રથમ પ્રથમ સૌએ ટેકો આપી પાછળથી વિધાનસભા-ભંગ થતાં વાર જ ન ધણિયાતની માફક છોડી

દીધું. તેમ બિહાર-આંદોલનનું ન થવું જોઈએ. જે ભાઈ બિહાર આંદોલનને મદદ કરવા જવા અંગે મારી સલાહ માગે છે, તેમને મારી ભલામણ એ જ છે કે તેઓ આ બધું બિહારમાં જઈ શ્રી જયપ્રકાશબાબૂને ગળે ઊતરાવી શકે તો જ જવું સલાહ ભરેલું છે. ખરી રીતે તો શ્રી જયપ્રકાશજી, સંત વિનોબાજી, બહેન ઈંદિરાજી અને પ્રિય મોરારજીભાઈ એ ચારેયને ભેગાં કરી આપવાનું કામ એજ બધાય આંદોલનોની સફળતાનું શિરટોચ અને અહિંસક આંદોલન લેખાશે. આજે જોડવાનું કામ જ સૌથી મહત્ત્વનું છે. નહીં કે તોડી નાખવાનું ! નહીં તો નિર્મળાબહેન દેશપાંડેએ ઉપર કહ્યું છે, તેમ ખોટા સંઘર્ષના માનસને લીધે જેના ઉપર અહિંસક ક્રાંતિનો પાયો છે, તે ગામડું પોતે જ તૂટી પડશે. સંત વિનોબાજીના નીચેના શબ્દો ઉપલા સંદર્ભમાં વિચારવાથી તેમનું પોતાનું વલણ તો સાફ થઈ જાય છે :

"એમને (સંત વિનોબા) કહ્યું : જે. પી. ના આંદોલનને આશીર્વાદ આપો. તો બોલ્યા : 'એ સફળ થવા લાયક હોય તો સફળ થાઓ અને નિષ્ફળ થવા લાયક હોય, તો નિષ્ફળ થાઓ !" (જુઓ તા. ૨૬-૯-૭૪ ભૂમિપુત્ર પૃષ્ટ ૩૪.)

**'સંતબાલ'**

## : ૨ :

ભાલ નળકાંઠા પ્રયોગમાંના ભાલ નળકાંઠા ખેડૂતમંડળના એક માજી કાર્યકરે ગઈ કાલે અહીં વાત-વાતમાં કહ્યું :

"સુરેન્દ્રનગરમાં મળેલી ઝાલાવાડી સ્થા. જૈન સભામાં મારે સૌનું ધ્યાન એ દૃષ્ટિએ દોરવું હતું-અને એમાં મેં કેટલાક ત્યાં આવેલા પ્રતિનિધિભાઈઓ સાથે વાતો કરી તો તેઓ સંમત થયા-કે ઠરાવ એવા અને એટલા જ થાય ભલે ઓછા થાય પણ તે અમલમાં આવે ! પ્રસંગોપાત્ત દેશના સમસ્ત જૈન સમાજના અને ઝાલાવાડના આગેવાન ભાઈશ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે એક સંદર્ભમાં આ મતલબનું કહ્યું : 'સરકાર પાસે દંડશક્તિ હોય છે, તેથી તે કાનૂનના અમલ માટે તેનો ઉપયોગ કરી શકે છે; સમાજ પાસે તે નથી.

ત્યારે મેં કહ્યું : ના, ત્યાં પણ નૈતિક-સમાજિક દબાણથી કામ લઈ શકાય છે !" કારણ કે આ માજી કાર્યકરને ભાલ નળકાંઠા પ્રયોગમાંના શુદ્ધિપ્રયોગનો પણ સારી પેઠે જાત અનુભવ છે અને તેનાં સુખદ સફળ પરિણામો એમણે જોયાં-જાણ્યાં છે ! મહાગુજરાત જનતા પરિષદ વખતનાં અમદાવાદનાં તોફાનોમાં ગયેલી ખેડૂત ટુકડીઓ તથા નારી ટુકડીઓનો પણ ખ્યાલ છે, એટલું જ નહીં માથું મૂકીને શાન્તિ

સેનાની જે ટુકડી ગયેલી તેમાં જયન્તીલાલ ખુ. શાહ દંપતી, દુલેરાય માટલિયા વગેરે સાથે તેઓ પણ શામિલ થયેલા. મતલબ ભાઈશ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના માટે આ નવી વાત છે. તેમના 'ધર્મપુરુષ ગાંધીજી' એ મથાળે 'અવગાહન' નામના પુસ્તકના લેખ (જે લેખો 'પ્રબુદ્ધજીવન'માંથી લેવાયા છે, તે પૈકી)માં પૃષ્ઠ ૨૦૭માં લખાયું છે : "... દુનિયાના ઈતિહાસમાં આ સર્વથા નવો માર્ગ છે. ગાંધીમાર્ગને અનુસરવાનો દાવો કરતી વ્યક્તિમાં હાડોહાડ ગાંધીની ધર્મભાવના નહીં હોય તો એ માર્ગનું અનુસરણ કરી શકશે નહીં !" એવા જ તેના 'ગાંધીજયંતી' લેખમાં પૃ. ૨૧૨-૨૧૩માં પણ એમણે કહ્યું છે : "સહન કરીને અન્યાય સામે... સત્યાગ્રહ અને અસહકારથી અહિંસક રીતે અન્યાયનો સામનો થઈ શકે અને કરવો જોઈએ એ શોધ અને માર્ગ ગાંધીજીની જગતને સૌથી મહાન દેન છે. તેમ કરવા જતાં જીવનની કઠોર વાસ્તવિકતાનો અતિવિષમ અનુભવ કરવો પડે છે... સંત પરંપરામાં ધર્મનો ઉપદેશ છે, પણ સામાજિક ક્રાન્તિ નથી..."

આ લેખોનાં વાક્યો બતાવે છે કે સંત પરંપરા કરતાં આ નવો છતાં આવકારદાયક માર્ગ છે. ત્યારે તેમાં પેલા કાર્યકરને મન શુદ્ધિપ્રયોગનો માર્ગ; ગાંધીમાર્ગમાં જ એક કદમ આગળ જતો સત્યાગ્રહનો જ માર્ગ છે. એક સ્થળે જુગતરામભાઈ દવેએ પણ શુદ્ધિપ્રયોગને "આ યુગનો આ સત્યાગ્રહ માર્ગ છે, એવું પ્રતિપાદન કર્યું જ હતું. કાકા કાલેલકરે પણ સાથી નેમિમુનિએ લખેલા "ધર્મમય સમાજ રચના કા પ્રયોગ" પુસ્તકની પ્રસ્તાવનામાં એ બાબતમાં કાંઈક વધુ પ્રકાશ પાડતાં જણાવ્યું છે :

સ્વામી વિવેકાનંદ જૈસે 'રાષ્ટ્રાભિમાની સંત'ને હી સર્વપ્રથમ કુછ પ્રયોગ કરનેકી હિમ્મત કી ઔર રામકૃષ્ણમિશન કે દ્વારા અનેક સેવાશ્રમ કી સ્થાપના કી... હમારે લિએ ઈસયુગકી વહ નયી હી પ્રવૃત્તિ થી આજ વહ અચ્છી તરહ પનપી હૈ ઉસકી સેવા કી સુગંધી દેશદેશાંતરમેં ફૈલી હુઈ હૈ, ઉસે હમ સંસ્થાગત પ્રવૃત્તિ કહ સકતે હૈં. સમાજ પર ઐસી સંસ્થા કા પ્રભાવ અવશ્ય હોતા હૈ લેકિન પ્રવૃત્તિ તો સંસ્થા કે કાર્યતક હી સીમિત રહતી હૈ. પુરાને સાધુ ભી સંસ્થાગત પ્રવૃત્તિયાં નહીં કરતે થે સો નહીં, લેકિન... નિવૃત્તિપરાયણોંકી વહ સામુદાયિક પ્રવૃત્તિ હોતી થી... લેકિન કિસી ગાંવ મેં, કસ્બેમેં, યા શહરોમેં રહકર કેવલ ઉપદેશ કે દ્વારા નહીં કિન્તુ દિશા-દર્શન કી પ્રેરણા દ્વારા સમસ્ત સમાજ કે જીવનક્રમમેં પરિવર્તન યા ક્રાન્તિ લાને કે પ્રયત્ન બહુત હી કમ હુએ હૈં ઈસી લિએ મુનિ સંતબાલજીકી વાત્સલ્યપૂર્ણ પ્રવૃત્તિકી ઔર એકદમ ધ્યાન આકર્ષિત હોતા હૈ. ઉનકે ઈસ તરહકે સામાજિક

પ્રયોગોંમેં શરીક હોકર કાફી અનુભવ લેને કે બાદ મુનિ નેમિચંદ્રજીને યુ.પી.કી ઔર ભી વૈસે હી પ્રયોગ શુરૂ કિયા હૈ... ઈસ ગ્રંથ પરસે ઉસકા કાફી ખ્યાલ હો સકા હૈ..."

## શ્રી જે. પી.ની સંપૂર્ણક્રાંતિની ખોજ

અહીં આપણે સંતવિનોબા; જે રીતે રાજકારણથી અલગ રહેવા છતાં રાજકારણ ઉપર જનતાકારણનો પ્રભાવ પડશે એમ માનીને રાજકારણથી પોતે જેમ દૂર રહ્યા, તેમ 'સર્વસેવાસંઘ' સંસ્થાને પણ દૂર રાખી. તેવામાં શ્રી જયપ્રકાશ નારાયણે યુવાનો દ્વારા રાજકારણને લોકશાહીની દિશાથી ચાતરતાં રોકવા માટે પ્રયત્ન કર્યો. એવામાં જ ભારત લોકસભાની ચૂંટણી આવી પડી અને શ્રી જે.પી.ની વારંવારની સૂચનાને માન્ય રાખી ચારપક્ષોની 'જનતાપક્ષ' રૂપે એકતા થઈ. કટોકટી પછી ઈન્દિરાબહેનના નેતૃત્વવાળી કૉંગ્રેસને ભૂંડો પરાજય આપી ભારતીય જનતાએ જનતાપક્ષને ચૂંટ્યો અને સર્વાનુમતે પ્રિય મોરારજીભાઈ જેવા સાધક વડાપ્રધાનપદે આવ્યા. જનતાપક્ષ; આંતરરાષ્ટ્રીય રજનીતિ તો અક્ષરશઃ શાસક કૉંગ્રેસની જ સ્વીકારીને અત્યાર લગી ચાલ્યો છે. આવા જનતાપક્ષ તરફ લોકશાહી રક્ષામાં મદદગાર રાજ્ય સંસ્થા તરીકે શ્રી જે. પી.નો પક્ષપાત હોય એ સમજી શકાય છે !

પરંતુ "ભૂમિપુત્ર' નો વધારો" એ નામના લખાણમાં છેલ્લે જણાવ્યું છે, તેવું જ શ્રી જે. પી.નું છે :

"સરકારનાં ફેરફાર ઉપરાંત તેઓ તો ઈચ્છે છે કે 'આપણા બધાના વ્યક્તિગત જીવનમાંયે પરિવર્તન આવે, દેશ આખામાં પરિવર્તન આવે ! સમાજના દરેક ક્ષેત્રમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થાય. માથાભારે તત્ત્વોની જોહુકમી નાબૂદ થાય. લોકસમિતિ રચાય અને લોકસમિતિ દ્વારા ગરીબ, મજૂર, હરિજન વગેરેની સ્થિતિ સુધરે. લોકો તેમના ચૂંટેલા પ્રતિનિધિ ઉપર અંકુશ રાખે. સમાજમાંથી ઊંચનીચ, દહેજ-વાંકડો-પૈઠણ જેવા કુરિવાજો નાબૂદ થાય ! જયપ્રકાશજીના આ સંપૂર્ણક્રાંતિના કામમાં આપણે સહુ તન-મન-ધનથી આપણો યથાશક્તિ ફાળો આપી રહીએ.

ખરેખર ભાલ નળકાંઠા પ્રયોગમાં આ બધી બાબતો છે. ઉપરાંત અવગાહન પૃ. ૨૦૪માં લખ્યું છે તેમ અહિંસા અને પ્રેમના પાયા ઉપર તેની (સમાજની) રચના કરવી આવી ક્રાન્તિ પણ એમાં છે એટલું જ નહીં બલકે એને લગતા સંપૂર્ણ એવા પ્રયોગોય થયા છે. હા, ભારત દ્વારા જગકલ્યાણ કરવાનું હોવાથી લોકશાહી જ માત્ર નહીં, કિંતુ લોકલક્ષી લોકશાહી અને ગરીબી નિવારણ દેશમાં અને દુનિયામાં

લાવવાનું છે. ઉપરાંત શિક્ષણ સંસ્કાર માટે શ્રમાનુબંધવાળી નઈ-તાલીમ તથા સસ્તી સ્વાસ્થ્ય પદ્ધતિ અને સસ્તાં સલામતી-ન્યાય પણ લાવવાનાં છે. આ માટે વિકેંદ્રિત રાજ્યવ્યવસ્થા અને વેકંદ્રિત અર્થવ્યવસ્થા જોઈશે ! જડબેસલાક મૂડીવાદને નાથવા લોકપ્રતિનિધિત્વવાળી સહકારી પ્રવૃત્તિ પણ વિસ્તારવી જોઈશે. આ અને આવું બધુંય ભાલ નળકાંઠા પ્રયોગોનું પણ અનુસંધાન લીધું જ છે. તે બધાં કારણે ગાંધી દ્વારા ઘડાયેલી રાજ્યસંસ્થા કૉંગ્રેસનું સુદ્ધાં વિના શરતે રાષ્ટ્રહિત અને સત્ય અહિંસાના સંદર્ભમાં અનુસંધાન પણ સાથોસાથ લીધું છે જ.

## ભાલ નળકાંઠા પ્રયોગ રસિક સજ્જનના પત્રમાંથી

તેથી જેમ આ અગ્રલેખની શરૂઆત એક માજી કાર્યકરની પ્રત્યક્ષ વાત પરથી અહીં લીધી તેમ આ અગ્રલેખના અતંમાં એક ભા.ન. પ્રયોગના રસિયા સજ્જનના તાજા પત્રમાંના થોડા શબ્દો જોઈએ :

"જો લોકશાહીને લોકશાહી તરીકે કામ કરવા દેવી હોય તો સરકારની કામગીરીનું, છેક ગ્રામ સપાટી સુધી વિકેંદ્રિકરણ થવું જોઈએ...' આવું અત્યારે મોરારજીભાઈ બોલે છે, પણ પોતાના જ ગુજરાત રાજ્યમાં પોતે જ... સ્વરાજ્ય આવ્યું ત્યારથી સર્વોચ્ચ હતા... (છતાં) ... શ્રીમન્ નારાયણ કૉંગ્રેસ મહામંત્રી હતા, ત્યારે કૉંગ્રેસે... આર્થિક સામાજિક ક્ષેત્રે... ન પડવું જોઈએ, એવો ઠરાવ કરેલ તો ય ગુજરાતે સ્વીકાર ન કર્યો... આ જ નવલું આશ્ચર્ય છે'... યશવંત શુકલ, ઈશ્વર પેટલીકર... આવા મહાનુભાવો ગુજરાતમાં પડ્યા છે... (એમણે)... પણ ખરેખર અદ્‌ભુત આપણી (વાતની) તરફેણ કરી છે. હું તો વાંચી વાંચીને હરખાયા જ કરું છું..." જે વાતો પહેલાં ગળે નહોતી ઊતરતી, તે 'ભાલનળકાંઠા પ્રયોગ'ની વાત ગુજરાતમાં અને દેશમાં હવે વિચારાવા લાગી છે, એ જ બતાવી આપે છે કે સર્વાંગ સંપૂર્ણક્રાંતિવાળી ધર્મક્રાન્તિ આખરે થવાની અને આ દેશના અહિંસાથી ખેડાયેલ ગુજરાતથી જ થવાની તે નક્કી છે.

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૯-૧૯૭૪) 'સંતબાલ'

# ખંડ બીજો

## ૧ બિહાર આંદોલન : બન્ને બાજુ વિચારવા જેવું

તા. ૧૬ ઓક્ટોબર 'વિશ્વવાત્સલ્ય'નો લોકશાહી માટે ચિંતાજનક લક્ષણ' લેખ વાંચીને એક મિત્રે કહ્યું : આ લેખ બિહાર આંદોલનને નજર સામે રાખીને લખવામાં આવ્યો છે એમ મારું માનવું છે. એક ગામના સરપંચની ચૂંટણીનો કાલ્પનિક દાખલો ટાંકવાને બદલે બિહાર આંદોલનને કેન્દ્રમાં રાખીને જ લેખ લખ્યો હોત તો ?"

આ મિત્ર સાથે થયેલી ચર્ચાને જ અહીં લેખરૂપે આપી દઉં.

સરપંચની ચૂંટણીનો દાખલો કાલ્પનિક નથી. તાજો જ બનેલો પ્રસંગ છે. સંભવ છે કે એની વિગતમાં અહીં તહીં થોડો ફેરફાર હોઈ શકે. લેખ લખવાનો વિચાર એ પ્રસંગ જાણીને થયો. એટલે લેખના કેન્દ્રમાં તો બનેલો એ પ્રસંગ જ છે. મારે કહેવાનું હતું તે એ પ્રસંગ નિમિત્તે લખ્યું. એ વાત સાચી કે બિહાર આંદોલનની પરિસ્થિતિ અને સંજોગો સાથે એ બંધ બેસતું જણાય છે.

આટલી સ્પષ્ટતા એ લેખ વિષે. હવે બિહાર આંદોલન અંગે.

સમાજ પરિવર્તન માટે 'હૃદયપલટા'નો એક છેડો પકડીને ૨૩ વર્ષ સુધી અનેક કાર્યક્રમો સર્વોદય આંદોલને આપ્યા. તેમાંથી અસરકારકતા પેદા થતી નથી તેવું સમજાયા પછી હવે, સમાજપરિવર્તન માટે બિહાર આંદોલનમાં 'સત્તાપલટા'નો તદ્દન બીજો જ છેડો પકડવામાં આવ્યો છે.

નમ્રપણે કહીશ કે હૃદયપલટાના કાર્યક્રમો એકાંગી હતા. અને આ સત્તાપલટાના કાર્યક્રમો પણ એકાંગી જ છે. ભૂદાન, સાધનદાન, સંપત્તિદાન, ગ્રામદાન, જીવનદાન, કાંચનમુક્તિ, સંસ્થામુક્તિ, સર્વોદયપાત્ર, શાંતિસેના એમ અનેકાનેક કાર્યક્રમો મારફત આંદોલન ચાલ્યું. સમાજની ખરાબીઓનું મૂળ માનવીનું મન છે. માણસ બદલો દુનિયા આપોઆપ બદલાઈ જશે એમ સમજીને આંદોલન ચાલ્યું.

કોઈ એમ નહિ કહી શકે કે આ કાર્યક્રમો પાછળ ઓછી શક્તિ કે ઓછો સમય ખર્ચવામાં આવ્યો છે. દેશના સર્વોચ્ચ, સંદેશો લઈને ઘૂમી વળ્યા છે. એની અસર નથી થઈ એમ પણ નથી. ભૂદાનમાં લાખ્ખો એકર જમીન મળી છે. હજારો ગ્રામદાન થયાં છે. બિહાર તો આખું ગ્રામદાની હવાની અસર નીચે આવી ગયું છે.

રાષ્ટ્રના મહાન સેવક શ્રી જયપ્રકાશજીએ જીવનદાન આપ્યું. અને બિહારમાં પૂરી શક્તિ ખર્ચીને ઘનિષ્ટ ઝુંબેશ અને પુષ્ટિકાર્યો મારફત નીચેથી લોકશક્તિ જગાડવાના પ્રયત્નો કર્યા.

સર્વોદય આંદોલનના દાવા મુજબ તો આની અસર બિહારના સમાજકારણ, અર્થકારણ અને રાજકારણમાં થવી જોઈએ. તો પછી બિહારમાં આટલો બધો ભ્રષ્ટાચાર ફાલ્યો શાથી ? ભ્રષ્ટાચાર સંપૂર્ણ નાબૂદ ન થાય એ સમજી શકાય. પણ તેને આટલો બધો વકરવાનો મોકો ગ્રામદાની બિહારમાં શાથી મળ્યો ?

પહેલાં કહેવાતું : 'માણસ બદલો.' સમાજ બદલાશે.

હવે ! 'સત્તા બદલો તો જ સમાજ બદલાશે' એમ કહેવાનું છે ?

કહેવાય તો છે જ કે તમામ ખરાબીઓનું મૂળ ભ્રષ્ટ રાજકારણ છે. ભ્રષ્ટ રાજકારણ માટે સત્તા પરનો કૉંગ્રેસ પક્ષ જવાબદાર છે. અને કૉંગ્રેસ પક્ષમાં ઈંદિરાબેન સર્વેસર્વા જેવાં બની બેઠાં છે. એટલે તેમાંથી બિહાર આંદોલનનું તાત્કાલિન લક્ષ બિહારની કૉંગ્રેસ સરકારનું રાજીનામું, બિહાર ધારાસભાનું વિસર્જન અને બીજા રાજ્યોમાં આંદોલન વિસ્તારતા જઈ છેવટે કેન્દ્રમાં પણ આ જ પરિસ્થિતિ પેદા કરવી. એક વખત સત્તાપલટો થવા દ્યો.

કહેવાય છે ખરું કે માત્ર સત્તા બદલવાથી તો નહિ ચાલે, બીજું ઘણું બધું બદલવું જોઈશે. પણ સહુ પ્રથમ મૂળ પકડો. મૂળ એટલે ? પહેલાં હતું માનવ મન, અને હવે ? સત્તા. બીજું તો જાણે ડાળાં પાંખડાં છે.

એક વખત ચિંતનની દિશા બદલાણી, પછી એ દિશામાં આગળ ધકેલાયે જ છૂટકો.

એનો નિર્દેશ ભૂમિપુત્રના તા. ૧૬-૧૦-૭૪ના અંકમાં 'દિલ્હી રેલી'ની નોંધમાં જોવા મળે છે. આચાર્ય કૃપાલાની સાથે સર્વોદય કાર્યકરોની મુલાકાતનો અહેવાલ એ નોંધમાં છે. તેમાં ગુજરાતમાં શ્રી ચીમનભાઈ પટેલ અને કિમલોપ વિષેની ચર્ચામાં આચાર્યે કહ્યું છે કે "એવાં સમાધાન તો કરવાં જ પડે." ત્યાર પછી નોંધ લખે છે કે : 'આચાર્યના મનમાં કૉંગ્રેસ વિરોધી ભૂમિકા છે. કૉંગ્રેસનો વિકલ્પ ઊભો કરવાની ભૂમિકા છે. એટલે આચાર્યને આવાં સમાધાનો કરવાં ઉચિત અનિવાર્ય પણ લાગે છે.' આમ જણાવી નોંધ કહે છે : 'સર્વોદય કાર્યકર્તાની ભૂમિકા નથી તો કૉંગ્રેસ વિરોધી કે નથી એને કૉંગ્રેસનો વિકલ્પ ઊભો કરવાની ચિંતા. એ તો આખી

પદ્ધતિને જ આમુલ બદલવા માગે છે." છેવટે નોંધમાં પ્રશ્નાર્થ છે : "સર્વોદય કાર્યકરની આ ભૂમિકા સદાકાળ ટકશે ખરી ? એને પક્ષ મૂલક ચિંતન તરફ નહિ ધકેલાવું પડે ?" અને છેલ્લે કહે છે : "આમ સર્વોદય કાર્યકર્તા માટે મૂંઝવણની વેળા છે. ઈંદિરાજી સવેળા નહિ વિચારે ?"

ઈંદિરાજી અને કૉંગ્રેસે વિચારવું જ જોઈએ. તેમને હવે તો ખ્યાલ આવી જ જવો જોઈએ કે સત્તા એ જ નિર્ણાયક બળ નથી. સત્તાને સેવાના સાધન તરીકે પણ ટકાવી રાખવી હોય તો યે કેવળ ધારાસભામાંની પક્ષની ગમે તેવી સદ્ધર બહુમતી પણ નિર્ણાયક બળ બની શકતી નથી. સત્તા અને પક્ષ સિવાય બહારથી પણ પોષણ અને બળ સંગઠનને મળવું જોઈએ. તે ન મળે તો ગમે તેવી પ્રચંડ બહુમતીને પણ તૂટી પડતાં અને એની સાથે જ સત્તાને સરી જતાં તેમજ સત્તા આધારિત પક્ષને છિન્નભિન્ન થઈ જતાં વાર લાગતી નથી. એ સત્ય મોડે મોડે પણ કૉંગ્રેસ મોવડી મંડળે અને ઈંદિરાજીએ હવે સમજવું જોઈએ. પરંતુ એ સમજે કે ન સમજે 'દિલ્હી રેલી'ની નોંધમાં છેલ્લે પ્રશ્નાર્થમાં છે તે સર્વોદય કાર્યકર્તાઓની મૂંઝવણની ભૂમિકા વિષે ઈંદિરાજી વિચારે કે ન વિચારે. પણ નમ્રપણે કહીશ કે સર્વોદય કાર્યકરોએ તો વિચારવાની વેળા આવી જ છે. વરસ સવા વરસમાં લોકસભાની ચૂંટણી આવે છે. ત્યાં સુધી રાહ જોવા જેટલી પણ ધીરજ રહી નથી. અને સર્વોદય કાર્યકરોની મૂંઝવણ તો ઉપર સ્પષ્ટ કહી તેવી છે. એટલે આ ઉતાવળ અને પ્રવાહિત સ્થિતિના સંજોગો વચ્ચે માની લ્યો કે બિહાર ધારાસભાનું વિસર્જન થાય તો, ત્યારપછીની પરિસ્થિતિ ઉપર પકડ કોની હશે ? સર્વોદય કાર્યકરો આચાર્ય કૃપાલાનીની ભૂમિકા તરફ ઝડપથી સરી પડે એ શક્યતા વધુ જણાય છે અને વિરોધ પક્ષો તો બિહાર આંદોલનનો ઉપયોગ કરી લેવાને ટાંપીને બેઠા જ છે. વિસર્જન કરાવવું કે તોડવું એ કોઈ મોટી વાત નહિ બને. સવાલ ત્યારપછીનો છે. સર્જન કરવું અને શાંતિના પરિબળોને જોડવાં એ મોટું કામ કરવા જેવી પરિસ્થિતિ ત્યારે રહી હશે ? ક્રાંતિ ત્યારે જ થઈ ગણાય કે ત્યાર પછી ઉત્ક્રાંતિના પરિબળો પુષ્ટ બને. ચિહ્નો તો એવાં દેખાય છે કે પ્રતિક્રાંતિના પરિબળોને જ જાણે પોષણ મળતું હોય. જે સર્વોદય કાર્યકરો ઈચ્છતા નથી. વિચારવાનું છે બન્નેએ. કૉંગ્રેસ અને સર્વોદય જગતે. ઈંદિરાએ અને જયપ્રકાશજીએ.

(વિશ્વવાત્સલ્ય : ૧-૧૧-૧૯૭૪) **અંબુભાઈ શાહ**

---

# ૨ બિહાર-આંદોલન વધુ સ્પષ્ટતા

તા. ૧લી નવેમ્બરનો 'બિહાર આંદોલન બંને બાજુ વિચારવા જેવું." લેખ વાંચીને એક મિત્રે કહ્યું : 'લેખમાં કેટલુંક મોઘમ છે. દા.ત. પક્ષ સિવાય બહારથી પણ પોષણ અને બળ સંગઠનને મળવું જોઈએ. એ જ રીતે સર્વોદય આંદોલનમાં હૃદયપલટાના કાર્યક્રમો એકાંગી હતા્ ને આ સત્તા પલટાના કાર્યક્રમો પણ એકાંગી જ છે અને વિચારવાનું છે બંનેએ-કૉંગ્રેસ અને સર્વોદય જગતે. ઈન્દિરાબહેને અને જયપ્રકાશજીએ, આ ત્રણે મુદ્દાઓમાં સ્પષ્ટતા નથી બહારથી બળ એટલે શું ? એકાંગી એટલે શું ? બંનેએ શું વિચારવું ? આ બધું સ્પષ્ટતાથી લખવું જોઈએ.

આ ત્રણે મુદ્દાઓ ઉપર એક લેખમાં વિસ્તારથી કહેવું શક્ય નથી. પણ ટૂંકમાં લખું.

## ૧. બહારથી બળ એટલે શું ?

ગાંધીજીએ કૉંગ્રેસ સંગઠનની તાકાત વિષે લખ્યું છે.

"કૉંગ્રેસ-નીતિને અનુસરીને ચાલનારા હરેક જણ કૉંગ્રેસી છે. પછી તે કૉંગ્રેસના પત્રક પર નોંધાયેલ હોય કે ન હોય.

કૉંગ્રેસ જો તેના ચોપડે નોંધાયેલા થોડા લાખ સભ્યો ઉપર પોતાની તાકાત માટે આધાર રાખતી હોત તો તે અતિશય કમજોર સંસ્થા હોત. કૉંગ્રેસનું મંડાણ હિંદની કરોડોની મૂક આમ જનતાની શુભેચ્છા અને તેના સહકારના વિશાળ પાયા પર થયેલું છે. અને કટોકટીને પ્રસંગે તેનો ટેકો તેને મળી રહે છે. એ વસ્તુમાંથી તેને અપાર તાકાત પ્રાપ્ત થાય છે."

(મહાત્મા ગાંધી પૂર્ણાહુતિ, ભાગ-૧ પા. ૩૩ પેરા ૨)

ગાંધીજીના આ લખાણ પછી આ મુદ્દા પર વિશેષ કંઈ લખવાની જરૂર ન હોય.

આ લખાણ પછી આ મુદ્દા પર વિશેષ કંઈ લખવાની જરૂર ન હોય.

લખવાનું એટલું જ કે, સ્વરાજ્યની શરૂઆતથી જ ખુદ કૉંગ્રેસ સંસ્થએ પોતે જ પોતાના મંડાણના આ પાયાની ખેવના કરવાની દરકાર રાખી નથી. અને એક માત્ર સત્તા દ્વારા જ બધું કરી નાખવા તરફ ઝોક રાખ્યો. પરિણામે કૉંગ્રેસ સંગઠન આંતરિક રીતે નબળું અને બોદું બનતું ચાલ્યું લોકશ્રદ્ધાની જૂની મૂડીના બળ ઉપર તે હજુ નભે છે એ ખરું. પણ હવે તેણે બંને બાજુથી નવી તાકાત મેળવવી પડશે.

કેવળ પોતાના હિત માટે જ નહિ, રાષ્ટ્રના હિત માટે પણ. આગળ વધીને કહીશ કે, વિશ્વશાંતિ માટે પણ.

## ૨. એકાંગીપણું :

સર્વોદય આંદોલનમાં ત્રણ અંગોની પૂર્તિ કરવાની જરૂર હતી.

૧. અન્યાય પ્રતિકાર ૨. સંગઠન ૩. રાજકારણની શુદ્ધિ. આ ત્રણેય અંગો પ્રત્યે સર્વોદય આંદોલનનું વલણ કાંઈક એવું રહ્યું કે નાના નાના અન્યાયોનો પ્રતિકાર કરવામાં શક્તિ ખર્ચવાની જરૂર નથી. માલિકીહક્ક વિશેનો મોટો અન્યાય ચાલે છે. ગ્રામદાન આંદોલન એ માલિકીહક્ક વિસર્જનનો મોટો કાર્યક્રમ છે. અને તે પ્રતિકારનું જ પગલું છે. હાથીના પગલામાં બધાં પગલાં સમાઈ જાય છે.

સંગઠન માત્રમાં બંધારણ, શિસ્ત, ઉપરથી કાંઈક ને કાંઈક લાદવાપણું, નિર્ણયોમાં બહુમતી એવું બધું ભલે હળવી માત્રામાં પણ આવે જ. અને તેટલે અંશે એ અહિંસાથી દૂર ગણાય. જેટલું દૂર એટલે અંશે હિંસા. વ્યક્તિ ઉપર જ આધાર. સંગઠનના આધારની જરૂરિયાતનો અસ્વીકાર. જરૂર લાગી ત્યાં સ્વીકાર કર્યો પણ તેનું સ્વરૂપ તદ્દન શિથિલ.

અને રાજકારણને ઘડવાની, સ્પર્શવાની વાત જ નહીં, રાજકારણનો જ છેદ ઉડાડવાની વાત. નીચેથી લોકશક્તિ ઘડવાનું કામ એટલે ગ્રામદાન આંદોલન અને ગ્રામદાન આંદોલન એ રાજકારણનો છેદ ઉડાડીને શાસનમુક્ત સમાજ રચવાનો કાર્યક્રમ.

આમ આવતીકાલના આદર્શના અંતિમસ્વરૂપને પામવા આજે ઘડતરનો કોઈ અસરકારક કાર્યક્રમ નહીં. પણ આદર્શની સિદ્ધિ આજે પ્રાપ્ત થઈ ગઈ છે તેમ માનીને વ્યવહાર કરવાની વાત.

પરિણામે સમાજમાં આવતી-કાલના આદર્શ અને આજના વ્યવહાર વચ્ચે મોટી ખાઈ પડતી ગઈ. સર્વોદય આંદોલન એના દાવાની સરખામણીમાં લગભગ બિનઅસરકારક જ રહ્યું.

દલીલ થાય છે કે બીજાઓને તેમ કરતાં કોણે રોક્યા હતા ? વાત સાચી છે. પણ એક વાત સમજવા જેવી છે. સ્વરાજ્ય મળ્યા પછી તરત ગાંધીની મૂડી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક ભાગ કૉંગ્રેસમાં અને એક ભાગ રચનાત્મક કાર્યકરોમાં.

લોકહૃદયમાં ગાંધીશ્રદ્ધા ઘર કરીને બેઠી હતી. શ્રદ્ધાબળની આ મૂડી વિનાનું

કોઈ પણ આંદોલન કે કોઈપણ કાર્યક્રમ વ્યાપક બની શકે નહીં તેવી સ્થિતિ હતી. આ મૂડીનો લાભ કૉંગ્રેસને મળ્યો. અને સર્વોદય આંદોલનને પણ મળ્યો.

ગાંધીના વારસદારો પણ એ જ હતા ને ? એક વારસ રાજકીય દૃષ્ટિએ પંડિત નહેરુ. જેમણે કૉંગ્રેસના માધ્યમે સત્તા મારફત સમાજ પરિવર્તન કરવાનો પુરુષાર્થ કર્યો. બીજા વારસ આધ્યાત્મિક દૃષ્ટિએ વિનોબાજી. જેમણે સર્વોદય આંદોલનના માધ્યમે હૃદય પરિવર્તન મારફત સમાજ પરિવર્તન કરવાનો પુરુષાર્થ કર્યો.

સર્વોદય આંદોલનના ત્રેવીસ વર્ષના અનુભવ પછી હવે શ્રી જયપ્રકાશજીએ દિશા બદલી છે. બીજો છેડો પકડ્યો છે. પણ ગાંધીના સ્પર્શવાળી કૉંગ્રેસ જેવી ઘડાયેલી મહાન સંસ્થા પણ સત્તાની વાસ્તવિક મર્યાદાઓથી પર નથી બની શકી તો સાવ નવી અને અપરિપક્વ એવી સંઘર્ષ સમિતિઓ એ મર્યાદાઓ વિંધીને અણિશુદ્ધ પાર નીકળી શકે એમ બનવું સંભવતું નથી.

જો કૉંગ્રેસ પોતાનું ઘર સાફસૂફ કરીને શુદ્ધ અને સંગીન બની પરિસ્થિતિને પહોંચી ન વળે તો, અસ્થિરતા અને અરાજકતા તરફ દેશ જઈ પડે તેવો સંભવ વધુ છે. આ સંજોગોમાં વિચારવાનું આવે છે. ઈંદિરાજીએ અને જયપ્રકાશજીએ.

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૧૧-૭૪) **અંબુભાઈ શાહ**

## 3 શ્રી જે. પી.ના તાજા નિવેદન પરત્વે

શ્રી જયપ્રકાશજીના એક તાજા નિવેદનના પીડક-પીડિતો કિંવા અમીર ગરીબો વચ્ચે વર્ગ-સંઘર્ષની વાત આવી, તે પરથી આજે જે ભારતના લોકોએ લોકનાયકપદે તેમને સ્થાપિત કર્યા છે, તેઓના દિલમાં તેમના વિષે રખે અંદેશો આવે. એ ખાતર શ્રી જે. પી. પાસેથી ૧૬-૮-૭૭ના રોજ રાષ્ટ્રીય લોકસમિતિના મંત્રીઓએ ચોખવટ મેળવી લીધી, તે શ્રી નારાયણ દેસાઈએ 'ભૂમિપુત્ર' દશવારિકને મોકલી. એ ચોખવટ તા. ૨૬-૮-૭૭ના ભૂમિપુત્રના પ્રથમ પૃષ્ઠ ઉપર આવી છે. જેમાં નીચેના શબ્દો છે :

### જે. પી.ની ચોખવટ

'... વર્ગ સંઘર્ષનું નામ લેતાં જ લોકોનાં મનમાં માર્કસવાદી કલ્પના ખડી થઈ જાય છે !... (એટલે)... ધારો કે હિંસાનો પ્રયોગ થયો તો ? શ્રી જે. પી. તેના ઉત્તરમાં ચોખવટ કરતાં સ્પષ્ટપણે કહે છે : તો બહુ ખરાબ થશે. એમ થશે એટલે

કે હિંસાનો પ્રયોગ થશે.) તો સંઘર્ષ પાછો પડશે. એટલે આ બીના તરફ આપણે ખાસ ધ્યાન દેવું જોઈશે નહીં તો હિંસા અને પ્રતિ હિંસાની હારમાળા જ ઊભી થશે. કદાચ 'ઉપરવાળા હિંસા કરે... તો ?' શ્રી જે. પી. કહે છે : 'હું તો તેવી હાલતમાં પણ હિંસાને અનિવાર્ય નથી માનતો ! હિંસા થઈ તો બન્નેને એનાં માઠાં ફળ ભોગવવાં પડવાનાં... હિંસાને તો કોઈ પણ સ્થિતિમાં રોકવી જ રહી. એક તો એવો વારો જ આવવા ન દેવો કે હિંસા ફાટી નીકળે, નહીં તો એમાં તો ગરીબોને જ નુકસાન છે...'

## ગાંધીનો રાજકારણમાં અહિંસાનો પ્રયોગ

રાજકારણી ક્ષેત્રે જો કે બ્રિટન સામે છતાં ભારતીય પ્રજાના માધ્યમે પહેલાં દક્ષિણ આફ્રિકામાં અને પછી ભારતમાં ગાંધીજીની નેતાગીરીથી અહિંસાનો પ્રયોગ થયો. ફૂટીતૂટી અહિંસા છતાં ભારતીય પ્રજાનો જ્વલંત વિજય થયો ! અને દુનિયામાં એક અજબ ચમત્કાર કહેવાયો ! વિષેશ ખૂબી તો એ બની કે એ અહિંસક પ્રયોગ થવાને કારણે જ જે બ્રિટિશ શાસનનાં અનેક અનાચારો અત્યાચારો ગુજરેલા, તે જ બ્રિટિશ શાસનમાં એક વખતના વાઈસરોય માઉન્ટબેટન ભારતીય સ્વરાજ્ય શાસનના સુધ્ધાં પણ પ્રથમ ગવર્નર જનરલ બની શક્યા ! હિંસા-પ્રતિહિંસાની હારમાળા આથી આપોઆપ અટકી ગઈ. ગાંધીજીએ ભારતીય સ્વરાજ્ય આવ્યા બાદ ભારતીય પ્રજાને એ જ અહિંસા પ્રયોગ; આર્થિક, સામાજિક અને નૈતિક ક્રાન્તિમાં વાપરવા માટે અનુરોધ કર્યો હતો ! પરંતુ જે કૉંગ્રેસ સંસ્થાના માધ્યમે ભારતની પ્રજાએ બ્રિટન સલ્તનત સામે અહિંસાનો જગત્ચમત્કારિક એવો પ્રયોગ કરેલો, તે જ કૉંગ્રેસને રાજકીય શાસન ચલાવવામાં રોકાઈ રહેવું પડ્યું. તેથી ભારતની પ્રજામાંથી એ જ કૉંગ્રેસનું રાજકીય અનુસંધાન જાળવી રાખી બીજી એક સંસ્થા લોકસેવા સંઘરૂપની ઊભી કરવાનો વારો આવી લાગ્યો ! એવી સંસ્થા આર્થિક સામાજિક ક્રાન્તિ કરે. એ જ સંદર્ભમાં 'ગાંધી સેવા સંઘ' જેવી સંસ્થા નૈતિક ક્રાન્તિ કરતી રહે ! તેમજ કૉંગ્રેસ સંસ્થા દેશનું સ્વરાજ્ય રક્ષણ કરે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં દેશે દેશે જવાબદાર એવું રાજ્યતંત્ર પણ ઊભું કરાવી આપે તો જ ગાંધીજીએ કલ્પેલી અહિંસક સમાજ રચના ખાસ ભારતમાં અમલી બની સમસ્ત વિશ્વ પર તે આંતરિક સમાજરચનાનો પ્રભાવ ઊભો કરે ! ટૂંકમાં ગાંધીજીનો રાજકારણીયક્ષેત્રનો અહિંસા પ્રયોગ વિશ્વનાં દરેક ક્ષેત્રમાં પૂરેપૂરો અને આગળ ને આગળ ચાલવો જોઈએ.'

## ભાલ નળકાંઠા પ્રયોગ

ભાલ નળકાંઠા પ્રયોગ આથી જ કહેવાય છે : "વિશ્વવાત્સલ્યના ધ્યેયે ધર્મમય સમાજરચનાનો પ્રયોગ" અને એને ફાળે આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિકાદિ ક્ષેત્રે ગાંધીજીના જ પ્રયોગોનું અનુસંધાન લઈને સામુદાયિક અહિંસાના પ્રયોગો કરવાનું અનાયાસે આવી પડ્યું અને ગાંધીજીની રાજકીયક્ષેત્રની કૉંગ્રેસ તથા ગાંધીજીના આર્થિક સામાજિક ક્ષેત્રના મજૂર મહાજન તેમજ ઈન્ટુક ઉપરાંત ગાંધીજીએ રચેલી રચનાત્મક કાર્યકરોનીયે સંસ્થાના અનુબંધે એ બધાય પ્રયોગોમાં લગભગ સંપૂર્ણ સફળતા જ પ્રાપ્ત થઈ ! જયંતીલાલ ખુ. શાહનું 'પાલણપુરનો શુદ્ધિપ્રયોગ' પુસ્તક અને અંબુભાઈનો 'શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો'નો ગ્રંથ વાંચવાથી એની ઠીક ઠીક ખાતરી થશે ! આ જ સંદર્ભ લેતાં પહેલાં શરૂઆતમાં પ્રિય સાથી નેમિમુનિનું "શુદ્ધ પ્રયોગની પૂર્વપ્રભા" પુસ્તક પણ નજર તળે બરાબર કાઢી લેવું જોઈએ !

## આ જ અંકમાં આવેલ

આ વખતે 'ભૂમિપુત્ર' આ જ અંક (તા. ૨૬-૮-૭૭)માં આવેલ રાષ્ટ્રીય લોકસમિતિના નિવેદનમાંનો ત્રીજો મુદો ખાસ નજર સામે આવી જાય છે. તેમાં જણાવ્યું છે : 'હરિજનો તથા બીજા કમજોર વર્ગ પર જે અત્યાચારો થઈ રહ્યા છે, તે રાષ્ટ્રની સદ્‌વિવેક બુદ્ધિ માટે કલંકરૂપ છે. એવા બનાવોને સાંખી લેવા નહીં જોઈએ ! આજ પણ આપણાં સમાજમાં સામંતવાદી પરંપરા પર આધારિત કઠોર સામાજિક અને આર્થિક વિષમતાઓ પ્રચલિત છે. એ વાત આવા બનાવોથી ઉઘાડી પડે છે. આવા અત્યાચારો 'કેવળ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો છે' એમ કહીને એને ટાળી ન શકીએ ! આર્થિક તથા સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને ગતિશીલ બનાવીને રોગનાં લક્ષણોનો જ નહીં; પણ ખુદ રોગનો ઉપચાર કરવા તરફ તરત જ ધ્યાન દેવું જરૂરી છે' રાષ્ટ્રીય લોકસમિતિના આ નિવેદનમાં એકબાજુ જનતાપક્ષ જેવા રાજકીય પક્ષના માધ્યમે ભારતીય જનતા પોતાના મતદાન દ્વારા જે શાન્તિમય ક્રાન્તિ લાવી શકી છે, એની ભારોભાર પ્રશંસા છે, તો બીજી બાજુ જનતાપક્ષમાં ભળેલા ઘટકોના ભેદભાવ; છાશવારે ને છાશવારે પ્રગટ થયા કરે છે, તે વિષે ચિન્તા પ્રગટ કરેલી છે અને મિસા જેવા કાયદાને દૂર કરવાનું વગેરે પ્રજાને વચનો આપ્યાં હોવા છતાં જનતાપક્ષના કેટલાક નેતાઓ મિસાનું સમર્થન કરે છે, તે વિષે પરેશાની પ્રગટ કરેલી છે. ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં તથા બીજાં સરહદી ક્ષેત્રોમાંના અસંતોષ-

અશાન્તિ વિષે સરકારથી ઉપલા ઈતર જનતા સ્તરથી પ્રયત્નોની માંગ પણ ઉઠાવી છે. છેવટે સ્વતંત્રતા રક્ષા પછીની જવાબદારીમાં લાગતાં વળગતાં સૌને લીન બનવાનું નમ્રસૂચન પણ થયું છે.

આમ સાંગોપાંગ જોતાં આધ્યાત્મિકબળ, નૈતિકબળ અને સામાજિકબળ ઉપરાંત દેશમાં અને દુનિયામાં જે શુદ્ધ રાજકીય બળની અપેક્ષા છે તે એક માત્ર વિશ્વલક્ષી ખેડાણવાળી કૉંગ્રેસ તરફ આકર્ષી જાય છે ! એટલે જ આપણે ભાલનળકાંઠા પ્રયોગમાં કૉંગ્રેસ સંસ્થાનું રાજકીય અનુસંધાન લઈને જ પ્રથમથી આગળ વધ્યા છીએ ! આશા છે શ્રી જે. પી. પણ હવે જો અહિંસા નિષ્ઠામાં પૂરેપૂરા જાગ્રત છે; તો તેઓ ભાલ નળકાંઠા પ્રયોગમાં ઊંડો અને સક્રિય રસ લેવા માંડે ! એમની સંપૂર્ણક્રાંતિનાં અને તે પણ શાન્તિમય સાધનો સાથેની અહિંસક સંપૂર્ણક્રાંતિનાં તત્ત્વો દેશના માધ્યમે દુનિયામાં પણ પ્રભાવશાળી કાર્ય કરે, તેવાં તેમાં તેમને સહેજે જણાઈ આવશે !

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૯-૧૯૭૭) 'સંતબાલ'

# ખંડ ત્રીજો

લે. અંબુભાઈ શાહ

## ૧ સંપૂર્ણક્રાંતિ, લોકસમિતિ અને ભાલ નળકાંઠા પ્રયોગ

જયપ્રકાશ અમૃત મહોત્સવ અંગે અમદાવાદ જિલ્લાનું સંમેલન તા. ૧૧ ઓક્ટોબરના દિવસે ગુંદી આશ્રમમાં રાખવામાં આવ્યું હતું. સંમેલનમાં મુખ્ય પ્રવચનકાર શ્રી ઈશ્વર પેટલીકર હતા. સવારે અમે અમદાવાદથી ગુંદી જવા નીકળ્યા ત્યારે ભાઈશ્રી પેટલીકરે મને કહ્યું :

"અંબુભાઈ ! આ તો તમારો જ કાર્યક્રમ છે. ૨૫-૨૭ વર્ષ પહેલાં હું ગુંદી કસ્ટમ બંગલામાં સંતબાલજીને મળવા આવ્યો હતો ત્યારે એમણે આ જ વાત કરી હતી અને તમે લોકોએ તો એના પ્રયોગો પણ કર્યા છે."

બપોરના સંમેલનમાં તેમણે આ જ વાત દોહરાવતાં અને મુનિશ્રી સંતબાલજી સાથેની પોતાની વાતનાં સંસ્મરણ તાજાં કરતાં કહ્યું કે,

"સંપૂર્ણક્રાંતિના આ કાર્યક્રમનો ગુજરાતમાં અમલ થાય એમાં સહુથી વધુ અપેક્ષા આ કેન્દ્ર (ગુંદી આશ્રમ) પાસે રાખું છું. કારણ એણે આ દિશામાં પ્રયોગો કર્યા છે અને એનો એની પાસે અનુભવ છે."

સંમેલનમાં પ્રાસંગિક કહેતાં મેં જણાવ્યું હતું તેમ "જયપ્રકાશજીના બધા વિચારો સાથે આપણે સંમત હોઈએ કે ન હોઈએ પણ એમના આ સંપૂર્ણક્રાંતિના અને તેના વાહનરૂપ લોકસમિતિના વિચાર સાથે જો સંમત હોઈએ તો એ કાર્યક્રમમાં સક્રિય બનીને તેને સફળ બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ."

આ દૃષ્ટિએ ભાલ નળકાંઠા પ્રયોગની ભૂમિકા અને તેનો અનુભવ નજર સામે રાખીને આ વિષય પર થોડું લખીશ.

ભાઈશ્રી પેટલીકરનું કહેવું સાચું છે કે આ જાતનું કામ ભાલ નળકાંઠા પ્રયોગમાં થયેલું છે. ભલે એની પરિભાષા, કાર્યપદ્ધતિ અને સંદર્ભ જુદો હોવાને કારણે અહીંતહીં વિગતોનો થોડો ફેરફાર હોઈ શકે અને છે. પણ ક્રાંતિને સંપૂર્ણતા તરફ ગતિશીલ રાખનારાં ચાલક બળો અને સર્વાંગ તેમજ સમગ્રને સ્પર્શતા કાર્યક્રમોની બાબતમાં ભાલ નળકાંઠાનો 'સર્વાંગ ક્રાંતિ'નો કાર્યક્રમ 'સંપૂર્ણક્રાંતિ'ની સાથે અનેક બાબતોમાં સારી પેઠે સામ્યતા ધરાવે છે.

આવી સમાનતા ધરાવતા કેટલાક મુદ્દાઓ છે તે પણ અહીં આપવાનો ખ્યાલ છે. પરંતુ તે પહેલાં ભાલ નળકાંઠા પ્રયોગ તરફથી સન ૧૯૫૮માં 'સર્વાંગીક્રાંતિ એક પ્રયોગ" (દૃષ્ટિ, કાર્યક્રમ અને અસર) એ નામની એક નાની પુસ્તિકા પ્રગટ થઈ છે. તેમાંથી થોડો ભાગ અહીં ઉતારવો પ્રસ્તુત ગણીને પ્રથમ આપ્યો છે. જેથી પેલા મુદ્દા સમજવા વધુ સરળ થશે.

એ પુસ્તિકામાં મુનિશ્રીએ પ્રાસ્તાવિક બે શબ્દો નીચે મુજબ લખ્યા છે :

"રશિયામાં મજૂર સત્તા દ્વારા ક્રાન્તિનો પ્રયાસ થયો. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસમાં સમાજમાંના ભદ્ર લોકોની આગેવાની કાયમી ટકાવવા રાહતનો પ્રયાસ થયો. એકમાં ધર્મને સમૂળો ઈન્કારવાની વાત આવી. બીજામાં ધર્મને અંધશ્રદ્ધાએ વળગી રહેવાની વાત આવી. એકમાંથી સરમુખત્યારશાહી આવી. બીજામાંથી અપૂર્ણ લોકશાહી આવી. છેવટે બન્ને પ્રયાસોનો પાયો ભૌતિક બની રહ્યો. શસ્ત્રો એનું આધાર સ્થળ બની રહ્યાં. દુનિયાની પ્રજાએ પોકાર ઉઠાવ્યો... તેમાંથી ફળેલી આરબોની ક્રાન્તિ શાંતિની દિશામાં છે. જનતાની આકાંક્ષા એના પાયામાં છે, પણ શસ્ત્રો અને ભૌતિકતાનાં ભયસ્થળો એમાં ઊભાં જ છે. ભારતે ઋષિમુનિઓની સાધનાને લક્ષમાં રાખી તપ ત્યાગનાં સાધનો વડે આઝાદી હાંસલ કરી. પરંતુ વિશ્વમાં લોકશાહી સ્થાપવાનું અને તે પણ તપત્યાગનાં સાધનો વડે સ્થાપવાનું કાર્ય ભારતે કરવાનું છે. બધા દેશોની પ્રજા આર્થિક, સામાજિક અને રાજકીયક્ષેત્રે સંકળાયેલી રહે એ કાર્ય પણ ભારતે કરવાનું છે. ધર્મનો ઈન્કાર અને ધર્મમાંની અંધશ્રદ્ધા છોડાવવાનું કામ પણ ભારતે કરવાનું છે. આથી જ સર્વાંગી ક્રાન્તિનો પ્રત્યેક ભારતની મૌલિક સંસ્કૃતિ જ્યાં વેરવિખેર પડી છે, તે ગામડાઓથી નગદ ધર્મનો પાયાથી આરંભી વિશ્વપર્યંત પુગાડવાનું ભગીરથ કાર્ય ભાલ નળકાંઠાને ફાળે આવી પડ્યું છે, એ તો માત્ર નિમિત્ત છે. ભારતમાં બધી જ સામગ્રી પડી છે, તેને સાંકળવાનું એક માત્ર કાર્ય તે નિમિત્તે ચાલુ થયું છે, તે પાર પાડવાની જવાબદારી સમગ્ર ભારતે ઉપાડવાની રહેશે."

માટુંગા

મુંબઈ, તા. ૫-૧૨-૫૮ 'સંતબાલ'

હવે પુસ્તકોમાંથી કેટલોક ભાગ જોઈ લઈએ.

**યુગની આવશ્યક્તા :** દરેક યુગની તેના વર્તમાનકાળને અનુરૂપ એક ખાસ માંગ હોય છે. માનવીના મનનું અને વૈજ્ઞાનિક શોધખોળના વિકાસની સાથે સાથે યુગની માંગ-આવશ્યક્તામાં પરિવર્તન થતું આવે છે આજનો સમાજ અનેક પ્રવાહો પરિબળનું મિશ્રણ છે. માનવ સમાજની પ્રાથમિક અવસ્થાનું સૂત્ર હતું, 'મારીને જીવો' કારણ કે એ વખતની પરિસ્થિતિમાં જીવવા માટે બીજાને મારવું અનિવાર્ય હતું. જેમ જેમ માનવીના મને વિકાસ કર્યો, ભૌતિક વિજ્ઞાન વિકસ્યું. ખેતી, પશુપાલન, નાના ઉદ્યોગોની શોધખોળ થઈ તેમ તેમ બીજાને માર્યા વિના પણ જીવી શકાય છે એનો માનવીને અનુભવ થયો અને એમાંથી **'જીવો અને જીવવા દો'** સૂત્ર આવ્યું. આમાં પણ માનવીએ પોતાની જાતને જ સહુ પ્રથમ કેન્દ્રમાં રાખી. હવેં વિજ્ઞાન આગળ વધ્યું છે અને આ સૂત્ર બદલીને **'જીવાડીને જીવો'** એ સૂત્ર અમલી બનાવવું એ આ યુગની આવશ્યક્તા ઊભી થઈ છે. એથી આગળ વધીને **'મરીને જીવાડો'** એ સૂત્ર પણ આવી રહ્યું છે.

અહિંસક અથવા સર્વોદય અથવા ધર્મદૃષ્ટિએ સમાજરચનાની સ્થાપના એ આ યુગની માંગ છે, આવશ્યક્તા છે. એ સિવાય જગતમાં સુખ કે શાંતિ થવાની નથી એ સહુ કોઈને સમજાઈ ચૂક્યું છે.

કાળ કાળનું કામ કરી રહ્યો છે. માનવ સમાજે કાળ બળને ઓળખી લઈ યુગને અનુકૂળ એવાં સાધનો અને નિમિત્તોનો અનુબંધ જોડવાનું કામ કરવાનું છે.

આજના વર્તમાન જગતની અને ભારતની જે પરિસ્થિતિ છે, એમાં આ અનુબંધ કઈ રીતે જોડી શકાય ? આ સવાલ સહુએ વિચારવાનો રહે છે

**સાતત્ય અને પરિવર્તન :** વર્તમાન પરિસ્થિતિમાં ભારત એકલું પ્રગતિ કરી શકે નહિ. વિજ્ઞાનની શોધખોળની અસરથી એ અલિપ્ત રહી શકે નહિ. ભારતની પાસે જે હજ્જારો વર્ષનો સાંસ્કૃતિક વારસો છે એનું સાતત્ય જાળવીને, અને વિકસતા વિજ્ઞાનને લક્ષમાં લઈ પરિવર્તનશીલતા દાખવીને જ આ સવાલનો જવાબ આપવો જોઈએ.

મુનિશ્રી સંતબાલજીએ ભાલ નળકાંઠાને ધર્મ દૃષ્ટિએ સમાજ રચનાના પ્રયોગક્ષેત્ર તરીકે પસંદ કરી વર્ષોથી આ વિસ્તારમાં અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રેરક અને માર્ગદર્શક તરીકે કામ કર્યું છે અને કરી રહ્યા છે. એમાં સાતત્યની જાળવણી અને પરિવર્તનશીલતાની દૃષ્ટિ રાખી સમાજની મનોભૂમિકા જોઈને, અનુબંધ જોડવાનું કામ મુખ્યપણે રહ્યું છે.

આ નાના ક્ષેત્રનો અનુભવ એ વાતની સાક્ષી પૂરે છે કે આ ધોરણે રાષ્ટ્રભરમાં કામ ગોઠવવામાં આવે તો યુગની આવશ્યકતા પરિપૂર્ણ કરવામાં મહત્વનો ફાળો આપી શકે એમાં શંકા નથી.

હવે પછીનાં થોડાં પાનાઓ આ વાત સમજાવવાને માટે લખ્યાં છે; જેનાથી આ પ્રયોગ પાછળની દૃષ્ટિ, કાર્યપદ્ધતિ અને એની વ્યક્તિગત જીવન પર અને સમાજ જીવન પર શું અસરો થઈ એ સમજી શકાશે.

**સમાજનાં પરિબળો** : સમાજમાં ચાર પ્રકારની શક્તિ કામ કરે છે.

(૧) **હિંસાની શક્તિ** : પછી તે વ્યક્તિગત હિંસા હોય, કોઈ ટોળાની હિંસા હોય કે પછી સરમુખત્યારશાહી રાજ્યની હિંસા હોય.

(૨) લોકશાહી રાજ્યની દંડશક્તિ.

(૩) સમાજની નૈતિકશક્તિ

(૪) આધ્યાત્મિક શક્તિ.

સમાજની વર્તમાન સમસ્યાઓ ઉકેલવામાં આ ચાર શક્તિઓમાં વધુમાં વધુ અસરકારકતા જે શક્તિ બતાવે તે તરફ સામાન્ય લોકમાનસ ઢળે એ સ્વાભાવિક છે.

અહિંસક સમાજરચના માટે આ શક્તિઓનો ક્રમ આ રીતે ગોઠવવો જોઈએ.

## પાયામાં આધ્યાત્મિક શક્તિ

ચણતરમાં-વહેવારમાં-સમાજનાં નૈતિક શક્તિ અને છેવટે મહોર છાપ મારવામાં લોકશાહી રાજ્યનો કાનૂન.

આ ક્રમ પ્રમાણે કામ ન થાય અને રાજ્ય જ સર્વોપરીતા ધારણ કરતું જાય તો એમાંથી સરમુખત્યારી જ આવે એમાં હવે શંકા ન રહેવી જોઈએ. ભારતમાં કદી પણ રાજ્ય સર્વાંગી કે સર્વોપરી ન હતું અને ન થવું જોઈએ. સમાજના એક અંગ તરીકે જ રાજ્ય આવી શકે પરંતુ જો સમાજની નૈતિક કે આધ્યાત્મિક શક્તિ પ્રશ્નો ઉકેલવામાં બિનઅસરકારક નીવડે તો લોકશાહી રાજ્યની દંડશક્તિ જ વધુ ને વધુ ભાગ ભજવે. ભલે એમાં લોકસંમતિ હોય, પરંતુ આખરે એનો પાયો પણ હિંસા જ છે.

એટલે સમાજની મનોભૂમિકા જોઈને એવા કાર્યક્રમો અને કાર્યપદ્ધતિથી કામ લેવું જોઈએ કે, જેમાં રાજ્યની દંડ શક્તિનો ઉપયોગ કરવો જ ન પડે અને સમાજ પોતે જ સંગઠિતપણે પોતાના પ્રશ્નો અહિંસક રીતે ઉકેલે રાજ્ય મહોર છાપ મારવા માટે ભલે આવે પણ સહુથી પાછળ.

આ દૃષ્ટિએ પ્રયોગનું સ્વરૂપ અને કાર્યક્રમના જુદા જુદા પાસાંઓનો આછો પરિચય અહીં આપવામાં આવ્યો છે.

## કાર્યપદ્ધતિનાં મૂળભૂત અંગો

પ્રાયોગિક સંઘ લોકોના આર્થિક, સામાજિક, નૈતિક, આધ્યાત્મિક એમ સર્વાંગી વિકાસ માટે કામ કરતો સંઘ.

રચનાત્મક કામ કરનારા અને જીવનમાં કાંઈક સાધક બળ મેળવ્યું હોય એવા વર્ગના ભાઈબહેનોમાંથી સંઘની રચના થાય છે. આને આધ્યાત્મિક પાયા પરનું નૈતિક સંગઠન કહી શકાય.

**ગ્રામ સંગઠન :** નૈતિક પાયા પરનું આર્થિક, સામાજિક સંગઠન. જેના મુખ્ય ત્રણ અંગો હોય છે. (૧) ખેડૂત મંડળ (૨) ગોપાલક મંડળ (૩) ગ્રામોદ્યોગ મજૂર મંડળ.

અહિંસક અથવા ધર્મ દૃષ્ટિએ સમાજ રચનાના મસાલા માટે વધુમાં વધુ અનુકૂળ મનોભૂમિકા, કુદરત નિર્ભર જીવન અને કુદરતનિષ્ઠ પરિસ્થિતિ ગામડાંમાં રહેલી છે. સંકુચિતતા, વહેમ, કુરૂઢિઓ વગેરે અનેક પ્રતિકૂળ કારણો છતાં ગામડાના માનસમાં મૂળભૂત રીતે ધર્મ સદાચાર અને ચારિત્ર પ્રત્યે હજુ પણ આકર્ષણ રહેલું છે. એને આચારમાં લાવવા જેટલું મનોબળ કેળવી શકે એવી એની ભૂમિકા છે. જ્યાં માત્ર બુદ્ધિની ખોટી કસરત નથી પણ હૈયા-ઉકલત છે. એમને આર્થિક સમાનતા અને સામાજિક ન્યાયનાં નવાં મૂલ્યો સમજાવીને સંગઠિત કરવામાં આવે તો એ લોકશાહીને પૂરક અને પોષક બની શકે તેમ છે એની અમને પ્રતીતિ થઈ છે. દેશની આ વિશાળ બહુમતીને આ રીતે સંગઠિત કરવી એ લોકશાહીના વિકાસની દૃષ્ટિએ અતિ જરૂરનું છે.

ગાંધીજીની "લોક સેવક સંઘ" રચવાની કલ્પના હતી તે આ જાતના નીચેથી ઘડતર પામેલાં સંગઠનોમાંથી સાકાર થશે એમ એમને સ્પષ્ટ લાગ્યું છે.

**રાજકીય પરિબળ :** વિશ્વની વર્તમાન પરિસ્થિતિમાં ભય અને શંકાનું વાતાવરણ, શસ્ત્ર-નિષ્ઠા અને લશ્કરી જૂથબંધીઓથી નીપજેલી યુદ્ધ સ્ફોટક પરિસ્થિતિને નિવારવી એ આજની વિશ્વ સમસ્યા છે. યુદ્ધને અટકાવવું, શાંતિવિસ્તાર વધારવો, ગુલામી તથા સંસ્થાનવાદ નાબૂદ કરી લોકશાહીઓ સ્થાપવામાં જગતના રાષ્ટ્રોને ટેકો આપવો અને જગતમાં સક્રિય તટસ્થબળ તરીકેની કામગીરી જેટલે અંશે અસરકારક બનશે એટલે અંશે જ આ સમસ્યાનો ઉકેલ આવશે, આ કામગીરીમાં

આજ સુધીમાં ભારતે જે સાનુકૂળ અને અસરકારક ભાગ ભજવ્યો છે એ બાબતમાં બે મત નથી. આ કામગીરી રાજ્ય પ્રતિનિધિત્વ મારફત જ કરી શકાય એવી આજની હાલત છે. કોઈ સામાજિક કે ધાર્મિક સંસ્થા આ કામગીરી કરી શકે એવી આજે સ્થિતિ નથી. આ સંજોગોમાં ભારતે રાજ્યની મારફત આ દિશામાં કામ કરવું જ રહ્યું. આ રાજકીય પ્રતિનિધિત્વ કયા બળ મારફત આપણે જગતના તખ્તા પર મૂકવા માંગીએ છીએ ?

આ બળ એક માત્ર કૉંગ્રેસમાં જ છે એમ અમને લાગે છે.

કૉંગ્રેસ એટલે સ્વરાજ્ય મળ્યા પહેલાંના બાસઠ વર્ષના ત્યાગ, સેવા અને બલિદાનના કાર્યક્રમોથી અને ગાંધીજીની જીવનદષ્ટિથી ઘડાયેલી અને કસાયેલી એવી ભારતની એક નૈતિક શક્તિ. એની સ્થાપનામાં પ્રેરકબળ સત્તા નહિ પણ સમગ્ર દેશની આબાદી હતું. આવી પડેલી અનિવાર્ય પરિસ્થિતિમાં સત્તાનાં સૂત્રો એણે સંભાળ્યાં. સ્વરાજ્ય મળ્યા પહેલાંનાં ત્યાગ, સેવા અને બલિદાનને બદલે ધન, સત્તા અને પ્રતિષ્ઠા મેળવવાના સાધન તરીકે એનો ઉપયોગ કરનારાં બળો પરિણામે રાષ્ટ્રના આર્થિક, સામાજિક ક્ષેત્રે ઢીલાશ કે બાંધછોડની નીતિ વધવાનો સંભવ પણ છે. આમ છતાં આજે દેશમાં અને વિશ્વમાં પણ સંસ્થાગત રીતે લોકશાહીનો વિશ્વાસ ધરાવતું, સર્વોદયની જીવન પદ્ધતિમાં શ્રદ્ધા રાખતું અને અહિંસાની દિશામાં સક્રિયતા બતાવતું જો કોઈ વધુમાં વધુ અસરકારક બળ હોય તો તે કૉંગ્રેસ છે. એ સંપૂર્ણ છે એવો કોઈનો દાવો નથી અને ન હોઈ શકે. જેવું છે તેવું આ એક જ બળ છે કે જેને ભૂતકાળનો ઈતિહાસ છે, ઘડતર છે. એવા આ બળને તોડવું છે ? છોડવું છે કે નવાં મૂલ્યો સ્થાપવામાં કુશળતાપૂર્વક જોડવું છે ? આ સવાલ ગંભીરતાથી સહુએ વિચારવાનો રહે છે. અનુભવે અમને લાગ્યું છે કે કૉંગ્રેસમાં રહેલી ત્રુટીઓ કે ઢીલાશ દૂર કરવાનો ઉપાય કૉંગ્રેસનો વિરોધ નહિ પણ એની ઢીલાશ દૂર થાય અને એ વધુ ને વધુ શુદ્ધ અને સંગીન રહે એ માટે એને પૂરક પ્રેરક બળની જરૂર છે.

આમ ત્રણ પરિબળો પોતપોતાના ક્ષેત્રમાં અસરકારક ફાળો આપશે.

## (૧) પ્રાયોગિક સંઘ – પ્રેરકબળ

રાજકીય પક્ષાપક્ષીથી પર એવું તટસ્થ અને છતાં સત્ય અને અહિંસાના સંદર્ભમાં લોકશાહી ઢબનાં જે બળો રાષ્ટ્રમાં કામ કરતાં હશે તેના સમર્થનમાં અને વિકાસમાં સક્રિય કામગીરી બજાવતું બળ. જે જનતા દ્વારા અહિંસક પ્રયોગો કરી નવાં મૂલ્યોને પ્રતિષ્ઠિત કરશે.

**૨. ગ્રામ સંગઠન – પૂરકબળ**

નવું મૂલ્ય સમગ્ર સમાજનો આચાર બને એવી પૂર્વ ભૂમિકા પેદા કરશે. કૉંગ્રેસના પૂરક બળ તરીકે રાજકીય ક્ષેત્રે કૉંગ્રેસનું માતૃત્વ સ્વીકારશે. સામાજિક, આર્થિક ક્ષેત્રે રાષ્ટ્ર હિતની દૃષ્ટિ રાખી ગ્રામલક્ષી નીતિના અમલ માટે પ્રયત્નો કરશે. કૉંગ્રેસથી સ્વતંત્ર અને આગવું અસ્તિત્વ ધરાવશે.

**૩. કૉંગ્રેસ-લોકસંમતિવાળું લોકશાહી દંડશક્તિનું બળ !**

સત્ય અને અહિંસાના સંદર્ભમાં બિનસાંપ્રદાયિક અને બિનઆક્રમકની વહેવારુ નીતિથી કામ કરતું લોકશાહી ઢબનું રાજકીય સંગઠન.

પ્રાયોગિક સંઘ અને ગ્રામસંગઠનોએ તૈયાર કરેલી પૂર્વ ભૂમિકાના આધાર પર લોકકલ્યાણના નવા નિયમો બનાવશે, જૂના સુધારશે.

આ રીતે આધ્યાત્મિક શક્તિ, સમાજની નૈતિકશક્તિ અને લોકશાહી રાજ્યની દંડશક્તિનો અનુબંધ અને સંયોજન થશે. જેમાંથી નિષ્પક્ષ લોકશાહી સ્થપાશે. રાજ્યનીતિ પર લોકનીતિનો અંકુશ આવશે. રાજ્ય ઓછું થતું જશે. સ્વરાજ્યની ભૂમિકા સર્જાતી જશે. અહિંસક ક્રાંતિ સર્વાંગી અને સંપૂર્ણ બનશે.''

આ લખાણ ૨૦ વર્ષ પહેલાં લખાયેલું છે. તે પહેલાના ૧૦ વર્ષના પ્રત્યક્ષ કાર્ય અને પ્રયોગોના અનુભવનું તેને પીઠબળ છે અને તે પીઠબળને તે પહેલાંના ૧૦ વર્ષના ગામડાંના જીવંત લોક સંપર્ક દ્વારા થયેલા લોકસંગ્રહના ચિંતનનું પોષણ મળ્યું છે. આમ ૪૦ વર્ષના સાતત્યપૂર્વક થયેલા પ્રયત્નોની પાર્શ્વભૂમિકા સાથે આ પ્રયોગનાં તારણો અહીં રજૂ કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

## ૨ સંપૂર્ણક્રાંતિ અને સર્વાંગીક્રાંતિ

ભાલ નળકાંઠા પ્રયોગમાં 'સર્વાંગી ક્રાંતિ'ની પાર્શ્વભૂમિકા સમજાવતા ૧૯૫૭ના લખાણનો થોડો ભાગ ગયા અંકમાં રજૂ કર્યો હતો. હવે 'સંપૂર્ણક્રાંતિ'ના વિચારો અને 'સર્વાંગી ક્રાંતિ'ના કાર્યાનુભવમાં રહેલા સમાન મુદ્દાઓ કે તત્ત્વો જોઈ લઈએ. આ મુદ્દાઓ નીચે મુજબ ગણાવી શકાય.

(૧) સંઘર્ષ (૨) સંગઠન (૩) સત્યાગ્રહ અને (૪) રાજકારણ.

આ ચાર તત્ત્વો ભાલ નળકાંઠા પ્રયોગમાં પ્રથમથી જ સામેલ રાખવામાં આવ્યાં છે અને એનાં અનેક કાર્યક્રમો દ્વારા પ્રયોગો કરી કરીને અનુભવ મેળવ્યો છે. જયપ્રકાશજીના સંપૂર્ણક્રાંતિના વિચારો સાથે આ અનુભવો સારી પેઠે અને

કેટલાક તો પૂરેપૂરાં મળતા આવે છે. એની વિગતો તો આ કોલમમાં નહિ આપી શકાય. એ માટે જુદું પુસ્તક લખાય એટલી બધી સામગ્રી છે. એટલે અહીં તો માત્ર એ ચારે તત્ત્વો પર નજર ફેરવવા પૂરતો થોડો અછડતો ઉલ્લેખ જ કરીશું.

**(૧) સંઘર્ષ :**

પરસ્પર હિતવિરોધ હોય ત્યાં સંઘર્ષનાં બી પડેલાં જ છે. હિતવિરોધ પોતે જ સંઘર્ષનું બી છે. જમીનદાર અને ગણોતિયો, ખેડૂત અને ખેતમજૂર, માલિક અને નોકર, વેચનાર અને ખરીદનાર એમ દરેક ક્ષેત્રમાં બે વર્ગ વચ્ચે જ્યાં હિતવિરોધ છે ત્યાં સંઘર્ષ છે જ. ભલે એ સપાટી ઉપર આવીને આમનેસામને અથડામણ કરતાં ન દેખાય, પણ માનસિક રીતે તો સંઘર્ષ ચાલુ જ હોય છે અને નિમિત્ત મળતાં તેનો વિસ્ફોટ થાય જ છે. સમાજ પરિવર્તનની કોઈપણ પ્રક્રિયા કરીએ. આ હિતવિરોધમાં પડેલા સંઘર્ષનો વિચાર કરવો જ રહ્યો. શાંતિ અને અહિંસામાં માનનારા હોય એમણે એનો વિચાર અહિંસાની દૃષ્ટિએ કરવો જોઈએ એ ખરું વળી સંઘર્ષની ખાતર સંઘર્ષ ન હોય. પણ એ છેવટનું અને અનિવાર્ય એવું અંતિમ કે આપદ્ધર્મ તરીકે આવી પડેલું કર્તવ્ય સમજવું જોઈએ એ પણ સાચું. પણ સંઘર્ષ નથી એમ સમજીને કે એના તરફ ઉદાસીન રહીને કે એને એક બાજુ રાખી દઈને તો સામાજિક પરિવર્તનના કામમાં આગળ વધી કેમ શકાય ?

ભાલ નળકાંઠા પ્રયોગના પાયામાં ધર્મ (સાંપ્રદાયિક ધર્મ નહિ, પણ વ્યાપક સદ્ધર્મ) દૃષ્ટિ છે. એટલે સંઘર્ષમાં વર્ગ વિગ્રહનો તો સવાલ જ ન હતો પણ પ્રયોગ સામે સવાલ હતો સંઘર્ષના અહિંસક સ્વરૂપનો અને એ માટે શાંત પ્રજાબળ પેદા કરવાની કાર્યપદ્ધતિનો. આનો વિચાર સત્યાગ્રહના મુદ્દાની ચર્ચા વખતે કરીશું. અહીં તો સંઘર્ષના તત્ત્વ વિષે જયપ્રકાશજીનાં થોડાં મંતવ્યો જોઈએ લઈએ.

**'સંપૂર્ણક્રાંતિની ખોજ'**માં એમણે કહ્યું છે :

પહેલાં જ્યારે આ વિષે વિનોબાજીને પૂછવામાં આવતું ત્યારે સંઘર્ષનું યે આમાં સ્થાન છે એ વાતનો એમણે કદીયે ઈન્કાર નથી કર્યો. તેમ છતાં તેને માટે કોઈ રસ્તો પણ એમણે ક્યારે ય નથી બતાવ્યો.'

'હું હંમેશાં એમ અનુભવ્યા કરતો કે જ્યારે જ્યારે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જતી કે જ્યારે સંઘર્ષ છેડવો પડે ત્યારે કોઈ ને કોઈ રીતે ભારે સીફતથી એમણે (વિનોબાજીએ) તેને ટાળવાની કોશિશ કરી છે.' (પા.૧૯૩)

'સ્થાપિત હિતો તરફથી વિરોધ ખડો થાય ત્યાં સત્યાગ્રહ રૂપી સંઘર્ષ કરવો

પડે છે. કાયદો કરી દેવાથી કંઈ સમાજ બદલાતો નથી. સંપૂર્ણક્રાંતિ સરકારી શક્તિથી નહિ, જનશક્તિથી જ થઈ શકે છે.' (પા. ૧૩૩)

'વર્ગસંઘર્ષમાં હિંસાને દૂર રાખી શકાય છે. વર્ગ સંઘર્ષ શાંતિમય સંઘર્ષના રૂપમાં, અસહકારના રૂપમાં, સત્યાગ્રહના રૂપમાં થઈ શકે છે.'

'નેતૃત્વની યોગ્યતા અને સંગઠન પર તેની અસર બરાબર હોય તો મારી કલ્પનાનો વર્ગસંઘર્ષ વ્યાપક સત્યાગ્રહનું રૂપ લેશે.' (પા. ૧૪૫)

"હું આખાયે પ્રશ્નને કંઈક આવી રીતે જોઉં છું. સમાજમાં બે શક્તિ છે. એક કમજોર અને એક મજબૂત. સર્વોદય આંદોલનમાં આપણે સબળાઓને જ ધ્યાનમાં રાખ્યા અને સમજાવટથી એમને બદલવાનો પ્રયાસ કર્યો. નબળા જે છે, પછવાડે રહી ગયેલા જે છે એમની સર્વોદય આંદોલનમાં બહુ ઓછી ભૂમિકા રહી છે. આ પ્રક્રિયામાં વ્યક્તિગત રીતે કેટલાક લોકોનું માનસ બદલાયું. પરંતુ આખાય વર્ગના રૂપમાં એ બદલાશે એમ નથી લાગતું. આટલાં વરસ સ્વરાજ્યને થઈ ગયાં. આપણા કામને થઈ ગયાં. કેટલું બદલી શક્યા આપણે ?

જે ઊંચી જાતિના લોકો છે તે મોટે ભાગે આર્થિક દૃષ્ટિથી પણ સંપન્ન છે. તેઓ નીચી જાતિવારાને મનુષ્યની સામાન્ય હેસિયત પણ દેવા માગતા નથી. માલિક મજૂરો સાથે જેમ તેમ બોલશે. નીચ જાતિના લોકોને એક ખાટલા પર આપણી સાથે બેસવા માટે પણ બહુ સમજાવવા પડે છે. આ બધા સામંતવાદના અવશેષ છે. મજૂરીની બાબતમાં સપ્લાઈડ એન્ડ ડિમાન્ડનો હિસાબ ચાલે છે. જ્યાં મજૂરો ઓછા છે ત્યાં એમની મજૂરી વધારે છે અને એમની સાથે વહેવાર પણ ઠીક થાય છે. જ્યાં મજૂરોની છત છે, ત્યાં મજૂરી પણ ઘણી ઓછી છે અને એમની સાથે ઘણા અમાનવીય વહેવાર થાય છે.

ત્યારે આ સ્થિતિ કેમ બદલાશે ? એ આપણે વિચારવું જોઈએ. એક બાજુ કહીએ છીએ કે વર્ગ સંઘર્ષ થાય જ નહિ કેમકે તે સર્વોદય વિચારની વિરુદ્ધ છે. બીજી બાજુ હૃદયપરિવર્તન થાય જ નહિ કેમ કે તે માટે આવશ્યક એવી પરિસ્થિતિ આપણે ઊભી નથી કરી શકતા. ત્યારે શું થશે ? વચ્ચે આજે કોણ પીસાઈ રહ્યું છે ? શું આપણે સિદ્ધાંતની ચર્ચા કરતા રહીએ અને સ્થિતિમાં કશો ય ફરક ન પડે તો આપણને સંતોષ થશે ?

ટૂંકમાં મારે કહેવું એ છે કે સર્વોદય આંદોલને વર્ગ-નિરાકરણનો જે વિચાર મૂકેલો તે દિશામાં બહુ પ્રયોગ નથી થયા. પરંતુ એ વિચાર આજે નેતૃત્વવિહિન

બની ગયો છે. વિનોબાજી સામાજિક કામોમાંથી સંન્યાસ લઈ ચૂક્યા છે. મારી અથવા ધીરેનભાઈની એવી સ્થિતિ નથી કે નેતૃત્વ કરી શકીએ. હું એમ નથી કહેતો કે એ વિચારને માન્ય કરીને જે કામ થઈ રહ્યાં છે તે બંધ થઈ જાય. એ દિશામાં પ્રયોગો કરનારા પ્રયોગ જરૂર કરે અને તેમાં મને રસ પણ રહેશે. પરંતુ મને નથી લાગતું કે એ પદ્ધતિથી આપણે ક્યાંય પહોંચી શકીશું. મારે કહેવું જોઈએ કે આ વિચારમાં વ્યક્તિગત રીતે મારો પોતાનો વિશ્વાસ પહેલાં કરતાં ઓછો થયો છે. મને આજે નથી લાગતું કે સર્વોદય આંદોલનમાં અથવા તો કોઈ પ્રકારની સ્વૈચ્છિક એજન્સીમાં એટલી તાકાત હોય અથવા હોઈ શકશે કે જેથી તે વર્ગ સંગઠનને તોડી નાખે. આ પરિસ્થિતિમાં બીજો રસ્તો શોધવો પડશે.

આ સંદર્ભમાં મેં વર્ગ સંઘર્ષના નવા અહિંસક સ્વરૂપની વાત મૂકી છે.'

(પા. ૧૯૧)

"સંઘર્ષ અને રચનાની બેવડી પ્રક્રિયા ક્રાંતિને ફળીભૂત કરવા માટે આવશ્યક છે."

"રચનાત્મક અને સંઘર્ષાત્મક કામ એક બીજાથી અલગ અલગ નહિ ચાલી શકે રચના સંઘર્ષ વિના થઈ નથી શકતી કેમ કે રચનામાં પરિવર્તન અથવા ક્રાંતિ નિહિત છે. એવી જ રીતે પરિવર્તન અને ક્રાંતિમાં રચના નિહિત છે." (પા. ૨૦૩)

જયપ્રકાશજીના આ વિચારો સાથે હવે ભાલ નળકાંઠા પ્રયોગનાં તારણો પણ થોડાંક જોઈ લઈએ. 'ભૂદાનયજ્ઞ"માં આવેલા એક લેખના અનુસંધાનમાં ભાલ નળકાંઠા સમાચારની પત્રિકા 'ગ્રામ સંગઠન'ના તા. ૨૬ ઑગષ્ટ ૬૯ના અંકમાં લખ્યું છે :

"પરિવર્તનની કોઈપણ પ્રક્રિયામાં જૂના અને નવા વચ્ચે સંઘર્ષ તો રહેવાનો. અહિંસક ક્રાંતિમાં માનવાળાઓએ સંઘર્ષને અહિંસક રૂપ આપવાનો પુરુષાર્થ કરવો જોઈએ. સહકારનું તત્ત્વ એમાં જોઈએ જ. જૂનામાં જે કંઈ સારું છે તેનું સાતત્ય જાળવવું જ રહ્યું. માનવજાતે કરેલી પ્રગતિને ધોઈ નાખવાની કાંઈ જરૂર નથી. સાથે સાથે નવાંનાં મૂળ નાખવામાં બાધક હોય તેવાં જૂનાંને દૂર પણ કરવું જ રહ્યું. ખેતીનો પાક લેવામાં જેમ નિંદામણ કરવું પડે છે તેમ પ્રતિકારની પ્રક્રિયા વિના આ જૂનું ઊખડે નહિ. નવાનાં મૂળ નાખવા માટે જગા થાય નહિ.

સાતત્ય માટે જરૂરી સહકાર અને પરિવર્તન માટે આવશ્યક પ્રતિકાર. આ પ્રક્રિયા વડે જ ક્રાંતિ પૂર્ણ થઈ શકે ને ક્રાંતિએ મેળવેલી સિદ્ધિ સ્થિર બની શકે. આ પ્રક્રિયા અહિંસક રહે એ માટે કેટલાક પાયાના આગ્રહો રાખવા જોઈએ.

## ૧. કાનૂન પાલન

અહિંસક સમાજ રચનાનો પાયો લોકશાહી વ્યવસ્થા છે. તેથી લોકશાહી બંધારણ અને કાયદાનો ભંગ ન કરવો.

## ૨. લોકઆંદોલન

લોકશાહી વ્યવસ્થાનું વર્તમાન સ્વરૂપ વર્તમાન સમાજનું જ પ્રતિબિંબ હશે. સમાજ જેટલો અપૂર્ણ એટલે અંશે લોકશાહી, તેનું બંધારણ અને કાનૂન અપૂર્ણ. આ ક્ષતિ નિવારવા, સુધારવા કે પૂર્તિ કરવા શાંત પ્રજાબળ કામે લગાડી 'લોક આંદોલનો' ચલાવવાં.

ચૂંટણી ટાણે મત આપવો એટલું જ લોકોનું કામ નથી. ત્યાર પછી પણ સતત જાગૃત રહી સંગઠિત લોકમતનો પ્રભાવ રાજ્ય ઉપર પડે એમ થવું જોઈએ. જેથી જૂનાં મૂલ્યોને સ્થાને નવાં મૂલ્યોની સ્થાપના કરવાના કાર્યને લોકમતના ટેકાથી બંધારણીય અને કાનૂની સ્વરૂપ આપી શકાય.

## ૩. નૈતિક સમર્થન

આ લોકઆંદોલનને નવાં મૂલ્યોમાં માનનારા નૈતિક બળોનું સમર્થન હોવું આવશ્યક ગણવું જોઈએ.

## ૪. બિનરાજકીય નેતૃત્વ

આંદોલનનો હેતુ રાજકીય સત્તા મેળવવાનો ન હોવો જોઈએ અને તેથી રાજકીય ખેંચાખેંચીથી મુક્ત રાખવા માટે તેનું નેતૃત્વ બિનરાજકીય હાથોમાં રહેવું જોઈએ.

આમ સહકાર, પ્રતિકાર, સંગઠન અને રાજકારણની શુદ્ધિના પાયા ઉપર પ્રજાના પુરુષાર્થને બેઠો કરવાની આજે અગાઉ કોઈ કાળે ન હતી તેવી જરૂર છે. પરિસ્થિતિનો આ પડકાર છે. આ દિશામાં સહુ વિચારે, સક્રિય બને એવી આશા રાખીએ.'' (ગ્રામ સંગઠન ૨૬-૮-૬૯)

**સંઘર્ષ** શબ્દ બોલતાંની સાથે જ એની સાથે લાગેલી ભૂતકાળની વળગણા-વર્ગવિગ્રહ-હિંસા-આપણી નજર સામે તરી આવે એ સ્વાભાવિક છે. શ્રી જયપ્રકાશજીએ સ્પષ્ટપણે આની ચોખવટ કરી જ છે કે ''વર્ગ સંઘર્ષમાં હિંસાને દૂર રાખી શકાય છે. વર્ગસંઘર્ષ શાંતિમય સંઘર્ષના રૂપમાં, અસહકારના રૂપમાં, સત્યાગ્રહના રૂપમાં થઈ શકે છે. નેતૃત્વની યોગ્યતા અને સંગઠન પર તેની અસર બરાબર હોય તો મારી

કલ્પનાનો વર્ગસંઘર્ષ વ્યાપક સત્યાગ્રહનું રૂપ લેશે."

અલબત્ત, વર્ગસંઘર્ષનું નવું અહિંસક સ્વરૂપ એ પ્રયોગો કરીને શોધવાનો વિષય છે એમ પણ તેમણે કહ્યું છે.

ખૂબ જ નમ્રપણે કહીશું કે ભાલ નળકાંઠામાં પરસ્પર હિતવિરોધી એવા અનેક પ્રસંગોમાં સંઘર્ષના તત્ત્વને દાખલ કરીને તેને અહિંસક સ્વરૂપ આપવાની દિશામાં પ્રભાવશાળી કાર્ય થયું છે.

અલબત્, આ નાના ક્ષેત્રના અલ્પશક્તિના પ્રયોગો જ છે. પણ એના પરિણામે સંઘર્ષને અહિંસક સ્વરૂપ આપી શકાય તેવી શ્રદ્ધા અને વિશ્વાસ વધ્યાં છે.

## 3 સંગઠનબળ

બીજો સમાન મુદ્દો છે સંગઠનનો.

જે પીડિત છે, જે શોષિત છે તેમનું તો સંગઠન હોવું જ જોઈએ. અલબત્ત એ સંગઠનનો પાયો આર્થિક કે રાજકીય નહિ પણ નૈતિક અને રાષ્ટ્રિયહિતને પોષક એવો વ્યાપક હોવો જોઈએ.

ભાલ નળકાંઠા પ્રયોગમાં પ્રથમથી જ ગામડું, પછાતવર્ગ અને નારીજાતિને કેન્દ્રમાં રાખીને સંગઠનાત્મક એવી અનેક સંસ્થાઓની રચના કરવામાં આવી છે.

'સંપૂર્ણક્રાંતિની ખોજ'માં જયપ્રકાશજીએ સંગઠન અને સંસ્થાઓ વિષે જે મંતવ્યો જણાવ્યાં છે તે હવે જોઈએ :

"લોકોનું રાજકારણથી મુક્ત એવું સંગઠન તેમના પ્રશ્નો ઉકેલવામાં તથા તેમના પગ મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે. ગામડાંના યુવકો, ખેડૂતો, મજૂરો, હરિજનો, આદિવાસીઓ વગેરેની વચ્ચે જઈને એમને વિચાર સમજાવવાનું અને એમનું સંગઠન ખડું કરવાનું કામ જો નહિ કરીએ તો આ સંપૂર્ણક્રાંતિની પ્રગતિ રૂંધાઈ જશે. લોકશિક્ષણ દ્વારા જ લોકચેતનાને જાગ્રત ને જીવંત રાખવાનું કામ થઈ શકશે." (પા. ૧૬૪)

"સંપૂર્ણક્રાંતિના ઉદ્દેશો માટે સમર્પિત યુવકોનું એક સંગઠન અત્યંત જરૂરી છે એક એવું સંગઠન કે જે પક્ષોના અથવા એમના યુવા સંગઠનોના દાયરામાં બંધાયેલું ન હોય. સત્તામાં જઈને પોતાનું સ્થાન જમાવવાની જેને લાલસા ન હોય, અને જે લોકશક્તિ જગાડવામાં તેમજ તેને સંગઠિત કરવામાં પોતાની પૂરેપૂરી શક્તિ લગાડવા માગતું હોય.' (પા. ૨૦૦)

"એટલે બિહારના આંદોલન વખતથી હું એમ કહેતો રહ્યો છું કે આપણા લોકતંત્રની આ બેઉ ઊણપો (ઉમેદવારની પસંદગીમાં મતદારોનો કોઈ હાથ હોતો નથી અને ચૂંટણી પછી પોતાના પ્રતિનિધિ ઉપર મતદારોનો કોઈ અંકુશ નથી. (પા. ૧૬૫) દૂર કરવાની આપણે કોશિશ કરવી છે અને તેથી આંદોલનની સાથે સાથે છેક નીચેના સ્તરેથી જનતાનું સંગઠન ઊભું કરવા પર ભાર મૂકતો રહ્યો છું કે આપણા લોકતંત્રમાં આપણે એક શક્તિને દાખલ કરવી છે અને તે છે જનશક્તિના સંગઠનો દ્વારા રાજ્ય પર અંકુશ રાખવાની શક્તિ. (પા. ૧૬૬)

"આ ઉપરાંત આપણે જનતાને એ રીતે પણ કેળવવી છે અને સંગઠિત કરવી છે કે સમાજ પરિવર્તનમાંયે એ પોતાનો અભિક્રમ લઈને સક્રિય બને પરંપરાગત રાજનીતિએ તો આ તરફ બીલકુલ ધ્યાન નથી આપ્યું. બધો મદાર કાયદા, વહીવટી પ્રક્રિયાઓ, યોજનાઓ વગેરે ઉપર જ રહ્યો છે. પરંતુ આજે એવા કેટલાયે કાયદા કાગળ ઉપર જ છે. જેનો જનતાના સક્રિય સાથ વિના અમલ કરવો શક્ય નથી. જમીનની ટોચ મર્યાદા, બેનામી માલિકી, ભૂમિહિનોમાં જમીન વહેંચણી, સાંથ ખેડ, ન્યુનતમ ખેતમજૂરી, ઘરઠાણની જમીન, ધીરધાર વગેરે બાબતોમાં જેટલા કાયદા છે તેનો કેવળ વહીવટીતંત્ર દ્વારા કદાપીઅમલ થઈ શકવાનો નથી. માટે સારા સારા કાયદાનાયે અમલ માટે જનશક્તિને જગાડવી પડશે. લોકસમિતિ દ્વારા જે કરવાનું છે તે આ કરવાનું છે. નાના નાના ગામથી માંડીને ઉપર સુધી લોકસમિતિઓ રચાય અને તે બધી સક્રિય બને તો આ કામ પણ આસાન થઈ શકે." (પા. ૧૨૭)

'સ્વરાજ્ય મળ્યા બાદ થોડા જ મહિનામાં ગાંધીજીની હત્યા થઈ ગઈ અને રાષ્ટ્રીય સ્વતંત્રતાની લડત બાદ સામાજિક ક્રાંતિ કઈ રીતે થઈ શકે તે બતાવવાનો અવસર જ ન મળ્યો. આવી ક્રાંતિ માટે લોકશક્તિ જગાડવાનું ગાંધીજીનું સ્વપ્નું હતું અને એ જ એમની સાધના હતી. એમણે સત્તાને આવી ક્રાંતિનું માધ્યમ માનવાને બદલે સેવા, સહકાર અને સંગઠનને સામાજિક પરિવર્તનનું સાધન બનાવ્યું હતું. અને એટલા જ માટે તો સ્વાતંત્ર્ય મળ્યા બાદ ગાંધીજીએ પોતે કોઈ પદ ન સ્વીકાર્યું. બલ્કે કૉંગ્રેસ સંસ્થાને પણ પોતાનું વિસર્જન કરી જનસાગરમાં કૂદી પડવાની સલાહ એમણે આપી હતી. એટલે આ સંપૂર્ણક્રાંતિનું જ એક આગવું ચરણ છે એમ કહી શકાય. (પા. ૧૩૧)

'સૌથી નબળાં માણસોના હિતમાં કામ કરવા માટે રાજ્ય સત્તાને ફરજ પાડી શકે તેવી પ્રભાવકારી જનશક્તિ અને તેમાંથી એવી સંસ્થાઓના માળખાં (ગાંધીજી) ઊભા કરવા માગતા હતા કે જેનો પ્રભાવ રાજ્યને સત્તાનો સામાજિક કલ્યાણમાં

સાર્થક રીતે ઉપયોગ કરવાની ફરજ પાડે. એમનું વર્ચસ્વ અને પ્રભાવ જ, સત્તાના સદ્‌ઉપયોગની બાંહેધરી બની રહે.' (પા. ૧૩૨)

'સવાલ કેવળ એ શક્તિને ઢંઢોળવાનો, એને સંગઠિત કરવાનો અને ચાલવા દેવાનો છે.' (પા. ૮૩)

હવે ભાલ નળકાંઠામાં સંગઠનનું સ્વરૂપ, કાર્યક્રમ અને એની અસર વિષે જે લખાણો આજ પહેલાં થયાં છે તેમાંથી થોડાંક અંશો જોઈ લઈએ.

આજથી ૨૦ વર્ષ પહેલાં ભાલ નળકાંઠાના ગ્રામસંગઠને ગણોતધારાના કાયદામાં ખેડૂતના હિતવિરુદ્ધ કેટલીક વાતો હતી તેની સુધારણા માટે સમજુતી, વાટાઘાટ અને સમાધાનના બધા માર્ગો લીધા પછી છેવટના સાધન તરીકે તે વખતની કૉંગ્રેસ સરકાર સામે સત્યાગ્રહ-શુદ્ધિ પ્રયોગ શરૂ કર્યો હતો. તે બારામાં એક પ્રખર વિચારક એવા એક ટોચના ભૂદાન કાર્યકરે ગુંદી આવીને બે એક દિવસ રહીને અનેક રીતે આ મુદ્દાને સમજવાની કોશિશ કરી હતી. તેમાં એક મુદ્દો સંગઠનનો પણ હતો. એમણે પ્રશ્ન કર્યો કે -

"સંગઠન આવે એટલે એનું બંધારણ, શિસ્ત-ધોરણો વગેરે આવે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય પૂર્ણરૂપમાં ન જાળવી શકાય. વ્યક્તિને માથે નિર્ણય લાદવા જેવું પણ બને. વળી વ્યક્તિઓ સંગઠનમાં આવે છે તે પોતાની નબળાઈઓ લઈને જ આવે છે. નબળાઈઓનો સરવાળો થઈને સંગઠન પોતે જ નુકસાનકારક ન બને ?"

**જવાબ** - "જોખમ ખરું પણ એનો ઉપાય શોધવો એ જ રસ્તો છે. જોખમ છે માટે સંગઠનનો જ ઈન્કાર કરીશું તો સામાજિક રીતે કામો નહિ થઈ શકે. કોઈપણ ક્રાંતિના વિચારનું ઉગમસ્થાન ભલે વ્યક્તિ હોય પણ એ વિચારને સામાજિક આચારમાં પરિણત કરી સમાજમાં સ્થિર કરવો હોય તો સંસ્થા-સંગઠન અનિવાર્યજ છે. સંગઠનમાં વ્યક્તિનું વ્યક્તિત્ત્વ પૂરેપૂરું જળવાય અને છતાં સામાજિક મૂલ્યની દૃષ્ટિએ એ સ્વાતંત્ર્ય બાધક ન બને એવું શિસ્તનું ધોરણ ઊભું કરવું જોઈએ."

વચ્ચે ભૂદાન કાર્યકરે પ્રશ્ન પૂછ્યો :

"પણ એ કઈ રીતે બની શકે ?"

**જવાબ** - ગણોતધારા શુદ્ધિ પ્રયોગના પ્રશ્નમાં અમારી સંસ્થાએ એમ કર્યું છે. ગણોતધારાની અસર અથવા શુદ્ધિપ્રયોગ વિષે સંસ્થાનો જે દૃષ્ટિકોણ છે તેનાથી જુદો દૃષ્ટિકોણ સંસ્થાના સભ્ય કે કાર્યકર ધરાવતા હશે તેને તેના મત પ્રમાણે પ્રચાર કરવાની સંસ્થાએ છૂટ રાખી છે. એને શિસ્તભંગ નહિ લેખાય. પણ સમાજે જે

મૂલ્યનો સ્વીકાર કર્યો છે જેમ કે શીલનું પાલન, ચોરી ન કરવી, વિશ્વાસઘાત ન કરવો. તેનો કોઈ ભંગ કરે તો તેવા સભ્યની સામે ના ઈલાજે પગલાં ભરવાં જોઈએ. છેવટે સંસ્થામાંથી છૂટા પણ કરવા પડે.

બીજી વાત વ્યક્તિઓની નબળાઈના સરવાળાની.

સંગઠનની વિરુદ્ધમાં જેમ આ વસ્તુ જાય છે તેમ સંગઠન કરવાની તરફેણમાં આ વસ્તુને લાવી શકાય છે. વ્યક્તિ જ્યારે સમૂહમાં આવે છે ત્યારે, તેને માથે એક જવાબદારી આવે છે. નબળાઈ બહાર આવવાને બદલે તેને ખંખેરી નાખવાની તક વધુ મળે છે. પરસ્પરની હૂંફ અને મદદથી નબળાઈને તે જલદી દૂર કરી શકે છે. અલબત્ત સંગઠનનો પાયો નૈતિક અને આધ્યાત્મિક હોવો જોઈએ. આવા સંગઠનોમાં સદ્‌ગુણોનો સરવાળો અને દુર્ગુણની બાદબાકી કરવાને જ વધુ અવકાશ રહે છે. એટલે સંગઠન માત્રનો ઈન્કાર કરવો એ બરાબર નથી લાગતું.''

('શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો' પા. ૧૮૪)

૧૯૬૬માં ગુજરાત સર્વોદય સંમેલન બારડોલીમાં મળ્યું હતું. તેને અનુલક્ષીને 'વિશ્વવાત્સલ્ય'માં ગ્રામદાન આંદોલનની મર્યાદાઓ' મથાળા નીચે એક લેખમાં સંગઠન વિષે આ પ્રમાણે જણાવ્યું છે.

''સંગઠનનો અભાવ એ ગ્રામદાન આંદોલનની એક વધુ મર્યાદા છે. સંગઠન કે સંસ્થામાં તંત્ર છે. શાસન છે. શિસ્ત છે. લઘુમતી-બહુમતી છે. તેથી હિંસા છે. માટે કાર્યક્રમને કોઈપણ તબક્કે સંગઠનનો નિષેધ (ગ્રામદાન આંદોલનમાં) ગણવામાં આવ્યો છે.

જેમ દેહ છે તો દેહને ટકાવવા માટે હિંસા અનિવાર્ય છે. પણ તેથી આપઘાત થઈ શકતો નથી.પણ ઓછામાં ઓછી હિંસાથી જીવનની રીત શોધવાનો પ્રયત્ન કરતાં કરતાં જીવીએ છીએ, તેમ સંગઠનમાં હિંસા અનિવાર્ય છે માટે તેને ક્ષમ્ય ગણીને ચાલવું રહ્યું. ઓછામાં ઓછું તંત્ર, ઓછામાં ઓછું શાસન, સ્વૈચ્છિક શિસ્તનું ઉચ્ચ ધોરણ, સર્વાનુમતિની પ્રણાલી એમ સંગઠનોની નબળાઈઓ દૂર રહીને સંઘશક્તિનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. જેની સામે ટક્કર લેવી છે તે શક્તિ સંગઠિત છે. તો તેની સામે પણ સંગઠન શક્તિને જ કામે લગાડવી જોઈએ.''

(તા. ૧ જૂન ૬૬ 'વિશ્વવાત્સલ્ય')

ભૂમિપુત્રના તા. ૨૬-૬-૭૦ અંકમાં 'લોકશાહીનું ભારતીકરણ કરીએ' એ મથાળા નીચે વિનોબાજીના વિચારો પ્રગટ થયા હતા. એમાં વર્તમાન લોકશાહીના સ્વરૂપનું પૃથક્કરણ કરીને તેમાં રહેલા દોષો બતાવી કેટલાંક વિધાનો તારવી દોષ

નિવારણના કેટલાક ઉપાયો સૂચવ્યા હતા.તેના અનુસંધાનમાં ભાલ નળકાંઠા પ્રયોગનાં તારણો આપતાં લખ્યું છે :

"રાજ્યસત્તા અને રાજકીય પક્ષથી સ્વતંત્ર અને નૈતિક મૂલ્યોનું સિંચન કરતી એવી સંસ્થાઓનું નિર્માણ કરવું જેનાથી કોમી, જ્ઞાતિય, ભાષાકીય, પ્રાદેશિક, સાંપ્રદાયિક વગેરે સંકુચિત લાગણીઓનું નિરાકરણ થઈ શકે."

"રાજકારણ અને જાહેર જીવનની શુદ્ધિ માટે સત્તા અને સંપત્તિ નિરપેક્ષ એવા સેવકોની સંસ્થા-સંગઠનો થવાં જોઈએ.

"યાંત્રિક બહુમતીથી નહિ પણ ગુણ દોષ પર નિર્ણય બાંધી શકે, અને વિવેક બુદ્ધિથી સર્વાનુમતિ સાધે તેવી પ્રજાકીય સંસ્થાઓ-સંગઠનો ઊભાં કરવાં જોઈએ. જે વર્તમાન લોકશાહી બહુમતીના સમાજહિત વિરોધી નિર્ણયોને સુધારવાની સત્તાધારી પક્ષને ફરજ પાડે તેવું શાંત પ્રજાકીયબળ પેદા કરે અને નિષ્પક્ષ, નિષ્ણાત અને રાગદ્વેષથી પર રહે તેવું તજજ્ઞ નેતૃત્વ ઘડે અને પૂરું પાડે."

(તા. ૨૬-૭-૭૦ 'ગ્રામસંગઠન')

સંગઠનની ભૂમિકા વિષે શ્રી સંતબાલજીએ લખ્યું છે :

"કૉંગ્રેસના સ્પષ્ટ બે પ્રહાવો પડ્યા નથી ત્યાં લગી અનેક પ્રશ્નો એવા આવી પડવાના કે જ્યારે (કૉંગ્રેસની) પ્રાંતિક સમિતિ અને ખેડૂત મંડળો બન્ને વચ્ચે સૈદ્ધાંતિક મતભેદ ઊભો થાય. તો લવાદી પ્રથાથી પણ જેનો નીકાલ ન થઈ શકે તેવા સત્યાગ્રહના મુદ્દામાં વ્યક્તિ માત્ર જેમ સ્વતંત્ર છે તેમ ખેડૂત મંડળો (ગ્રામ સંગઠનો) પણ સ્વતંત્ર હોવાં જોઈએ." (તા. ૧-૪-૪૮, વિશ્વવાત્સલ્ય)

"શ્રી વિનોબાજીનું ભૂદાન આંદોલન ગ્રામસંગઠનોની પૂર્વ ભૂમિકા તૈયાર કરે છે. દેશમાં ત્યાગનું વાતાવરણ સર્જે છે. પણ આજે દેશમાં ત્યાગની સાથોસાથ અન્યાય સામેની પ્રતિકારક શક્તિ અને ઊંડી શુદ્ધિની જે જરૂર છે તે ગ્રામસંગઠનો વિના નહિ ઊભી થાય. એટલે દેશભરમાં ગ્રામસંગઠનો ઝડપી થઈ જવાં જોઈએ."

(તા. ૧૬-૧૧-૫૩, વિશ્વવાત્સલ્ય)

"સ્વરાજ્ય આવી ગયા બાદ બાપુએ કૉંગ્રેસને કહ્યું : 'લોકસેવક સઘમાં પલટી જાઓ.' બાપુને બરાબર ખ્યાલ હોવો જોઈએ કે કૉંગ્રેસ જેવી દેશની મહાન સંસ્થા જો આવતી આર્થિક અને સામાજિક ક્રાંતિનું પાયાનું કામ ઉપાડી લે તો રાજકીય શુદ્ધિ આપોઆપ જળવાશે અને સમગ્ર દેશના ઘડતરમાં કૉંગ્રેસ જેવી તાકાત કામે લાગશે. પરંતુ બાપુની આ વાત કૉંગ્રેસ ન સ્વીકારી શકી. ત્યારના

સંયોગો પણ ભારે વિચિત્ર હતા. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશનું નૈતિક બળ ટકાવી રાખે તેવા બળની ભારતના અનુશાસન માટે જરૂર પણ હતી. કોમવાદ અને વિશ્વનાં રાષ્ટ્રોની આક્રમક વૃત્તિ સામે કૉંગ્રેસે રાજકીય હોદ્દા પર બેસીને સારો એવો આંચકો આપ્યો. આમ બધું થવા છતાં, આર્થિક અને સામાજિક ક્રાંતિની દિશાના લોકઘડતરમાં કૉંગ્રેસ સંસ્થા તરીકે ખાસ કામ ન આપી શકી. કાયદાઓ દ્વારા એણે રાજકીય ક્ષેત્રે આર્થિક અને સામાજિક કામો તો તનતોડ કર્યાં. પરંતુ ધરમૂળથી પરિવર્તન તે ન કરી શકી. દા. ત. જમીનદારી નાબૂદી, બેકારી નિવારણ, ગ્રામોદ્યોગ સમર્થન. આમ બધું સ્વીકારવા છતાં આજે કૉંગ્રેસમાં જે વર્ગની બહુમતી છે તે ધરમૂળની ક્રાંતિને માટે તૈયાર નથી.

"મને લાગે છે કે કૉંગ્રેસ આર્થિક સામાજિક ક્રાંતિનું ઉત્પાદક બળ નહિ બની શકે. પણ એનું સર્વોત્તમ વાહકબળ જરૂર બની શકશે."

"વિનોબાજી નિમિત્તે ભૂદાનનો એક કાર્યક્રમ તો દેશને મળ્યો જ છે. પણ સંસ્થાગત બળની ખામી એમાં રહી ગઈ છે. વિનોબાજી પોતે સંસ્થાઓમાં માનતા નથી. છતાં તેઓ સંસ્થાની શક્તિને સ્વીકારે જ છે. બાપુજીએ સમાજથી ભાગવાને બદલે સમાજમાં રહીને સંગઠન દ્વારા માટીમાંથી મહાશક્તિનું ભાન કરાવ્યું તેમ સંસ્થા બનાવવી જ જોઈએ. આવી સંસ્થા માટેનો મસાલો ગામડાંઓમાં અકબંધ પડ્યો છે. ગામડું ગામડું એમ અલગ એકમોમાં સંગઠન તો જૂના કાળમાંય હતું. પણ ગામડાઓનું રાષ્ટ્રલક્ષી સંગઠન આજ પહેલાં કદી જ નહોતું. જ્યાં લગી વિજ્ઞાને ઝડપ નહોતી આદરી ત્યાં લગી આમ ચાલ્યું પણ હવે નહિ ચાલે.

તે કાળે ત્યાગથી ચાલતું. હવે ત્યાગની સાથોસાથ રોજે-રોજના જીવનમાં નીતિન્યાય જોશે. આવો નીતિન્યાયનો સંગઠિત અવકાશ, આજે માત્ર પાયાની કાચી ચીજો પેદા કરે છે, તેવા વર્ગોમાં ખાસ કરીને રહેલો છે, આથી જ હું ભૂદાનયજ્ઞને ગ્રામસંગઠન સાથે જોડી દઉં છું. ગામડાંઓનું સંગઠન થવાથી શોષણવીહિન સમાજરચનાનું કામ સાવ સરળ બની જશે."

(તા. ૧૬ ઓગષ્ટ ૫૩ : 'વિશ્વવાત્સલ્ય')

# ૪ અન્યાય પ્રતિકાર અને સત્યાગ્રહ

અગાઉના હપતામાં આપણે સંઘર્ષ અને સંગઠનના મુદ્દાઓ જોયા. હવે જોઈએ ન્યાય પ્રતિકાર અને સત્યાગ્રહનો મુદ્દો.

**'સંપૂર્ણક્રાંતિની ખોજ'**માં શ્રી જયપ્રકાશજીએ કહ્યું છે :

"આપણે ઈચ્છીએ છીએ કે ભારતમાં ગાંધીના માર્ગે એક સંપૂર્ણક્રાંતિ અહિંસાના માધ્યમથી થાય. આવી સંપૂર્ણક્રાંતિને લીધે એક નવો સમાજ એક નવ રચના માટે એક એવી ક્રાંતિની જરૂર છે જે સંપૂર્ણ હોય અને સમગ્રપણે હોય. તે સમાજના એકેએક અંગને અને ક્ષેત્રને સ્પર્શે. સાથે સાથે એ વ્યક્તિના જીવનને પણ આંદોલિત કરે. વ્યક્તિ અને સમાજ બન્નેમાં સર્વાંગી પરિવર્તન લાવવાની શક્તિ આ સંપૂર્ણક્રાંતિમાં હોવી જોઈએ." (પા. ૧૭૧)

"આવું પરિવર્તન કેવળ એવા લોકનેતાઓ અને લોકસેવકો મારફત જ સંભવિત બને કે જેઓ આપમેળે રાજી-ખુશીથી સત્તાસ્થાનેથી દૂર રહે. લોકો સુધી પહોંચે અને એમની વચ્ચે રહીને કામ કરે." (પા. ૮)

"જેઓ બીજામાં પરિવર્તન આણવા ઈચ્છતા હોય તેમણે પહેલાં પોતાની જાતમાં પરિવર્તન સાધ્યા પછી જ કોઈ પણ પ્રકારના સત્યાગ્રહની દિશામાં કદમ ભરવું જોઈએ.' (પા. ૭૨)

આપણે જો ઉપરવાળા લોકોના મન પરિવર્તન ઉપર જ નિર્ભર રહીશું તો ઘણો વખત નીકળી જશે. માટે જરૂરત એ વાતની છે કે દબાયેલા પોતે ઊઠે. એ પોતાની તાકાત પ્રગટ કરી શકશે તો ઉપરવાળા પરિવર્તન માટે તૈયાર થશે."

(પા. ૧૪૩)

"આ રીતે બેવડા દબાણની કલ્પના કરું છું. ઈમાનદાર અને નિસ્વાર્થ યુવકો તેમજ કાર્યકરો દ્વારા વ્યાપક લોકશિક્ષણનું દબાણ અને પછવાડેના દબાયેલા લોકોના વ્યાપક વર્ગ સંગઠનનું દબાણ. દબાણની આ બેવડી તાકાત જ સામંતવાદી પરંપરાઓ અને શોષણની વ્યવસ્થાને તોડશે.' (પા. ૧૪૭)

હવે આ દિશાના ભાલ નળકાંઠાના અનુભવો જોઈએ :

ગાંધીજીએ પર રાજ્ય હઠાવી સ્વરાજ્ય મેળવવામાં અહિં સાની સામુદાયિક શક્તિને પ્રથમ પ્રથમ વાર જ સક્રિય બનાવી ચમત્કાર સર્જ્યો હતો. બહિષ્કાર, પીકેટિંગ, અસહકાર, સવિનય કાનૂનભંગ, એમ સત્યાગ્રહનાં વિવિધ પગલાંઓનો અનુભવ તો તાજો જ હતો. પણ પરદેશી સરકાર અને સ્વરાજની લોકશાહી સરકાર

વચ્ચે રહેલો પાયાનો તફાવત, અને ખામીભરી સમાજરચનાને કારણે ગામેગામ અને ઘરેઘરમાં પડેલી હિતવિરોધની પરિસ્થિતિ જોતાં સત્યાગ્રહની પ્રક્રિયાને નવું સ્વરૂપ આપવું અનિવાર્ય હતું.

આ સંશોધન અને પ્રયોગનો વિષય હતો અને એમાંથી જ સ્વાભાવિક રીતે જ ભાલ નળકાંઠા પ્રયોગમાં **'શુદ્ધિપ્રયોગ'**ની નૈતિક સામાજિક દબાણની પ્રક્રિયા હાથ લાગી.

મુનિશ્રી સંતબાલજીનું સને ૧૯૫૨નું ચાતુર્માસ ખસ (તા. ધંધુકામાં હતું. બાજુના બગડ ગામમાં એક કુંભારણ વિધવા બાઈના ઘરમાં ખાતર પડ્યું હતું. તે બાઈ મુનિશ્રી પાસે આવી અને રડતી રડતી પોતાની હકીકત કહેવા લાગી. એ આખો કિસ્સો 'શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો' પુસ્તકમાં પ્રગટ થયો છે. તેમાંથી કેટલોક ભાગ જોઈ લઈએ :

"વાત આમ બની હતી. બાઈ વિધવા હતી. સંતાનમાં એક દીકરી અને તે પણ વિધવા. મા-દીકરી બન્ને સાથે રહી મજૂરી કરી જેમતેમ નીભાવતાં હતાં. તેના ઘરમાં એક રાતે ચોરી થઈ. સવારે ચોરી થયાનું માલૂમ પડ્યું. કપડાં, વાસણ, ચાંદી વગેરેનું થોડુંક ઘરેણું અને થોડીક રોકડ રકમ એટલું ચોર લઈ ગયા હતા. બન્ને મા-દીકરી સાવ નિરાધાર જેવાં બની ગયાં હતાં. રહીસહી માલમિલકતની આમ ચોરી થવાથી મા-દીકરી બન્ને કલ્પાંત કરવા લાગ્યાં. ગામના આગેવાનોને વાત કરી. પણ આગેવાનો કંઈ કરવા તૈયાર ન હતા. ન કંઈ તપાસ કે ન મદદ. છેવટે બાઈને થયું કે બાજુના પોલીસથાણે તો ખબર આપું. એના મનમાં એનો વિશ્વાસ તો નહોતો પણ બીજું કરવુંય શું ? કંઈ જ ન કરવું એના કરતાં પોલીસને તો ખબર આપવી. ગઈ પોલીસ થાણે. પોલીસે હકીકત લખી લીધી અને કહ્યું "સારું જાઓ. તપાસ કરીશું." આ વાતને મહિનો સવા મહિનો થઈ ગયો. પણ કશું જ થયું નહિ. બીજી તરફ ગામમાં તો વાત સંભળાતી હતી : ચોરી કરનારા ગામના જ છે. પોલીસ ફૂટી ગઈ છે. કંઈ વળવાનું નથી.

બાઈના દુઃખનો પાર ન હતો. ઘરમાં કશું રહ્યું ન હતું. મજૂરી કરે અને પેટ ભરે એવી સ્થિતિ હતી. કોઈકે સલાહ આપી : "બાજુમાં મુનિશ્રી છે ત્યાં જા. કંઈક રસ્તો બતાવશે. બાઈ આવી સ્વામીજી પાસે અને રડતી આંખે ડૂસકાં ભરતાં ભરતાં કથા કહી સંભળાવી. મુનિશ્રી વિચારમાં પડી ગયા.

'ગામનો એક પણ માણસ આ બાઈની ચોરીની તપાસમાં ન નીકળ્યો. બીજી રીતે પણ મદદ ન કરી. રક્ષણને માટે મૂકેલી પોલીસ જ ફૂટી ગઈ છે તેવી

લોકવાયકામાં સંભળાય. આ સ્થિતિ કેવી અશક્ય છે ? ગ્રામધર્મ, સમાજધર્મ અને રાજ્યધર્મનો લોપ થાય પછી સમાજમાં સુખશાંતિ ક્યાંથી રહે ? થાકીને છેવટે ધાર્મિક પુરુષો પાસે આવનાર આવા અન્યાય પીડિતોને ધર્મ શું ખાલી શબ્દોનું આશ્વાસન આપશે ? થોડીક આર્થિક રાહત આપીને પ્રશ્નને ટાળશે ? ધર્મે સમગ્ર સમાજમાં અસરકારક બનવું જ જોઈએ. આવા કિસ્સાઓનો સાચો ઉકેલ આપવો જોઈએ. આવેલા પ્રશ્નને ટાળી શકાય જ નહિ.

મુનિશ્રીએ બાઈને કહ્યું : "ગામના આગેવાનોને લઈને તમે ફરીને ન આવો ?"

બાઈ કહે : "આગેવાનો બધાંય જાણે છે. પણ કોઈ કંઈ કહેવા તૈયાર નથી. બધાય દબાઈ ગયા છે અને મારા કીધાથી આવે ખરા ?"

'તમે વાત તો કરજો, ખરેખર શું હકીકત છે તે બરાબર સમજી લઈએ. પછી આગળ શું થઈ શકે તેમ છે તેનો વિચાર થાય.'

બાઈએ ગામમાં જઈ આગેવાનોને વાત કરી. આગેવાનો કહે : "ત્યાં જઈને શું કરવાનું છે ? બધાંય જાણે છે. નાહક આંખે થવું ?" બાઈ કહે : "પણ તમારે ક્યાં કોઈનાં નામ આપવાનાં છે ! મારે ત્યાં ચોરી થઈ છે તે હકીકત સાચી છે, એ કહેશો કે નહીં ?"

"એ તો બધાં જાણે જ છે ને ? એ કહેવામાં તો ક્યાં વાંધો છે ?"

"બસ ત્યારે ચાલો."

"પોલીસોને ખબર પડે તો અમારું આવી બને !"

"પણ કોઈને ખબર ન પડે એવી રીતે ચાલો રાત્રે અંધારું થયા પછી જઈએ. ક્યાં આઘું છે ?"

છેવટે બાઈ આગેવાનોને લઈને રાત્રે દસ વાગ્યે મુનિશ્રી પાસે આવી. આગેવાનો વેપારીઓ હતા. એમણે મુનિશ્રીને ચોરીની વાત કરી. બાઈની હકીકત તો સાચી હતી. કેટલીક મતા ગઈ તે તો શું ખબર પડે ? પણ બાઈની સ્થિતિ અને આજ સુધીની કારકિર્દી જોતાં વાસણ, કપડાં, રકમ, ઘરેણાં વગેરે હોવાં જોઈએ. વળી ચોર પણ બહારના ન જ હોય એમ વાતો કરી.

ચોરીની તપાસ કરવામાં પોતાની અશક્તિ બતાવી. 'અમે તો વેપારી માણસ, આવા કામમાં રસ લઈએ તો અમારો રોટલો ટળે. હેરાન થઈએ. અમારે ત્યાં જ ચોરી થાય અને જાન પણ ગુમાવીએ. અમારું વેપારી માણસનું કામ નહીં.' કહીને

સાવ છૂટી પડ્યા.

એમની મર્યાદા મુનિશ્રી સમજતા હતા, કહે, '"આની તપાસ થાય તેમાં સહકાર આપો ખરા ?"

"બધુંય સરખું, તપાસ કરીએ કે સહકાર આપીએ, અમારું તો આવી જ બને !"

'તપાસ થાય તેનો વિરોધ તો નહીં જ કરો એવી ખાતરી તો રાખું ને ?'

"પણ અમારું નામ ક્યાંય બહાર ન પડે. અહીં આવ્યા છીએ તેય અમારું મન જાણે છે." કહી બધા ગયાં.

સ્વામીજી ઊંડા મંથનમાં હતાં. આ કાયરતા કાઢવાનો ઉપાય શું ? સમાજ માથા ભારે તત્ત્વોથી દબાયેલો રહેશે ? દાંડતત્ત્વોને સીધે રસ્તે લાવવાનો અને કાયરતાના સ્થાને વીરતા પેદા કરવાનો કોઈ અહિંસક રસ્તો લેવો જોઈએ.

"'ધર્મદષ્ટિએ સમાજરચના' કરવામાં ગુનાની તપાસ, ગુનેગારોની શોધ, ગુનાની સજા અને તેનું પાલન કરાવવાની અહિંસક રીતો શોધવી જોઈએ. એ માટે સંશોધન થવું જોઈએ. તક મળે ત્યાં તેના પ્રયોગો કરવા જોઈએ."

"આ કિસ્સામાં તેવા પ્રયોગની તક મળતી હતી. અનાયાસે અને સ્વાભાવિક જ પ્રશ્ન આવી પડ્યો છે. તો તેની પાછળ શક્તિ ખર્ચવી જોઈએ."

મુનિશ્રીએ આ કામ માટે કાર્યકરોને વાત કરી. પોતાની દૃષ્ટિ સમજાવી અને એક કાર્યકરને જવાબદારી સોંપી. કાર્યકરે તે ગામે જઈ તપાસ કરવાનું વિચાર્યું. સવારનો નાસ્તો કરીને તે ગયો. ત્યાં જમવાનું વહેલું મોડું થાય તોયે વાંધો નહીં. ગામમાં વાણિયા, બ્રાહ્મણ, વેપારી અને મધ્યમ વર્ગનાં ઘરો સારા પ્રમાણમાં હતાં. તે વેપારીઓને મળ્યો. ખેડૂતોને મળ્યો. ગામની પરિસ્થિતિથી સહુ સારી પેઠે અકળાયેલા હતા. ખાનગી વાતોમાં દિલ ખોલીને વાતો કરતા હતા પણ કોઈનામાં નૈતિક હિંમત ન હતી. નાની મોટી ઘરફોડ ચોરીઓ, સીમચોરી, ભેલાણ, દાદાગીરી, મારઝૂડ, ઈજ્જત લેવી, બળજબરાઈથી ઉધાર લેવું, જાસા બોલવા વગેરે અનેક સતામણી અને ત્રાસ ચાલુ હતો. ખૂન પણ થતાં. પોલીસનું રક્ષણ ભૂલેચૂકે કોઈ માગે, તો ફરિયાદ કરનાર જ ચોર ઠરે. ગામ આખું આવા થોડા દાંડતત્ત્વોથી દબાઈ ગયું હતું. તાજા જ બનેલા કેટલાક કિસ્સા નવીને સાંભળ્યા : "એક કુંભારને ત્યાં ખાતર પડ્યું. ચોરાયેલાં કપડાં પહેરેલી બાઈને આખા ગામમાં ધોળે દિવસે ફરતી જોઈ, પણ કોઈ કાંઈ પણ બોલી શક્યું નહીં. એક હરિજનને ત્યાં ખાતર પડ્યું. 'આજની ઘડી ને કાલનો દિ' કંઈ પતો નથી. એક બાઈ ખળામાં અનાજ ઉપણતી

હતી. અનાજની ફાંટ ભરીને એક જણ ચાલતો થયો. બધાં જ જોઈ રહ્યા." આવું તો બન્યા જ કરે છે. ગામને કોઠે પડી ગયું છે.'

કાર્યકર વાતો સાંભળીને સમસમી રહ્યો. બાર વાગ્યા હતાં. કકડીને ભૂખ લાગી હતી. એક વેપારીએ વિવેક કર્યો : 'ચાલો રોટલા ખાવા' પણ આવા સાવ કાયર અને નિર્માલ્ય ગામમાં જમવું ઠીક ન લાગ્યું. તે પાછો ફર્યો. મુનિશ્રીને બધી વાત કરી.

મુનિશ્રીનું ચિંતન તો ચાલુ જ હતું. પ્રયોગનું ચિત્ર વધુ ને વધુ સ્પષ્ટ થતું જતું હતું.

કહે : ''આ વાતાવરણ જ આપણા પ્રયોગની કસોટી કરશે અને તેમાંથી જ પ્રયોગ આગળ વધશે, આપણે ધીરજ રાખવી પડશે. સાથે આપણા મનના કોઈ ખૂણામાં પણ કોઈને માટે ઘૃણા, તિરસ્કાર કે કડવાશનો ભાવ ન આવે તેની સતત જાગૃતિ રાખવી પડશે. કોઈ ગુનેગાર બને છે તેમાં સમાજની પણ જવાબદારી હોય છે. ગુનેગાર અને દંડાઈ કરનારને સુધરવું પડે તેવી પરિસ્થિતિ પેદા કરવાનું કામ થાય, તો તેમાં અન્યાય કરનાર અને સહન કરનાર એમ બન્નેમાં હૃદયપલટો અને હિંમત પેદા થવાની શક્યતા છે. આ પરિસ્થિતિ કઈ રીતે નિર્માણ થાય ? આ કિસ્સો તેની પ્રયોગશાળા બને તો નવાઈ નહીં."

મુનિશ્રીએ પોતાના ચિંતનથી કાર્યકરને કંઈક પરિચિત કર્યા. કાર્યકરે તે ગામે ભોજન ન લીધું તેને મુનિશ્રીએ સમર્થન આપ્યું અને એવું નક્કી કર્યું કે જ્યાં સુધી લોકજાગૃતિ જોવામાં ન આવે ત્યાં સુધી તપાસમાં તે ગામે ભોજન લેવાનું ન રાખવું. પાછા ફરીને બાજુના ગામે ભોજન લેવું.

("શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો" - પા. ૯૯ થી ૧૦૪)

પછી તો આ પ્રકરણમાં શુદ્ધિપ્રયોગ શરૂ કરવામાં આવ્યો હતો. અને તેની રોજેરોજની કાર્યવાહીથી મુનિશ્રીને પરિચિત રાખવામાં આવતા હતા. મુનિશ્રીનું ચિંતન મંથન-માર્ગદર્શન ચાલુ જ હતું.

એક દિવસ કહે :

"તમે જોયું કે આવા સામાજિક અનિષ્ટો કોઈને ગમતાં નથી. ખુદ ચોરને પણ ડંખ જપવા દેતો નથી ! ગામ લોકો પણ અંતરથી તો ઈચ્છે છે કે આ બધું બંધ થાય. સવાલ આ બધાની અંતરની લાગણીઓને વાચા આપીને બોલતી કરવાનો છે. અનિષ્ટને પડકાર આપનાર કોઈ અસરકારક બળ નથી. રાજ્યની પોલીસ અને કોર્ટની હાલત તો સહુ જાણે છે એટલે આપણું પ્રથમ કામ તો આ અનિષ્ટને જાહેરમાં

પડકાર આપતી શક્તિ પેદા કરવાનું છે. જે કોઈ શુદ્ધ સાધન તેમાં ખપ લાગે તેનો ઉપયોગ કરવો જોઈએ. આગળનું પછી વિચારીશું."

("શુ. પ્ર. સફળ ચિત્રો" પા. ૧૦૫)

શુદ્ધિપ્રયોગ સત્તર દિવસ ચાલ્યો. પરિણામ આવ્યું તે પણ જોઈ લઈએ :

"સાંજનાં બંને જણ મુનિશ્રી પાસે આવ્યા. ખુલ્લા દિલે એકરાર કર્યો. પશ્ચાત્તાપ જાહેર કર્યો. મુદામાલ નથી તેના બદલામાં પંચ નક્કી કરે તે રોકડ કીંમત આપવાનું નક્કી થયું. રાત્રે જાહેર પ્રાર્થનાસભામાં તે ભાઈએ ચોરીનો સ્પષ્ટ એકરાર કર્યો, ભૂલની માફી માગી અને મુદ્દામાલ હવે હાથ કરી શકાય તેમ નથી એટલે પંચ નક્કી કરે તે રોકડ રકમ વળતર તરીકે આપવા હું તૈયાર છું એવી જાહેરાત કરી. સભા આ સાંભળીને જાણે ચમત્કાર થયો હોય તેમ ભારે આશ્ચર્યમાં પડી ગઈ. ગામના ઈતિહાસમાં આ પહેલો જ પ્રસંગ હતો કે આ રીતે કોઈએ જાહેરમાં ગૂનો કબૂલ્યો હોય, માફી માગી હોય અને વળતર આપ્યું હોય.

(શુ. પ્ર. સ. ચિત્રો. ૧૧૮)

અહિંસાને સક્રિય બનાવવા માટેના સંશોધન અને પ્રયોગોની મથામણનો સને ૧૯૫૫નો એક બીજો અનુભવ પણ જોઈ લઈએ. જેમાં ગુનેગારે પંચનો ફેંસલો પાળવાનું સ્વીકારીને પાછળથી તેનું પાલન કરવાનું ટાળ્યું હતું.

"... અને મુનિશ્રીનું મંથન વધી પડ્યું. નૈતિક સામાજિક પંચના ફેંસલાનું પાલન ન થાય તો પંચપ્રથા હાંસીપ્રદ ઠરે. રાજ્યસત્તાની ન્યાયકોર્ટના ચુકાદાનું પાલન કરાવવાનું નિર્ણાયક બળ સત્તાની દંડશક્તિ છે. તેમ નૈતિક સામાજિક પંચના ચુકાદાનું પાલન કરાવવાનું નિર્ણાયકબળ પ્રજાની નૈતિક સામાજિક શક્તિ બનવું જોઈએ. તો જ પ્રજાનું શાંતબળ ખીલે અને સત્તાબળને ગૌણ બનાવી શકાય. લોકશક્તિ જાગૃત થાય તો જ આ શક્ય બને. નવસમાજ નિર્માણમાં નવાં મૂલ્યોની દૃષ્ટિએ ન્યાયનું સંશોધન, શિક્ષા, અને તેનું પાલન કરવાનાં નવાં ધોરણો ઊભાં કરવાં જોઈએ. પણ એ થતાં સુધીમાં તો અનેક આવી ઘાંટીઓ પસાર કરવી પડે. મળેલા અનુભવોમાંથી જ વ્યવસ્થિતપણું આવે." (શુદ્ધિ પ્રયોગનાં સફળ ચિત્રો, પા. ૧૨૬)

'ગ્રામદાન આંદોલનોની મર્યાદાઓ' બતાવતા વિશ્વવાત્સલ્યના જૂન ૧૯૬૬ના લેખમાં જણાવ્યું છે કે "આવી જ વાત છે અનિષ્ટના અહિંસક પ્રતિકારની."

અનિષ્ટ છે જ નહિ એમ માનીને ચાલવું અને અનિષ્ટ પેદા જ ન થાય તેવા રચનાત્મક કામમાં જ શક્તિ લગાડવી એ વાત પણ કોઈ વ્યક્તિ વિશેષ માટે મર્યાદિત રહેવાની. સામાન્ય જનતાને ન્યાય જોઈએ છે, રક્ષણ જોઈએ છે. પોતાની

મૂંઝવણોનો ઉકેલ જોઈએ છે. એ કોણ આપી શકે ? હિંસા ? રાજ્યની દંડશક્તિ ? અહિંસક પ્રતિકાર ? કે પછી અનિષ્ટ પેદા જ ન થાય ત્યાં લગી ધીરજ રાખીને સહન કરવાનું ?

તે આવી ધીરજ રાખી શકે નહિ. જે કોઈ અસરકારક બની શકે તેની પાછળ જનતા દોરાવાની. માણસ જ્યાં ઊભો છે ત્યાંથી એક ડગલું પણ આગળ વધી શકે તેવો કાર્યક્રમ જ એનામાં વધુ શક્તિનું સિંચન કરશે. એમાંથી જ ગતિશીલતા આવશે. અંતિમ તબક્કે પહોંચવા જેટલી તેનામાં તાકાત નથી અને એક ડગલું ભરી શકે તેવો કાર્યક્રમ તેની પાસે છે નહીં. પરિણામે નિષ્ક્રિયતા જ પેદા થાય. હનુમાન કોઈક જ હોય છે. સામાન્ય શક્તિવાળા-વાનર-સમાજ માટે એકએક પથ્થર મૂકી પુલ બનાવવો જ પડે." (તા. ૧ જૂન ૧૯૬૬ : વિશ્વવાત્સલ્ય)

અન્યાય પ્રતિકાર માટે અહિંસક પ્રક્રિયાની શોધની પ્રાથમિક અવસ્થાની મથામણ સમજવા માટે જરા વિસ્તારથી પ્રસંગો ટાંક્યા છે. સત્યાગ્રહનું ઉત્પાદક બળ અને સત્યાગ્રહીની ભૂમિકા તેમજ તેમાં સામાન્ય માણસની ભૂમિકા કઈ હોઈ શકે તે આવતા હપતે જોઈશું.

## ૫ સત્યાગ્રહનું બળ

આગલા હપતામાં અન્યાય પ્રતિકારની અહિંસક પ્રક્રિયાની શોધમાંથી સહેજે આવી પડેલા સત્યાગ્રહ કે શુદ્ધિપ્રયોગના બે એક પ્રસંગો આપણે જોઈ ગયા. હવે આપણે જે પ્રશ્ન માટે સત્યાગ્રહ કરવાનો આવે તે પ્રશ્નની અને તેમાં ભાગ લેનારની ભૂમિકા અને સત્યાગ્રહના ઉત્પાદક બળ વિશે વિચારીશું.

સને ૧૯૫૬માં ગણોતિયા ખેડૂતોના જમીન ઉપરના હક માટે થયેલ શુદ્ધિ પ્રયોગની ભૂમિકા સમજાવતાં 'શુદ્ધિ પ્રયોગનાં સફળ ચિત્રો' પુસ્તકમાં લખ્યું છે :

'રંગપુરના ખેડૂતો મામલતદારને અરજી શા માટે નથી કરતા ? તરત એનો ફેંસલો આવી જશે.'

'વાત તો સાચી કે તરત ફેંસલો આવી જાય. પણ એ ફેંસલો ખેડૂતોને જમીનવાળા બનાવશે કે જમીનવિહોણા ? એ સવાલ છે.' દોલતે કહ્યું.

'કોર્ટ અને કાયદાને એક બાજુ મૂકીને આપણે શું કરવા માગીએ છીએ ?' પ્રશ્નમાં સહેજ અકળામણ જણાતી હતી.

'કોર્ટ અને કાયદાને એક બાજુ મૂકીને ચાલવાની નહિ પણ તેને મદદ

કરવાની આ વાત છે.

'ખેડૂતોમાં હિંમત નથી. પુરાવો આપવા કોઈ તૈયાર નથી. મંદિરના વહીવટદારો સમજીને જમીન ખાતે કરવામાં સંમત નથી, માટે કોર્ટનો આશ્રય લેવો નથી. તો પછી કઈ રીતે અને કોને મદદ કરીએ ? એ મને સમજાતું નથી.' બોલનારની અકળામણ વધતી જતી હતી.

'આપણે બધાને મદદ કરવામાં માનીએ છીએ. ખેડૂતોમાં હિંમત આવે. ગામના લોકોમાં સાચી સાક્ષી આપવાનું બળ પેદા થાય. મંદિરના વહીવટદાર કાં તો જાતે સમજી જાય અગર તેમને સમજવું પડે તેવી પરિસ્થિતિ પેદા થાય તેમજ કાયદા અને કોર્ટ કાયદાની જડતાને બદલે નવી દૃષ્ટિ અપનાવે. આમ સર્વાંગી અસર થાય એવું કરવાની આપણી નેમ હોવી જોઈએ. આ કામ આજની જૂના મૂલ્યોવાળી રાજ્યની કોર્ટ-કચેરીઓ પાસેથી અરજીઓ કરવાથી નહિ થઈ શકે. સમાજરૂપી અદાલત પાસે જ આ માટે જવું જોઈએ.'

'કઈ રીતે જવું ?'

'પૂરી નમ્રતા સાથે. મનમાં કોઈને માટે કશો રાગ, દ્વેષ કે પૂર્વગ્રહ રાખ્યા વિના સમાજરૂપી ઈશ્વરની પાસે જઈશું. ઉપવાસમય પ્રાર્થના કરીશું. કાયરતા, મૂઢ સ્વાર્થ, લોભ, ભય ને લાલચનો અંશમાત્ર આપણા અંતરના કોઈ ખૂણામાં ભરાઈ ન રહે તે માટે આત્મશોધન કરીશું.'

'જેટલે અંશે આપણે આ કરી શકીશું તેટલે અંશે સામાજિક ચેતના જાગૃત થશે. આ આંદોલનની સૂક્ષ્મ અસર સમાજને થશે. દરેકના હૃદયમાં શુભ તત્ત્વ છે જ. તે જાગશે એવી અટલ શ્રદ્ધા રાખનાર કોઈ પણ વ્યક્તિ આ આંદોલનમાં ભાગ લઈ શકે, એવું વ્યાપક સ્વરૂપ રાખીને પ્રયોગને સામાજિક બનાવીશું.'

'પ્રયોગમાં બેસનાર વ્યક્તિની બીજી કોઈ લાયકાત ?'

'જે પ્રશ્નમાં પોતાને કંઈ લાગતું-વળગતું નથી. કોઈ સ્વાર્થ નથી, તેવી પક્ષકાર સિવાયની બીજી તટસ્થ વ્યક્તિઓ બેસી શકે. પ્રયોગ સંસ્થાગત ચાલે અને સંસ્થાગત મંજૂરી લઈને આવી વ્યક્તિઓ પ્રયોગમાં ભળે. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. કંઈ ને કંઈ અશુદ્ધિ કે દોષ સહુમાં રહેલાં છે. એનો ન્યાયધીશ કોણ બની શકે ? એટલે ઓછામાં ઓછું જે અન્યાય માટે શુદ્ધિ પ્રયોગ થાય તેવો અન્યાય તેના જીવનમાં ચાલુ ન હોય તેટલું પૂરતું ગણવું. વળી અન્યાયમાં મુખ્ય નિમિત્ત હોય તેના પ્રત્યે પૂર્વગ્રહ ન હોય તે સાવધાની પણ રાખીશું. જેથી વ્યક્તિગત રાગદ્વેષથી દૂર રહી શકાશે. પ્રયોગમાં બેસનારનું ચારિત્ર્ય લોકવિશ્વાસને પાત્ર હશે.'

શ્રી જયપ્રકાશજી સર્વાનુમતી વિશે લખે છે :

**વિચારની મુક્તતા અને એકમેકના વિચારો માટે આદર હોવો જોઈએ. આપણામાં અંતર ન પડે એટલા માટે સર્વસંમતિ અને સર્વાનુમતિની પ્રક્રિયા બાબાએ સુઝાડી છે. સામાન્ય રીતે તે સુંદર અને ઉપયોગી છે. પરંતુ તેને નામે વિચાર સ્વાતંત્ર્ય કુંઠિત ન કરવું જોઈએ અને જો કોઈ સાથી સર્વસંમતિની ધારામાં પોતાને વહાવી ન શકે અને એ એકલો ચાલે તો તેનો પણ આપણે આદર કરવો જોઈએ. એટલું જ નહિ બલ્કે તેને પ્રોત્સાહિત પણ કરવો જોઈએ. સંગઠન અને વ્યક્તિના અભિગમ વચ્ચે આપણે સામંજસ્ય સ્થાપતા રહેવું જોઈએ. આપણું સંગઠન એક બિરાદરી બને. એ નિયમોથી નહિ સ્નેહથી બંધાય. આપણે એકમેકને મદદ કરીએ. કોઈને પાડવાને બદલે ઊંચે ઉઠાવવાનો પ્રયત્ન કરીએ. નિંદા કે કડક નિયમપાલનથી નહિ પણ સ્નેહપૂર્વક દોષો દૂર કરીએ.** ('સંપૂર્ણક્રાંતિની ખોજ'માં પા. ૧૯૪)

આ સર્વાનુમતિ બાબતમાં ભાલ નળકાંઠા પ્રયોગ કઈ રીતે વિચારે છે તે હવે જોઈએ :

'પણ આપણા વિચારોથી જે કાર્યકર કે સભ્ય જુદા પડતા હોય તેમનું શું ?'

'જુદા વિચારો ધરાવવાની સહુને છૂટ હોઈ શકે. તે પોતાના જુદા વિચારોનો પ્રચાર કરી શકે અને આપણા પ્રયોગનો વિરોધ પણ કરી શકે તેમાં આપણે વાંધો ન લઈએ.'

'પણ તેથી લોકોમાં બુદ્ધિભેદ ઊભો ન થાય ?'

'લોકો બંને વિચારોનું મૂલ્યાંકન કરીને ઘટતો નિર્ણય કરશે.'

'આમાં શિસ્ત જેવું કંઈ રહેશે ? એક જ સંસ્થામાં જુદા જુદા અને પરસ્પર વિરોધી અભિપ્રાયો જાહેરમાં મુકાય તેથી સંસ્થા નબળી ન પડે ?'

'નવાં મૂલ્યોનો સ્વીકાર કરાવવામાં આપણું મુખ્ય બળ વિચારનું છે. વિચારમાં તાકાત હશે તો તે ટકશે જ એવી આપણામાં શ્રદ્ધા હોવી જોઈએ. સંસ્થા ટકે છે વિચારની એકતાના બળથી. શિસ્તની કૃત્રિમ એકતાના બળથી નહિ. અલબત્ત વિચાર એકતાની સાથે શિસ્ત ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે. એટલે વિચાર ભિન્ન પડે ત્યાં વિવેકની સીમા ઓળંગવી ન જોઈએ.

હવે સત્યાગ્રહનું ઉત્પાદન બળ કઈ રીતે જાગે છે અને પ્રગટ થઈ સક્રિય બને છે તે જોઈ લઈએ :

'પેટનો ખાડો પૂરવા ઢોરનું છાણ ચૂંથવું પડે અને પાવળા પાણી માટે ખાડા

ઉલેચવાં પડે એવા ગામડાંઓના ખેડૂતો પાસે આપ શી આશા રાખી શકો ?'

નવીનના પ્રશ્નમાં નિરાશાનો ધ્વનિ હતો.

'જે આજે પોતાનું હિત શું છે તેનો વિચાર કરી શકતો નથી તે આખા વિશ્વના હિતનો વિચાર કરીને જીવે એવો ખેડૂત હું કલ્પી શકું છું.'

'અશક્ય.'

'ના.' સ્વામીજીના સ્વરમાં દઢતા હતી. 'મુશ્કેલ-અતિ મુશ્કેલ એ વાત સાચી પણ અશક્ય નથી.'

'પરિસ્થિતિની મર્યાદાઓ એને નહિ નડે ?'

'એ મર્યાદાઓ વિંધીને આગળ વધી શકે તેવું પ્રેરક તત્ત્વ એની સાથે જોડવું જોઈએ. તે એને ગતિશીલ બનાવશે અને પરિસ્થિતિને બદલાવશે.'

'પ્રેરણા ઝીલી શકે એવું કાંઈ એનામાં રહ્યું છે ? સાવ નિરાશા સેવતો હોય તેમ નવીને ફરી એકનો એક પ્રશ્ન કર્યો.

'છાણિયા ઘઉં ખાનારમાં રહેલી પ્રામાણિકતા અને પાવળા પાણીની તંગી વચ્ચે જીવનારમાં રહેલી દયાનો સંસ્કાર ન જોયો ? આવી પરિસ્થિતિમાં જીવતા એ માનવદેહમાં એવું કયું તત્ત્વ છે કે તે આવું કરવા પ્રેરાય છે ? એ છે આત્મતત્ત્વ. માણસમાત્રમાં આત્મા છે. એના પર આજે રાખ વળી ગઈ છે. તે દૂર થાય તો તેનો પ્રકાશ જગતને અજવાળી શકે તેવો તેજસ્વી થાય.'

'પણ પહેલું શું ? પરિસ્થિતિ બદલવી કે રાખ દૂર કરવી ?'

'બંને છેડાના બે પ્રશ્નો છે. બેમાંથી એકેયને અસ્પૃશ્ય રાખ્યે ચાલે નહિ. બંનેનું પરિવર્તન તે જ સાચી ક્રાંતિ.'

'સમાજ એ નિર્જીવ માટીનો પીંડ નથી કે એને ચોક્કસ બીબામાં ઢાળીને ધાર્યો ઘાટ આપી શકાય. સમાજ જીવનના અનેક કોયડાઓ છે. તેમાં ચેતન તત્ત્વથી ભરેલા એવા માણસ સાથે કામ લેવાનું છે. એટલે કોઈ એક ચોક્કસ રસ્તો નક્કી કરી શકાય નહિ. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેમાં રસ્તા શોધવાના પ્રયોગો થવા જોઈએ.'

'પ્રયોગો ક્યાં સુધી ચાલવાના ?'

'પૂછેલા બે પ્રશ્નો ઊભા છે ત્યાં સુધી.'

'અને એક પ્રશ્ન રહે તો ?'

'એક પ્રશ્ન પછી પ્રશ્ન જ રહેશે જ નહિ.'

'સમયમર્યાદા ખરી ?'

'સમયમર્યાદાની વાત જડતા અને બંધિયારપણું લાવશે. બાંધેલા તળાવનું પાણી બગડે અને છેવટે સુકાઈ જાય. આપણે એકાંગી નહિ સર્વાંગી ક્રાંતિ ઇચ્છીએ છીએ. સર્વાંગી ક્રાંતિને બંધિયાર તળાવની મર્યાદા પોષાય નહિ. એને મર્યાદા હશે પણ સમુદ્રની. સમુદ્રને મર્યાદા છેય ખરી અને નથી પણ. તે પોતાની પાળ ઉલ્લંઘતો નથી. તેમ ગમે તેવા અને ગમે તેટલા પાણીને સંઘરવાનો ઇનકાર પણ કરતો નથી.'

'હૃદયપલટો એ કોઈ એકાંગી વસ્તુ નથી. અન્યાય કરનારના મનને પણ અન્યાય ડંખતો હોય છે પણ પરિસ્થિતિવશ મોટેભાગે માણસ ચાલતો હોય છે. અન્યાયમાંથી પાછા ફરવું પડે એવી પરિસ્થિતિ ન સર્જાય તો ધીમે ધીમે એ ડંખ ઓછો થતો જાય અને અન્યાય સદી જાય. અને છેવટે અન્યાયની પ્રતિકારશક્તિ જ એ ખોઈ બેસે. ઉપદેશ કે સમજાવટ કામ ન આપી શકે, એટલી નીચી હદે જ્યારે તે ઊતરી પડે ત્યારે, પરિસ્થિતિ એવી ઊભી કરવી જોઈએ કે જેથી એને સુધરવું પડે.'

'એવી પરિસ્થિતિ કઈ રીતે ઊભી થાય ?'

'સામાન્ય રીતે સમાજમાં ચાર પરિબળો કામ કરે છે. એક હિંસકશક્તિ પણ તેનાથી પ્રશ્નો તાત્કાલિક ઊકલતા દેખાય તોયે તે ઊકલતા નથી પણ વધુ ગૂંચાય છે એવો અનુભવ જગતને થયો છે. બીજી કાનૂનની દંડશક્તિ. કાનૂન અમુક હદ સુધી પરિસ્થિતિ પર કાબૂ રાખી શકે પણ તેની મર્યાદાઓ છે. સમાજ પરિવર્તનનું કામ માત્ર કાનૂનથી ન બની શકે એ અનુભવ પણ સહુને થાય છે. ત્રીજી સમાજની નૈતિકશક્તિ. સમાજમાં પડેલી નૈતિકશક્તિ જો સંગઠિત બને તો સમાજ પરિવર્તન માટેની ભૂમિકા તૈયાર કરી શકે. સમાજ પરિવર્તન માટે પાયાની જરૂર નવાં મૂલ્યો સમાજ સ્વીકારે તેની છે. લોકમત કેળવવો અને નવાં મૂલ્યોનો સ્વીકાર કરાવવો તે કામ સમાજનાં નૈતિક બળો કરી શકે અને નવાં મૂલ્યોની સ્થાપના કરવાનું કામ આધ્યાત્મિક શક્તિનું છે. પરિસ્થિતિના સાચી દિશાના સ્થિર પલટા માટે આપણે આધ્યાત્મિક અને નૈતિક સામાજિક શક્તિ પર જ આધાર રાખીશું.

'પક્ષની પસંદગી અનુક કાનૂન અનુકૂળ કે પ્રતિકૂળ છે તેને નજર સામે રાખીને નહિ કરવી જોઈએ. વ્યાપક હિત અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ કરવી જોઈએ અને પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે જ મતદારો વિચાર કરે અને તે પણ મત આને આપવો કે તેને આપવો તેટલા પૂરતું જ વિચારે એથી લોકશાહી ઘડાય નહિ. લોકશાહીના ઘડતરને માટે સતત જાગૃતિ અને હર કોઈ પ્રશ્ન પર, લોકમતની

અસરકારકતા બતાવી આપવી જોઈએ. આજે સમાજમાં હડતાલ, ધમાલ, ધાંધલ, તોફાન અને કાનૂનભંગને માર્ગે આંદોલનો કરી કાયદો અને વ્યવસ્થા પર દબાણ લાવી ધાર્યું કરાવી લેવાની વૃત્તિ વધતી જાય છે. પાંચ વર્ષે ચૂંટણીમાં મતની ફેરબદલી અને આવા ધાંધલીયા આંદોલનો સિવાય પ્રજા પાસે બીજો કોઈ અસરકારક વિકલ્પ નથી. એટલે રાજકીય પક્ષ રાજકીય લાભ મેળવવા આવાં આંદોલન મારફત લોકમતને ઉત્તેજીત કરી શકે છે. લોકશાહીના વિકાસને માટે આ એક મોટું જોખમ છે.

ઉપવાસનો કાર્યક્રમ આની અવેજી જ પૂરી નથી પાડતો પણ માણસના અંતરમાં વિચારની એક પ્રક્રિયા પેદા કરે છે. જે પોતાને અને સમાજને અંતર્મુખ બનાવે છે. ઠંડી તાકાત આપે છે. જેમાંથી સાચી અહિંસક ક્રાંતિ સર્જાવાની શક્યતા પેદા થાય છે.

'ઉપવાસ એ તપ છે. તપથી માણસની ચિત્તશુદ્ધિ થાય છે. એ વાત સાચી પણ તપની સાથે ત્યાગ જોડાય તો તપનું તેજ ઘણું વધી જાય. ક્રાંતિ માત્ર ત્યાગ અને બલિદાન માગે છે. હિંસક ક્રાંતિ લોહિયાળ હોય છે. એમાં સામાનાં જ લોહીનો ભોગ લેવાની વૃત્તિ હોય છે. અહિંસક ક્રાંતિ સ્વેચ્છાએ પોતાનાં લોહીમાંસ સૂકવીને બલિદાન આપે છે. હિંસક ક્રાંતિમાં પડાવી લેવાનું હોય છે, અહિંસક ક્રાંતિમાં સ્વેચ્છાએ ત્યાગવાનું હોય છે.

આવા છૂટક છૂટક નાના નાના પ્રશ્નોમાં આટલી મોટી શક્તિ ખર્ચવી એના કરતાં જમીનની માલિકી જ ખતમ કરવા જેવા મોટા પ્રશ્નોમાં શક્તિ ખર્ચવી સારી નહિ ? સત્યાગ્રહ કરવા માટે જોઈતી શક્તિ મૂળે જ ટાંચી છે. તેને બચાવીને સંગ્રહ કરવો જોઈએ એમ નથી લાગતું ?'

નવીને કહ્યું : 'પ્રશ્ન નાનો છે કે મોટો તેની કસોટી તેનું કદ નહિ પણ ગુણવત્તા છે. પ્રશ્નની નૈતિકતા અને વ્યાપકતા ક્યાં છે ? એ જોવું જોઈએ અને અહિંસક શક્તિનો સંગ્રહ એટલે શું ? હિંસક યુદ્ધની શક્તિ શસ્ત્ર, દારૂગોળો, સૈનિક વગેરે છે તેનો સંગ્રહ થઈ શકે છે. આ શક્તિનો જેટલો ઉપયોગ થાય તેટલું તે સાધન ઘટે છે. અહિંસક યુદ્ધની પ્રક્રિયા જ જુદી છે. તેની શક્તિ તે આત્મશક્તિ છે. તે જેમ વપરાય, તેનો ઉપયોગ થાય તેમ તેમ તે ઘટતી નથી પણ વધે છે, વ્યાપક બને છે. એનો ઉપયોગ જ ન થાય તેથી તે શક્તિની બચત થાય છે કે સંગ્રહ કરી રાખી શકાય તેમ નથી.

ભલે થોડા લોકોને અને નાનાં ક્ષેત્રને સ્પર્શતો પ્રશ્ન હોય પણ તે ન્યાય અને નીતિની દષ્ટિએ સાચો હોય તો તેમાં અહિંસક રીતે શક્તિ ખર્ચવી જોઈએ. એમાંથી

મોટા પ્રશ્નો માટે શક્તિ પેદા થશે.'

'એકાદ ઉદાહરણથી સમજાવશો ?'

'દાખલા તરીકે હિંસક યુદ્ધનાં સાધનોના જથ્થામાં એક હજાર સૈનિકો છે, એક હજાર બંદૂકો છે, એક લાખ કારતૂસો છે. આના ઉપયોગમાં એક સૈનિક મરાય કે એક કારતૂસ ફૂટે તો તેટલી શક્તિ ઓછી થઈ એમ ગણાય. એનો ઉપયોગ ન થાય તો તેટલી બચત થઈ એમ કહેવાય.

હવે અહિંસક યુદ્ધમાં શું છે ? સામે અન્યાય છે. એનો પ્રતિકાર કરવો છે, પણ સૈનિકોમાં એક જ જણ છે. હવે એક જણની સંખ્યા પ્રતિકારમાં હોમાઈ જાય તો ? પછી બાકી શું રહે ? માટે કંઈ કરવું નથી, શક્તિ વધારો પછી વાત એમ વિચારે તો ? કદી શક્તિ પેદા જ ન થાય. ઊલટું જે શક્તિ હતી તેય ઘટી. કારણ કે તેનો ઉપયોગ થયો નહિ અને એટલા અંશે તે પાછી પડી. સામેના અન્યાયને પોષ્યો, હિંસા વધી.

પણ એક તો એક. અન્યાયને સાંખી શકાય જ નહિ. એનો પ્રતિકાર કરવો જ જોઈએ. ભલે જાત હોમાઈ જાય. એવી લાગણીથી એક જણ પણ જો એમાં હોમાય તો ? સ્વેચ્છાએ - સમજપૂર્વક આપેલું બલિદાન સમાજની ચેતનાને સ્પર્શ કર્યા વિના રહી જ શકતું નથી. અન્યાય કરનાર વ્યક્તિની ચેતનાને સ્પર્શ પણ થાય છે. પણ માની લઈએ કે બીજાં તત્ત્વો વધુ જોરદાર રીતે વ્યક્તિ સાથે ભળ્યાં હોય અને અસર ન થાય તોયે તે અલગ પડી જાય છે. બીજા સમાજની ચેતના જાગૃત થઈ તે વ્યક્તિના અન્યાયને જાણતાં અજાણતાં અપાતો ટેકો પાછો ખેંચી લે છે. પેલાનો અન્યાય ખુલ્લો પડી જાય છે અને કોઈ પણ અન્યાયને પોતાને પગ નથી હોતા તેથી તે તૂટી પડે છે.'

## નૈતિક પ્રચાર અને સ્વૈચ્છિક આચાર

નવી સમાજરચનાનો આધાર જ લોકજાગૃતિ ઉપર છે. એમાં મંડળને શ્રદ્ધા છે. રાજ્યની કાયદાની મર્યાદાઓનો પણ ખ્યાલ છે અને એ દૃષ્ટિએ મંડળ કામ કરે છે.

માત્ર નૈતિક વાતોનો ઉપદેશ કેટલીક વ્યક્તિઓ સુધી અને અમુક મર્યાદામાં જ પહોંચે. નૈતિક આધાર વિનાનો લોકમત અંધાધૂંધીમાં પરિણમે અને નૈતિક પીઠબળ ન હોય, સામાજિક માંગ ન હોય અને જો એકલું રાજ્ય કાયદાથી કરવા જાય તો ક્યાં તો એ કાયદો નિષ્ફળ જાય અથવા એના અમલ માટે બળ વાપરવું પડે અને એમાંથી સરમુખત્યારી પેદા થાય.

## વ્યક્તિ, સમાજ અને રાજ્યનો અનુબંધ

સમાજના સો ટકા લોકો કશા જ નિયંત્રણ વિના સમગ્ર સમાજના હિતમાં સ્વૈચ્છિક આચાર કરે એ ભલે આદર્શ રાખીએ. એવો સમાજ બનશે ત્યારે તો રાજ્યની જરૂર પણ નહિ રહે. પણ અત્યારે તો નવી રચનાની સર્વાંગી સંપૂર્ણતા માટે વ્યક્તિ, સમાજ અને સમાજનું એક અંગ રાજ્ય, એ ત્રણેના અનુબંધમાં મંડળ માને છે. નૈતિક પ્રચારથી કેટલીક વ્યક્તિ સ્વૈચ્છિક આચાર કરશે. આવા સ્વૈચ્છિક આચારથી સમાજ એ વિચારને સાચો છે એમ ગણીને વિચારથી ગ્રહણ કરશે. બુદ્ધિથી સ્વીકારશે અને લોકમત તૈયાર થશે. આવો લોકમત સામાજિક દબાણથી જૂના કાનૂનો કે થતા કાનૂનો સુધરાવશે અને જરૂર પડશે તો રાજ્ય પાસે નવા કાનૂનો પણ માગશે. આમ સ્વૈચ્છિક આચાર વ્યક્તિઓ પાળશે. સમાજ એ વિચારને ઝીલશે અને સમગ્ર સમાજના આચારનું બાકીનું ખૂટતું કામ રાજ્ય કાનૂનથી થશે.

આવા અનુબંધથી જ સાચી ક્રાંતિનું કામ પૂર્ણ થાય.

(જનતા દ્વારા અહિંસક ક્રાંતિ : પા. ૧૨૯-૧૩૦)

સમાજ વ્યવસ્થાના ફેરફારો માટે જનશક્તિ એ જ પાયાનું અને સાચું બળ છે. પરંતુ અહીં દરેક બળની મર્યાદા સમજવી જોઈએ.

નૈતિક પ્રચારથી નવાં મૂલ્યોનો સ્વીકાર થાય અને જેટલે અંશે નવું મૂલ્ય સ્વીકારાય એટલે અંશે જૂનું મૂલ્ય દૂર થતું જાય. આવા નૈતિક પ્રચારથી વ્યક્તિગત રીતે કેટલાક માણસો પોતાના જીવનને સંપૂર્ણ રીતે નવા વિચારને અનુરૂપ ગોઠવવા પ્રયત્ન કરશે અને આચારમાં મૂકશે. કેટલાક એટલા અંશ પૂરતો જ એનો આચાર કરશે. આમ નૈતિક આંદોલન અમુક હદ સુધી વ્યક્તિના જીવનમાં આચારનું સ્થાન લેશે. આ ભૂમિકા પેદા થશે એટલે સમાજના મોટા ભાગે એ વિચારનો સ્વીકાર કર્યો હશે. આ વિચારને સમાજગત આચારમાં મૂકવા માટેની અવરોધી ભૂમિકા પેદા થાય એટલે આવી જનતાની એટલે કે શુદ્ધ સંગઠન દ્વારા થતી માંગથી રાજ્યે એમાં અવરોધ રૂપ જૂનાં મૂલ્યો હોય અને એવાં જૂનાં મૂલ્યોને કાયદાનું સ્વરૂપ મળ્યું હોય તેવા કાયદાને સુધારી નવા કાયદાઓ કરવા જોઈએ.

આમ નૈતિક પ્રચારથી વ્યક્તિગત જીવનનો આચાર, પછી એ વિચારનો સામાજિક સ્વીકાર, અને પછી જનતાના નૈતિક સામાજિક દબાણથી રાજ્યનો-કાનૂન એમ વ્યક્તિ, સમાજ અને રાજ્યનો અનુબંધ જળવાવો જોઈએ.

(જનતા દ્વારા અહિંસક ક્રાંતિ : પા. ૧૭૩)

માનવસ્વભાવમાં કોઈ પણ ભાવ સ્થિર નથી. આજે એક માણસ મહાન ત્યાગ કરે, તે જ કાલે સ્થૂલ પ્રલોભનમાં ફસાઈ પડે અને આજનો મહાપરિગ્રહવાળો માણસ આવતી કાલે બધું છોડી દઈ શકે. સામાજિક હિતના સામાજિક નિર્ણયોને દરેક વ્યક્તિ એક સાથે સ્વેચ્છાથી અનુસરી શકે એવું સરખું મનોબળ દરેકનું હોતું નથી. વળી અન્યાય પીડિત અને શોષિત જનતાના જીવનને સદાને માટે બીજાની સ્વેચ્છાઓ ઉપર આધારિત રાખી શકાય નહિ. એટલે વિચારને આચારનું સામાજિક સ્વરૂપ આપવા માટે ઉપર કહ્યું તેમ પાયામાં નૈતિક પ્રચાર, પછી સામાજિક માંગનું દબાણ અને સહુથી છેવટમાં કાનૂન આવે તો એ ક્રાંતિનું કામ સર્વાંગિણ બને.

(જનતા દ્વારા અહિંસક ક્રાંતિ : પા. ૧૭૪)

## ૬ અધ્યાત્મ અને રાજકારણ

આગલા હપતામાં સંઘર્ષ, સંગઠન અને સત્યાગ્રહના મુદ્દાઓ જોયા. હવે રાજકારણની શુદ્ધિ વિશે વિચારીએ.

શ્રી જયપ્રકાશજી કહે છે :

માત્ર એક બાબતમાં હું એમનાથી (વિનોબાજીથી) જુદો પડું છું. એ છે દેશના રાજકીય જીવનમાં સર્વોદય કાર્યકરોનું શું સ્થાન હોવું જોઈએ એ પ્રશ્ન.

હું નથી માનતો કે સર્વોદય કાર્યકરો માટે રાજકારણથી અલગ રહેવું શક્ય છે અથવા તો સલાહભર્યું છે. એનો અર્થ એ નથી થતો કે તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાય એમ હું ઇચ્છું છું. પરંતુ કેટલાંક રાજકીય પ્રશ્નો કે કેટલીક રાજકીય સમસ્યાઓ એમણે હાથ ધરવી જ પડે એવી હોય છે.

(સંપૂર્ણક્રાંતિની ખોજમાં પા. ૧૮૭)

દેશ અને જનતાની વર્તમાન સમસ્યાઓ પ્રત્યે ઉદાસીન રહેવું એવો અધ્યાત્મનો અર્થ થતો હોય તો તે મને માન્ય નથી.

ભારતીય અધ્યાત્મ ઘણા વખત સુધી જીવનની સમસ્યાઓથી અળગું રહીને એક સંકીર્ણ દાયરામાં જ સીમિત રહ્યું છે. જોકે બુદ્ધ આદિ આધ્યાત્મિક નેતાઓએ વખતોવખત વ્યક્તિ અને સમાજનાં તાત્કાલિક પ્રશ્નોને અધ્યાત્મ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે. આધુનિક કાળમાં ગાંધીજી એવી આધ્યાત્મિક વિભૂતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ હતા. આજે ફરી જીવનની વાસ્તવિકતાઓ સાથે અધ્યાત્મને જોડવાની જરૂર છે. તેનાથી અળગા રહીને આખરે કયા અધ્યાત્મનો વિકાસ થઈ શકશે ?

(સંપૂર્ણક્રાંતિની ખોજમાં પા. ૧૮૯)

ક્રાંતિનું પ્રેરક બળ રાજસત્તા કદી ન બની શકે એ હું અગાઉ સમજાવી ચૂક્યો છું. ક્રાંતિ સિદ્ધ કરવા માટે રાજ્ય અથવા પક્ષનો આશરો લેવામાં સર્વોદય માનતો નથી. આજે પણ આ વાતમાંની મારી નિષ્ઠા કાયમ છે.

તેથી સત્તાથી અને પક્ષથી અળગા રહેવાની આપણી નીતિ આજેય જેમની તેમ રહેવી જોઈએ એમ હું અવશ્ય માનું છું. પરંતુ શું જનતાની રાજનીતિમાં આપણને રસ નથી ? સમાજમાં ભાગ્યે જ એવો કોઈ પ્રશ્ન હશે જે રાજનીતિને સ્પર્શ ન કરતો હોય અથવા જેને રાજનીતિ સ્પર્શ ન કરતી હોય. આવા તમામ સવાલો તરફથી આપણે મોઢું ફેરવી લેવાનુ છે ? આનો સ્પષ્ટ ઉત્તર છે ના. આપણે કોઈ પણ પક્ષના સભ્ય નહિ બનીએ કે કોઈ હોદ્દો નહિ ધરાવીએ અને ચૂંટણીમાં નહિ જઈએ. પરંતુ આટલી મર્યાદાનું દૃઢતાપૂર્વક પાલન કરતા કરતા આપણે સમાજમાં એક સક્રિય ભૂમિકા તો અવશ્ય પેદા કરીશું. આ પ્રકારના જનતાના રાજકારણથી તો કોઈ માણસ અળગો ન રહી શકે.

(સંપૂર્ણક્રાંતિની ખોજમાં પા. ૧૯૦)

હવે ભાલ નળકાંઠા પ્રયોગે આ વિશે શું કહ્યું છે તે જોઈએ. ‘ગ્રામદાન આંદોલનની મર્યાદાઓ’ બતાવતાં તા. ૧ જૂન, ’૬૬ના ‘વિશ્વવાત્સલ્ય’માં લખ્યું છે :

આવું જ છે રાજકારણનું.

રાજ્યની નીતિ સર્વોદય સમાજને પોષક હોવી જોઈએ એવી અપેક્ષા રાખવામાં આપણે વાજબી છીએ. પણ એવા રાજ્યની રચનામાં ફાળો આપવામાંથી અલગ રહીએ, મતદારોને સીધી દોરવણી ન આપીએ કે રાજ્ય ઊલટી દિશામાં જતું હોય તેને રોકવાનો પ્રયત્ન ન કરીએ તો તે આપણી અપેક્ષા સાથે સુસંગત નથી.

બાહ્ય દબાણથી નહિ, પણ સ્વૈચ્છિકપણે સંયમથી જે વ્યક્તિઓ સમાજહિતથી અવિરોધી જીવન જીવી શકે છે તેમને માટે રાજ્યની જરૂર ન હોય, એ સમજી શકાય છે. તેવી વ્યક્તિઓ રાજ્યની રચનામાં ફાળો ન આપે તેય સમજી શકાય છે. એ બહાર રહે, રાજ્યને સર્વોદયની દિશામાં દોરે, પ્રેરે, તે સત્તામાં ન જાય, સત્તા તેમના કહ્યામાં રહે અને લોકશક્તિનો પ્રભાવ વધારે, પણ જેમને રાજ્યની મદદની, રાજ્યના કાનૂની નિયંત્રણની રોજેરોજ જરૂર પડે છે તેવો બહુજન સમાજ રાજ્યરચના કરવામાંથી કેમ અલિપ્ત રહી શકે ?

સર્વોદય સમાજ રચનામાં મદદ કરી શકે તેવા રાજ્યની રચના થાય, તેવા લોકો જ ધારાસભામાં કે પાર્લામેન્ટમાં ચૂંટાય, એનું સક્રિય માર્ગદર્શન અને જરૂર પડે તો કાર્યક્રમ પણ આપવાનું કર્તવ્ય છે એમ ગણવું જોઈએ.

ભાલ નળકાંઠામાં ગણોતધારામાં સુધારા અંગે થયેલા શુદ્ધિપ્રયોગના અનુસંધાનમાં ૧૯૫૭માં લખાયેલ પુસ્તક "જનતા દ્વારા અહિંસક ક્રાંતિ"માં લખ્યું છે કે -

"બિનરાજકીયનો અર્થ એવો નથી કે રાજ્ય અંગે કોઈ વિચારો જ ન ધરાવવા. રાજ્ય કેવું હોવું જોઈએ ? એની નીતિ કેવી હોવી જોઈએ ? એ અંગે વિચારો ધરાવવા અને તે માટે લોકમત કેળવવો એને રાજકારણ કહેવું હોય તો એવા રાજકારણથી અલિપ્ત રહેવાની જરૂર નથી અને રાજકારણ એ શું સાવ અસ્પૃશ્ય છે ? સાચી લોકશાહીમાં તો સામાન્ય આમજનતાને એનાથી અલિપ્ત રાખવાની જરૂર જ નથી. અલબત્ત રાજકારણ વધુ ને વધુ શુદ્ધ રહે, એ માટે જનતાને રાજકારણના પ્રશ્નોથી ઘડવી જોઈએ અને રાજકારણ પણ ધર્મમય રાજકારણ રહે, મેલી ખટપટ અને સ્વાર્થસાધુઓનું આશ્રયસ્થાન ન બની જાય એ માટે સમાજના નૈતિક આધ્યાત્મિક બળોએ એના પર સાચા ધર્મનું સિંચન કરીને નૈતિક નિયમનમાં જનતાના નૈતિક અને સંગઠિત બળથી રાખવું પડશે." (પા. ૧૮૭)

મુનિશ્રી સંતબાલજીએ ૧૯૫૩માં લખ્યું છે :

આ દેશની ધર્મપરંપરાએ એશિયાની એકતામાં જબ્બર ફાળો નોંધાવ્યો છે; એમાં કોઈથી ના કહી શકાય તેમ નથી. ભગવાન બુદ્ધને આથી જ એશિયાના પ્રકાશરૂપ વર્ણવાયા. આપણા દેશનું પ્રતીક પણ જે અશોકચક્ર છે, તે અશોકના એ છે પ્રેરણાપાત્ર. ગૃહસ્થાશ્રમ અને સંન્યાસ બંનેની ગંગા-યમુનામાંથી આવા ધર્મધુરંધરો પાક્યા છે ને પાકશે. ભગવાન રામચંદ્ર અને ભગવાન કૃષ્ણચંદ્ર ગૃહસ્થાશ્રમની ગંગામાંથી ઉપસી આવ્યા; પરંતુ સતત યોગ રાખી શકાય તેવાં તપ સંયમાદિ તત્ત્વો એમણે અગાઉના જન્મોથી જ સાધી લીધાં હતાં. ભગવાન મહાવીરને અને ભગવાન બુદ્ધને એ તપસંયમ સંન્યાસ પછી લાધ્યાં. ચારે ધર્મસંસ્થાપકોનું જીવન રહસ્ય, ત્યાગપૂર્વકના અન્યાય પ્રતિકારમાં પડેલું છે. બે પુરુષો સ્થૂળ હથિયારોને છોડી સૂક્ષ્મ હથિયારોથી જ લડે છે. ગાંધીજીના યુગમાં સૂક્ષ્મ હથિયારોની સામુદાયિક લડત ભારત લડ્યું અને ફરીને દુનિયામાંની ભૌતિક શક્તિઓને આધ્યાત્મિક શક્તિઓ આગળ પરાસ્ત કરી નાખી. એમણે ગૃહસ્થાશ્રમમાં સંન્યાસી જીવન ગાળ્યું. સામાજિક અને આર્થિક ક્રાંતિમાં સંન્યાસી જીવનવાળા જ સફળ સવિશેષ થશે, કારણ કે આ લડાઈ ઘર-ઘરની અને સ્થળ-સ્થળની આવે છે. પ્રેમ રાખવો અને સાથે રહેવા છતાંય સત્યને ખાતર સતત લડ્યા કરવું. આ

વસ્તુ સાધુઓથી સહેજે બને તેવી છે. આ દૃષ્ટિએ સાધુસંસ્થા આજના યુગે ઘણી જ કિંમતી થવાની છે. કેન્દ્રિત મૂડીમાંના ફાળા આજે શક્ય બન્યા છે. ગમે ત્યાં ફેંકાવા છતાં કુદરત પર જ એક માત્ર નિર્ભર રહીને જે ટુકડો મેળવી કામ કરશે, ન મળે કે મળે તેની દરકાર નહીં કરે તે જ સાચો સેવક આજના યુગે ટકી શકશે. જોકે કાયમને માટે પણ શ્રમણ બ્રાહ્મણ વર્ગ-ત્યાગી વર્ગ-સિવાય ઘરઘરમાં અહિંસાની જ્યોત જલતી કોઈ નહીં રાખી શકે. તમારા વિચારો ગમે તેટલા ઊંચા હશે પણ જો કુદરત નિર્ભરતા નહીં હોય તો તમે ક્રાંતિમાં ટકી જ નહીં શકો. આથી જ ગીતામાં 'यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्व किल्बषैः' કહેવાયું છે. જૈન શાસ્ત્રોએ પણ માલકીહક છોડીને ભિક્ષુ થયેલા 'મુધાજીવી' સાધુને ઘણું જ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. (વિશ્વવાત્સલ્ય તા. ૧૬-૧૦-૫૩)

મુનિશ્રી સંતબાલજીએ ૧૯૭૦માં આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચિંચણીના પ્રવેશ સમારોહ પ્રસંગે કહ્યું છે :

'પણ ગાંધીયુગ બેઠા પછી રાજકારણ જીવનથી વિખૂટું પડવાને બદલે સંધાયું. અને રાજકારણમાં તો ગંદકી જ હોય ! સત્ય, અહિંસા હોઈ શકે નહિ તે પણ વાત ખોટી (ગાંધીજી દ્વારા) પુરવાર થઈ એટલે જ આપણે પ્રથમથી ભારતમાં અનોખી જાતના લોકશાહી મૂલ્યો રામયુગથી પરંપરાગત જે સંસ્થામાં જળવાયાં કે બહાર આવ્યાં, તે મહાન સંસ્થાનું રાજકીય અનુસંધાન રાખીએ છીએ. આ રીતે રાજકારણનો પ્રભાવ પોતાની હદ બહાર ન જાય તે માટે પ્રજાસેવકો અને સંતોના સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક બળને શુદ્ધ, સંગીન અને આ ત્રણ બળથી પ્રભાવિત કરી રહ્યા છીએ.'

ભાલ નળકાંઠા પ્રયોગોએ બાપુજીનું રાજ્યક્ષેત્રમાં ધર્મસ્પર્શનું કામ ચાલુ રાખ્યું છે; એટલું જ નહિ, રાજકીય ક્ષેત્રે ગુંગળાતી આર્થિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક શક્તિઓને મુક્ત બનાવીને તેઓ દ્વારા ભારતીય ગામડાના ખેડૂતોને વિશ્વના કેન્દ્રસ્થાને મૂકવાની વાત આગળ ચલાવી છે, નારી જાતિનું વાત્સલ્ય વધાર્યું છે અને હડછેડ પામેલા આદિવાસી તથા હરિજનોને વટલાવ્યા વિના ગૌરવ પમાડ્યું છે.

રાજકારણની શુદ્ધિ વિના અહિંસક અથવા ધર્મમય સમાજરચના આગળ વધી શકે જ નહીં. ગાંધીજી ગયા પછી વ્યાપક ક્ષેત્રે સંત વિનોબાજીએ એ કામ ઊપાડ્યું જેથી દેશનું અને દુનિયાનું ભૂદાન આંદોલન તરફ ધ્યાન ખેંચાયું. પણ એ

આંદોલનમાં રાજકારણની શુદ્ધની વાત ન આવી તથા અન્યાય નિવારણ માટે પ્રજાકીય સત્યાગ્રહની વાત પણ ન આવી. ઉપરાંત સંસ્થા દ્વારા પ્રજા ઘડતરની વાત પણ બાકી રહી ગઈ. તેને પરિણામે લોકશક્તિના શબ્દો ખૂબ પ્રચલિત થયા. પણ લોકશક્તિ પોતે એવી જાગી જ નહીં કે જેથી રાજકીય સંસ્થાએ લોકશક્તિથી પ્રભાવિત થાય. પણ આ બાબતમાં ભાલ નળકાંઠા પ્રયોગે પૂર્તિ કરેલી છે.'

(ગ્રામ સંગઠન, તા. ૨૬ જૂન, ૧૯૭૦)

## ૭ રાજકારણ અને લોકકારણ

આગલા હપતામાં અધ્યાત્મ અને રાજકારણના મુદ્દાઓ જોયા. હવે રાજકારણ અને લોકકારણ વિશે વિચારીએ.

"સંપૂર્ણક્રાંતિની ખોજ"માં શ્રી જયપ્રકાશજી લખે છે :

"..રોજ-બ-રોજના પ્રત્યક્ષ જીવન-વ્યવહારમાં એક સૌથી નીચા પદ-દલિતને, સમાજના સૌથી ઊંચામાં ઊંચાની બરોબરનો આર્થિક, સામાજિક અને રાજનૈતિક મોભો પ્રાપ્ત થાય."

"પણ આ અમારો ભ્રમ હતો. રાજ્યસત્તા તો પોતાની જ અંદર જામી પડેલાં વિભિન્ન પરિબળોનો સ્વાર્થ સાધનની એક ખાનગી પેઢી હોય છે એ વાત હવે દીવા જેવી સાફ થઈ ગઈ છે." (પા. ૧૪)

"રાજ્યશક્તિ ઉપર જનશક્તિનો અંકુશ હોવો જોઈએ." (પા. ૫૪)

"જનશક્તિ નિરંતર કુંઠિત થઈ ગઈ. છેવટે સ્થિતિ ત્યાં સુધી પહોંચી કે લોકતંત્રમાં તંત્રનો દાનવાકાર દેખાતો હતો. લોક ક્યાંય લુપ્ત થઈ ગયું."

(પા. ૧૩૩)

ગામડાને પાયાનું એકમ બનાવવાની વાત આપણાં બંધારણમાં લખી છે. નીચેના સ્તરે લોકોને વધુમાં વધુ સત્તા જોઈએ. આ અંગે જાણકારોએ મળીને ચોક્કસ સૂચનો સરકાર સામે મૂકવાં જોઈએ. વળી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણી પક્ષીય ધોરણે ન થાય એ વાત સર્વોદય આંદોલન તરફથી અને બીજા પણ કેટલાક તરફથી કેટલાંય વર્ષોથી કહેવાતી આવી છે. પંડિત નહેરુના વખતમાં તે કેટલાક પક્ષોએ માન્ય પણ કરેલી પરંતુ વ્યવહારમાં એ દિશામાં ઝાઝું નથી થયું. હવે ફરી એ માટે પ્રયત્ન કરવો જોઈએ.

સાથે સાથે એ વસ્તુ પણ સમજી લેવી જોઈએ કે, લોકશાહીનો પાયો ગ્રામસ્તરે

મજબૂત કરવાના કામમાં રાજકીય પક્ષોવાળાને ઝાઝો રસ નહીં પડે. એ કામ તો સર્વોદય કાર્યકરો તેમજ અન્ય બિન-પક્ષીય પરિબળોએ જ કરવું પડશે. કદાચ એવુંયે બને કે જનતાની શક્તિ વધતી જણાય. તો તેમાં ઊલટાનો આ પક્ષવાળાઓને પોતાને માટે ખતરો જણાય. (પા. ૧૬૨)

હવે જોઈએ ભાલ નળકાંઠા પ્રયોગના આ મુદ્દા વિશેનાં તારણો.

'કૉંગ્રેસને જાગૃત રાખવાનું બળ' એ લેખમાં ૧૯૬૬માં લખ્યું છે કે -

સત્તાનાં નશાથી પર રહેવું, દૂષણોથી બચવું અને નિર્લેપભાવે એક માત્ર સેવાના સાધન તરીકે સત્તાસ્થાનનો ઉપયોગ સર્વજનહિતમાં કરવો. એમાં ઉચ્ચ ચારિત્રબળ જોઈએ. આવી ચારિત્રશીલ વ્યક્તિઓ સત્તા પર હોય તો પણ, સત્તાનો દુરુપયોગ થતો અટકાવવા તેમના પર અંકુશ રાખનારું એક બળ જોઈએ. જેનાથી સત્તા પર હોય તે જાગૃતિ રાખે અને નબળાઈઓથી બચે.

સત્તા પરના પક્ષો પાસે સિદ્ધાંતો અને આદર્શો સારા હોય, તેનો અમલ કરવા જેટલી કાર્યક્ષમતા તે ધરાવતો હોય અને તેને લાયક યોગ્ય નેતાગીરી પણ હોય છતાં તે પક્ષને માટે પણ આવા બળની જરૂર છે જ. કૉંગ્રેસ પક્ષ આજે સત્તા પર છે તે પણ આમાં અપવાદ ન બની શકે.

વળી કેટલાય કૉંગ્રેસમેનો એવું માનતા હોય કે આવા કોઈ બીજા બળની કૉંગ્રેસને જરૂર નથી. કૉંગ્રેસસંગઠન જ એ માટે પર્યાપ્ત બળ છે. તો એમણે એ પણ સમજી લેવું રહ્યું કે એ કામ બે ઘોડા પર એક સાથે સવારી કરવા જેવું છે. કૉંગ્રેસ પોતે સત્તા પર પણ રહે અને પોતે જ પોતા પર અંકુશ પણ રાખી શકે તે વાત બની નથી. કારણ કે તે બની શકે તેમ જ નથી. બહારનું બળ જ આ કામગીરી અસરકરક રીતે બજાવી શકે એ આટલા અનુભવ પછી હવે સમજાઈ જવું જોઈએ.

(વિશ્વવાત્સલ્ય : તા. ૧લી જૂન, ૧૯૬૬)

તા. ૨૫-૧૨-૬૬ના રોજ ભાલ નળકાંઠા ખેડૂત મંડળે એક જાહેર નિવેદનમાં કહ્યું છે :

આજે પરિસ્થિતિ શું છે ? લોકતંત્રમાંના લોકો ખોવાયા છે. તંત્રની બોલબાલા વધી છે.

સમાજવાદી સમાજરચનામાંનો સમાજ એક બાજુ નિષ્ક્રિય બનીને ઊભો છે. રચનાનો બોજો સત્તાને ભરોસે પક્ષે જ ઉપાડ્યો છે.

સહકારી પ્રજાસત્તાકમાંના સહકારનાં દર્શન દુર્લભ બન્યાં છે. પ્રજા ઉપરનું વર્ચસ્વ વધારી સત્તા મેળવવા કે જાળવવાની ધક્કા મુક્કી વધ્યાં છે.

બિનકોમી અને બિનસાંપ્રદાયિક નીતિમાંનાં સહિષ્ણુતા, ઉદારતા અને વ્યાપક હિતોવાળા વલણોને બદલે જ્ઞાતિવાદ, કોમવાદ, ગામ, તાલુકા, જિલ્લા કે પ્રદેશની પ્રાદેશિક લાગણી, ભાષાવાદ, જૂથવાદ એમ અનેક પ્રકારની સંકુચિત લાગણીના ઝનૂનોથી સમાજમાં વ્યાપક પ્રમાણમાં અરાજકતા જેવી પરિસ્થિતિ પેદા કરવાનાં વલણો વધતાં ગયાં છે.

સક્રિય અને તટસ્થ વિદેશનીતિને સ્થાને જાણે કે નિષ્ક્રિય અને આ કે તે બાજુ ઢળતી ઢચુપચુ નીતિ હોય તેવો દેખાવ થયા કરે છે.

શાંતિમય સહઅસ્તિત્વનો વહેવારમાં અર્થ જો કે, "વાઘના પેટમાં ઘોડાએ શાંતિથી હોમાઈ જવું" એવો થતો હોય તેમ અનુભવાય છે અને દેશમાં જ નવા નવા ઔદ્યોગિક સંસ્થાનો સ્થપાતાં જાય છે.

અમે દઢપણે માનીએ છીએ કે,

આમ બનવાનું કારણ કૉંગ્રેસના આદર્શો કે સિદ્ધાંતો નથી પણ કૉંગ્રેસ સંસ્થાનું સ્વરૂપ અને કૉંગ્રેસી સરકારોની રાજનીતિ છે. આ આદર્શોને વહેવારમાં ઉતારવાની શક્તિ અને તકો કૉંગ્રેસે હાથ કરીને ખોઈ નાખી છે.

આવી શક્તિ તો જ આવી શકે,

જો લોકોમાં શ્રદ્ધા મૂકી નવસમાજ નિર્માણનાં દરેક તબક્કે લોકોને ભાગીદાર બનાવવામાં આવે. દેશના આયોજનના પાયામાં ખેતી, ગોપાલન અને ખાદી ગ્રામોદ્યોગના વિકેન્દ્રિત અર્થકારણને કેન્દ્રમાં રાખવામાં આવે અને અર્થનીતિ અને રાજનીતિનો સમગ્ર ઝોક ગ્રામલક્ષી બને.

સત્તાનો સ્વભાવ જ એવો છે કે, જો એના પર અંકુશ ન હોય તો તેમાંથી સડો પેદા થયા વિના રહી શકે નહીં.

તુલસી રામાયણમાં ભગવાન શંકરે કહ્યું છે કે, "નહીં અસ કોઉ જન્મેઉ જગમાંહી, પ્રભુતા પાઈ જાઈ મદ નાહી" આ જગતમાં એવો જન્મ્યો જાણ્યો નથી કે જેણે સત્તા પામીને મદ ન કર્યો હોય.

રાજ્યસત્તાની જરૂર તો આજે સમાજને છે જ એટલે રાજ્યની રચના તો થાય છે જ પણ રાજકારણ પર અંકુશ રાખનારું કોઈ બળ નથી. તેથી તેમાં સડો પેદા થાય છે. તેથી, અમે માનીએ છીએ કે,

રાજસત્તા પર લોકોનો અંકુશ હોવો જોઈએ. લોકો પણ ટોળાંશાહીનો માર્ગ ન લે તે માટે તે નૈતિક રીતે ઘડાયેલા, વ્યવસ્થિત અને સંગઠિત હોવા જોઈએ.

તેમનાં સંગઠનો નૈતિક નિયંત્રણ નીચે ચાલતાં હોવાં જોઈએ અને છેલ્લે આધ્યાત્મિક માર્ગદર્શન પણ આ બધાં બળોને સતત મળતું રહેવું જોઈએ. આમ આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક એમ ત્રણ થરા અંકુશ નીચે રાજકારણને લાવવું જોઈએ. રાજા, પ્રજા, બ્રાહ્મણવર્ગ અને ઋષિ-મુનિઓ એમ ચારેયનો પરસ્પર સહયોગ મળે તો જ રામરાજ્યની કલ્પના સાકાર બની શકે. (ગ્રામસંગઠન : તા. ૨૬-૧૨-૬૯)

ગ્રામ સંગઠનના ૨૬ સપ્ટેમ્બર ૧૯૬૯ના અંકમાં લખ્યું છે :

મૂળ સવાલ એ છે કે નવા સમાજની રચના કરતી વખતે બીજાં ક્ષેત્રોની જેમ રાજકીય ક્ષેત્રનો પણ વિચાર થવો જોઈએ કે નહિ ? કે રાજકારણ ગંદુ છે, પક્ષાપક્ષીથી ભરેલું છે એમ ગણીને તેના તરફ ઉદાસીન રહેવું કે તેની ઉપેક્ષા કરવી ?

પ્રથમથી જ સંઘ એમ માને છે કે સર્વાંગી ક્રાંતિમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક એ બધાં ક્ષેત્રોની જેમ રાજકીય ક્ષેત્રની શુદ્ધિ અને ઘડતરનું કામ થવું જોઈએ. દેશની એંશી ટકા વસ્તી રાજકારણથી અસ્પૃશ્ય રહી શકે નહિ. ગ્રામસમાજનું રાજકીય ઘડતર પણ થવું જોઈએ.

આ કામ રાજકીય પક્ષો પોતે નહિ કરી શકે. તેમના પોતાના રાજકીય હિતો હશે, રાજકારણની મર્યાદાઓ પણ હશે એટલે સત્તાથી પર બનીને અને પક્ષથી સ્વતંત્ર રહીને આ કામ કરવું પડશે. આ ધોરણે જ પ્રાયોગિક સંઘ અને ખેડૂત મંડળનું કામ ગોઠવાય છે.

તા. ૨૬-૧૨-૬૯ના રોજ ભાલ નળકાંઠા ખેડૂત મંડળે જાહેર નિવેદનમાં જણાવ્યું છે કે,

આર્થિક, સામાજિક અને નૈતિક પરિવર્તન કેવળ રાજકીય પક્ષ કે સત્તા દ્વારા નહિ પણ ઘડાયેલી જનતા દ્વારા જ લાવી શકાય કારણ કે જનતાને મુખ્ય રાખી લોકલક્ષી રાજનીતિ ઘડવામાં આવે તો જ લોકશાહી ઢબે બંધારણીય માર્ગો દ્વારા અને શાંતિમય સાધનોથી આવું પરિવર્તન લાવી શકાય.

આ મૂળભૂત સત્ય ગાંધીજી જાણતા હતા અને તેથી જ સ્વરાજ મળતાંની સાથે જ લોકસેવક સંઘમાં કૉંગ્રેસની શક્તિને પરિવર્તિત કરવાની વાત તેમણે કરી હતી.

તે વખતની પરિસ્થિતિમાં કૉંગ્રેસને સત્તામાં રહેવું ભલે અનિવાર્ય બન્યું. પણ તેથી ગાંધીજીની તે વાતનું મહત્વ ઓછું ન હતું. આ હાર્દ સમજવામાં કૉંગ્રેસ સંગઠન સદંતર નિષ્ફળ ગયું અને એક માત્ર સત્તા મેળવવા અને ટકાવવા તરફ જ તે ધીમે ધીમે ઢળતું ગયું, એટલું જ નહિ લોકસેવક સંઘનો વિકલ્પ પૂરો પાડવાના

હેતુથી લોકમતને નૈતિક ધોરણે ઘડવાનું કાર્ય કરીને કૉંગ્રેસનાં પૂરકબળ તરીકે મદદ કરનાર નૈતિક ગ્રામ સંગઠનો અને રચનાત્મક સંસ્થાઓ તરફ ઉપેક્ષા સેવવાનું અને રખેને તે પ્રતિસ્પર્ધી બને તેવી ભયગ્રંથિથી કોઈ સ્થળે તો તેને તોડવાના પ્રયત્નો કૉંગ્રેસ સંગઠને કર્યા.

આમ કેવળ સત્તા પ્રાપ્ત કરવાના અને ટકાવવાના હેતુથી કૉંગ્રેસ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રચનાત્મક ક્ષેત્રની સહકાર, પંચાયત, શિક્ષણ, સંસ્કાર, સાહિત્ય અને કલા કે સેવા સંસ્થાઓમાં સીધી કે આડકતરી પકડ જમાવી સત્તાના ભરડાનો વ્યાપ વધાર્યો અને રાષ્ટ્રીય મૂલ્યોની પરવા કર્યા વિના મતો ખેંચી લાવનાર મૂડીવાદી, જમીનદારી, કોમી અને અસામાજિક તત્ત્વોને આગળ લાવી મૂક્યા.

પરિણામે કૉંગ્રેસ સંગઠન સેવા અને જાહેરજીવનની શુદ્ધિનું માધ્યમ બનવાને બદલે ધન, સત્તા અને પ્રતિષ્ઠા મેળવવા ઝંખતી વ્યક્તિઓ અને જૂથોનાં હાથનું રાજકીય ચાલબાજી કરવાનું એક માત્ર સાધન બની ગયું.

આથી કૉંગ્રેસની સ્વીકૃત નીતિઓ અને પ્રગતિશીલ કાર્યક્રમોનાં અમલમાં મંદતા આવી. પાટલીબદલુઓને મહત્તા મળી, ગેરશિસ્તને ઉત્તેજન મળ્યું અને અન્ય જૂથો કે પક્ષોને પપલાવવાની નબળાઈ પેઠી.

વર્તમાન કટોકટી આ જ પ્રક્રિયાનું સ્વાભાવિક અને છેલ્લું પરિણામ છે.

સહકાર, પંચાયત અને શિક્ષણ સેવાની સંસ્થાઓમાં લોકસંગઠનો પોતાના પ્રતિનિધિઓ દ્વારા વહીવટ ચલાવે. તેમાં કોઈ પણ રાજકીય પક્ષ ભાગ ન લે તેવી સાર્વત્રિક નીતિ પરંપરામાં અને બંધારણમાં માન્ય કરાવવા માટે કૉંગ્રેસ પ્રયત્ન કરે.

## ૮ રાજકારણ, ચૂંટણી અને લોકપ્રતિનિધિત્વ

ગયા હપતામાં સત્તાના રાજકારણને રચનાત્મક લોકકારણની દિશા આપીને સત્તાકારણનું સ્થાન સેવાનું રાજકારણ લે તેવા કાર્યક્રમનો વિચાર કર્યો. આ હપ્તામાં રાજકારણ, ચૂંટણી અને લોકપ્રતિનિધિત્વ વિશેના મુદ્દાનો વિચાર કરીશું.

'સંપૂર્ણક્રાંતિની ખોજ'માં જયપ્રકાશજી કહે છે :

"(૧) એક એવી વ્યવસ્થા ઊભી કરવી કે જેને લીધે જનતા સાથે વિચારવિનિમય કરીને ઉમેદવાર ઊભા કરી શકાય. (૨) એવી જ રીતે એક બીજી વ્યવસ્થા ઊભી કરવી કે જેથી લોકો ચૂંટાઈ આવેલા પોતાના પ્રતિનિધિ ઉપર ધ્યાન રાખી તેના હાથે

સારાં અને પ્રમાણિક કામો જ થાય એવી ખાતરી રાખી શકે.'' (પા. ૮૪)

''ચૂંટણી વખતે જઈને પોતાનો મત આપી આવે. આ મતદાન પ્રક્રિયા પણ હજી જોઈએ તેટલી સ્વચ્છ અને સ્વતંત્ર નથી અને ઉમેદવારની પસંદગીમાં મતદારોનો કોઈ હાથ હોતો જ નથી અને ચૂંટણી પછી પોતાના પ્રતિનિધિ ઉપર મતદારોનો કોઈ અંકુશ નથી.'' (પા. ૧૬૫)

સરકારમાં એવી વ્યક્તિઓ ચૂંટાઈને આવી છે, જેમને લોકોની આશા આકાંક્ષા માટે સહાનુભૂતિ છે. પરંતુ તેટલા માત્રથી જ સરકાર છેક નીચેથી લઈને ઉપર ટોચ સુધી શું શું કામો કરે છે તે જોવાની, તેના ઉપર નજર રાખવાની જરૂર નથી એમ તો ન જ કહી શકાય. એ જરૂર આજે પણ એટલી જ ઊભી છે, માટે જનતા આ લોકશાહીની પ્રહરી બને તથા નીચેના કર્મચારીથી માંડીને મુખ્યપ્રદાન અને વડાપ્રધાન સુધીના બધા કામ ઉપર દેખરેખ રાખે. એવી પરિસ્થિતિ પેદા થાય કે જનતાની ઇચ્છા વિરુદ્ધ કોઈ કાંઈ ન કરી શકે. પ્રજાએ નિરંતર જાગૃતિ અને તકેદારી રાખવાની છે. તેના વિના સ્વતંત્રતા જાળવી શકાતી નથી. કેવળ મતનું પતાકડું નાખી આવ્યા કે કર્તવ્ય પૂરું થયું એમ ન માનવું જોઈએ. સંપૂર્ણક્રાંતિના સંદર્ભમાં લોકતંત્રની કલ્પના તો એવી હોય કે લોકો સમાજસેવાના કામોમાં પ્રત્યક્ષ હિસ્સો લેતા હોય અને તંત્ર; લોકની અનુમતી અને સહમતિથી કામ કરતું હોય. સાચી લોકશાહી તો ત્યારે જ સંભવે. આ માટે લોકચેતનાને જાગૃત અને સક્રિય રાખવી પડશે. (પા. ૧૬૪)

શ્રી જયપ્રકાશજી રાજકીય પક્ષોની મર્યાદા વિશે આગળ જતાં લખે છે :

''ક્રાંતિની વાત કરતાં રાજકીય પક્ષો આમાં થોડો ભાગ ભજવી શકે. પણ તેમને કેટલીક મર્યાદાઓ છે. રાજકીય પક્ષની મોટામાં મોટી મર્યાદા એ છે કે તે સત્તા કબજે કરવા મથે છે. એ એમ માને છે કે સત્તા દ્વારા જ એ પોતાનાં ધ્યેય હાંસલ કરી શકે.'' ('સંપૂર્ણક્રાંતિની ખોજ' પા. ૨૦૧)

ભાલ નળકાંઠા પ્રયોગમાં અનુભવેલી વાત લખતાં ૧૯૭૦માં જણાવ્યું છે :

**'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.'**

એની જેમ, નજર સામે મોટો ડુંગર ખડો હોય પણ આંખ પાસે તદ્દન નજીકમાં તરણું રાખીને પછી નજરને લંબાવીને જોઈએ તો ડુંગર દેખાય નહિ.

કૉંગ્રેસનું પણ આવું જ બન્યું છે.

'કૉંગ્રેસે સ્વીકારેલા ધ્યેયને પ્રાપ્ત કરવાના તેનું પ્રત્યક્ષ લક્ષ તો સેવાકાર્ય જ હોઈ શકે. સેવાના લક્ષને પહોંચવા બીજા સાધનોની જેમ સત્તા પણ એક સાધન

બની શકે. જો સેવાનું લક્ષ ન ચુકાય અને સત્તા એ સાધન જ છે સાધ્ય નથી એવી જાગૃતિ રાખીને સંસ્થા ચાલે તો.

પણ એમ થવાને બદલે સત્તા લક્ષ બન્યું અને તેથી આંખ સામે લક્ષમાં સત્તા રહી. આ સત્તારૂપી તરણું કૉંગ્રેસની નજરને ટૂંકી બનાવે છે. પરિણામે સેવાના લક્ષને પહોંચવા સારુ બીજાં પહાડ જેવાં સાધનો કે માર્ગોને જોવાની લાંબી દૃષ્ટિ તેણે ગુમાવી છે.

આના મૂળમાં સત્તા મારફત સમાજ પરિવર્તન કરી નાખવાનો ખ્યાલ કૉંગ્રેસ નેતાગીરીના મનમાં રહેલો જણાય છે. આ ખ્યાલ હોય ત્યાં સુધી સત્તા એ તરણું નથી પણ એ જ મોટો પહાડ છે, માટે સત્તા હોય તો ટકાવવી, ન હોય તો મેળવવી, એ જ એનો પુરુષાર્થ રહે, એ સ્વાભાવિક છે.

ગુજરાત કૉંગ્રેસમાં શ્રી ઠાકોરભાઈ દેસાઈ જેવા, કૉંગ્રેસના સાધન અને સાધ્ય વિશે સ્પષ્ટ હોય તેવા કેટલાક આગેવાનો જરૂર છે કે જે વારંવાર સેવા અને સત્તાની મર્યાદાઓ વિશે કૉંગ્રેસીઓને ચેતવતા રહે છે; પણ કૉંગ્રેસનું સ્વરાજ્ય પછીનું બદલાતું જતું સ્વરૂપ જ એવું બનતું રહ્યું છે કે તે પોતે જાતે પોતાની સત્તાકાંક્ષા પર અંકુશ રાખી શકે અને સત્તાને સાધન માનીને સેવાના લક્ષને પહોંચી શકે તેવી કાર્યક્ષમતા તે ધરાવતી નથી. રાજકારણની કેટલીક વાસ્તવિકતાઓ પણ એને એમાં બાધારૂપ બને છે.

ભાલ નળકાંઠા પ્રયોગે આ બધાના ઉકેલનો ધોરીમાર્ગ બતાવ્યો જ છે અને એમાંથી જ પૂરક, પ્રેરક અને માર્ગદર્શક એમ ત્રણ તત્ત્વની પૂર્તિરૂપ ત્રણ સંસ્થાઓનું અનુસંધાન કૉંગ્રેસ સાથે જોડવાની વાત તે કરે છે. કૉંગ્રેસ આ ધોરીમાર્ગરૂપી પહાડ ત્યારે જ જોઈ શકે, જયારે તેની નજર સામેથી પેલું સત્તારૂપી તરણું તે જાતે જ દૂર હટાવે.

નહિ હટાવે અને તે તરણાને પકડીને ચાલતી રહેશે તો છેવટે જાતે જ તે અનુભવશે કે આ તરણું તેને તારે તેમ નથી, ઊલટાનું મારે તેમ છે. પણ ત્યારે સંભવ એવો ઘણો છે કે તે વખતે ઘણું મોડું થયું હશે અને તેના હાથમાં બાજી જ નહિ રહી હોય.' (ગ્રામ સંગઠન : તા. ૨૬-૮-૭૦)

હવે જોઈએ ભાલ નળકાંઠા પ્રયોગના વિચારો.

આજે ઉમેદવારોની યોગ્યતા અને પક્ષપલટાના મુદ્દા સારી પેઠે ચર્ચાસ્પદ બન્યા છે. આજથી ૨૫ વર્ષ પહેલાં પાટલીબદલુ શબ્દનો જન્મ પણ થયો ન હતો

ત્યારે મુનિશ્રીએ કહ્યું છે :

"આંધ્ર રાજ્યની રચના માટે જેઓ પ્રયત્નશીલ હતા તેમાંના બુઝુર્ગ નેતા શ્રી ટી. પ્રકાશમ્ હતા. આજે તેઓનો પંતપ્રધાનપણા નીચે આંધ્ર રાજ્યનો પ્રાંતિક વહીવટ ચાલશે. ચૂંટણીમાં શ્રી ટી. પ્રકાશમ્ પોતાનો સ્વતંત્ર પક્ષ રચીને આવ્યા હતા અને પ્રજાપક્ષ તથા સમાજવાદી પક્ષના જોડાણની સાથે તેઓ પણ શિસ્તપૂર્વક તેમાં જોડાયા. એક છાપામાં એવો પણ ઉલ્લેખ હતો કે તેઓએ સામ્યવાદી પક્ષ સાથે પણ ધારાસભાકીય સંધિ સ્વીકારી હતી. અને આજે તેઓ કૉંગ્રેસના ધારાસભા પક્ષ સાથે સહાયક સભ્ય તરીકે જોડાયા છે. આમ વારંવાર એક પક્ષના સભ્ય કે સ્વતંત્ર સભ્ય, ચાહે ત્યારે ગમે તે પક્ષ સાથે જોડાય તે શિરસ્તો કાયદેસર ભલે વાંધાજનક ન હોય. પણ ભારતની ખીલતી લોકશાહી માટે જોખમકારક છે."

"આમ ફેરબદલી કરતાં પહેલાં અથવા પછી તેણે મતદારોનો ચુકાદો માગવો જોઈએ."

"એટલે શ્રી ટી. પ્રકાશમ્ ફરીથી ચૂંટાઈ આવે એ વધુ ઇચ્છનીય છે. લોકો એમને ચૂંટશે જ એમાં શંકા નથી, પણ ઉચ્ચ પ્રણાલી ઊભી કરવાની ખાતર આટલું થાય એ ન્યાયી લાગે છે." (વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧૦-૧૯૫૩)

ઉમેદવારની પસંદગી બાબતમાં ૧૯૫૩ની પેટાચૂંટણીઓ પછી મુનિશ્રીએ લખ્યું છે :

"સૌરાષ્ટ્રના આ ચારે ઉમેદવારો વિશે મને જે માહિતી મળી છે, તે જોતાં બે મોટા વેપારીઓ છે, એક વકીલ છે અને એકને મુખ્યપણે કોમલક્ષી મતદાનને લીધે જંગી બહુમતી સાંપડી છે ! આ ચારમાંથી શોષણવિહીન સમાજરચનામાં માનનારા કેટલા ? તથા અહિંસક અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતોને વરનારા કેટલા ? બીજો સવાલ એ થાય છે કે આ ચારે ચૂંટણીઓમાંના પ્રચારકો અને મતદારો; સભ્યતામાં અને પ્રમાણિકતામાં આગળ વધ્યા કે પાછા હટ્યા ?

પૈસા, લાગવગ, પશુબળ, ગંદી નિંદાત્મક ભાષા આ બધાં અનિચ્છનીય સાધનોથી જ જો ચૂંટણી જીતાતી હોય તો એ જીત નથી પણ કારમી હાર છે અને કલ્યાણ રાજ્યની કલ્પનાનો મૃત્યુઘંટ છે ? અને હજારોના ખર્ચે, સેંકડો માણસોના અમૂલ્ય સમયનો દુર્વ્યય; આ બધું જોતાં ગરીબ છતાં પ્રમાણિક નાગરિકની તેમ જ કલ્યાણલક્ષી રચનાત્મક કાર્ય કરનારાઓની ચૂંટણીક્રિયા પ્રત્યે ઉદાસીનતા અને નફરત કેળવાતી જાય છે. આ કલ્યાણરાજ્યનો માર્ગ હરગિજ નથી જ. તો શું કરવું ? ચૂંટણીની પ્રથા ધરમૂળથી ફેરવી નાખવી. ગામડાંઓનું નીચલા થર સહિતનું

ઘડતર આનો કાયમી ઉકેલ છે. એટલે એક બાજુથી ભૂદાનના કાર્યની સાથોસાથ ગ્રામસંગઠનનું કામ પ્રત્યેક રચનાત્મક કાર્યકરે ઉઠાવી લેવું. બીજી બાજુ કૉંગ્રેસે હવે જીતવામાં નહીં, પણ સિદ્ધાંતની દૃષ્ટિએ કડક રહેવાથી હારવું પડે તો હારવામાં જ ગૌરવ માનવું. ખાસ કરીને સ્થાનિક વર્તુળોની પસંદગીનો અને કૉંગ્રેસી સિદ્ધાંતોનો સમન્વય કરીને ઉમેદવાર ઊભો કરવો."

પટનામાં શ્રી રાજાજીએ પણ કહ્યું છે : "હવે આપણે રોજિંદા જીવનને આપણી ધાર્મિક ભાવનાઓને અનુરૂપ બનાવી શકીએ, એવા સંયોગો ઉપસ્થિત થયા છે... હિંદુ ફિલસૂફીનો મૂલાધાર શાસકની સત્તા કરતાં પ્રકૃતિના નિયમોમાં વધારે રહેલો છે."

હું એમના ભાષણ સૂરને અનુરૂપ રહીને એટલું ઉમેરું કે : "પ્રકૃતિના નિયમોની સ્વાભાવિકતા સદ્ધર્મથી જ પ્રજામાં લાવી શકાય છે." અને સદ્ભાગ્યે આપણા શાસનનો મૂલાધાર પણ પુખ્તવયનો માનવી છે કે જે સત્યાસત્યની પરખ કરી શકે તેમ છે; માત્ર તેના હૈયાને ઢંઢોળવું જોઈએ અને તે માનવીને માનવસમૂહરૂપી વિશ્વમાં અભિમુખ કરવો જોઈએ. આ કામ આજની તકે જલદી નહીં થાય તો દેશ અને દેશનું ધર્મતત્ત્વજ્ઞાન, એમ બધુંય કાં તો જંગલી તોફાનોમાં ગરક થઈ જશે અને કાં તો પક્ષોની અધમ પ્રકારની સત્તા સાઠમારીમાં ભસ્મ થઈ જશે."

(વિશ્વવાત્સલ્ય : તા. ૧-૮-૫૩)

## ૯ લોકલક્ષી અને ગતિશીલ લોકશાહીની દિશા

શ્રી જયપ્રકાશજી 'સંપૂર્ણક્રાંતિની ખોજ'માં લખે છે :

"પછી મુખ્ય વાત છે, જે નવો પક્ષ દેશનાં આ તુમુલ-મંથનમાંથી ઊભો થયો છે તેને વ્યવસ્થિત કરવાની. જોકે વ્યક્તિગત રીતે હું કોઈ પક્ષીય રાજનીતિમાં છું નહિ. તેમ છતાં આજના સંજોગોમાં હું જનતાપક્ષ સાથે ઘણી નિકટતા અનુભવું છું. અત્યારે વિશિષ્ટ પરિસ્થિતિમાંથી આપણે બહાર આવ્યા છીએ. તેમાં લોકશાહી પરિબળોને સંગઠિત અને સંગીન બનાવવાનું કામ મહત્ત્વનું છે. આ સંદર્ભમાં જનતા પક્ષ એક પ્રતીક બની ગયો છે. એટલે મને થાય કે તે અખંડ રહે અને મજબૂત બને તે જોવું રહ્યું. લોકશાહી પરિબળો આગળ વધતાં રહેવાં જોઈએ. આ પ્રક્રિયામાં મદદરૂપ થવાય એટલું થવું. આમાં જનતા પક્ષના સભ્ય થઈ જવાની કે તેની સાથે એકરૂપ બની જવાની કોઈ વાત નથી. માત્ર લોકશાહી પરિબળોને મજબૂત કરવાની વાત છે." (પા. ૧૦૮)

"લોકસમિતિઓ ચૂંટણી વખતે ઉમેદવારોને નાણી જોવાનું-પસંદ કરવાનું કામ કરશે અને ચૂંટણી બાદ પોતાના પ્રતિનિધિ સાથે સંપર્ક સતત તાજો રાખવાનું અને એ સાચા લોક-પ્રતિનિધિ તરીકે કામ કરે છે કે નહીં તેની ખબરદારી રાખવાનું કામ કરશે. તે ઉપરાંત એકંદર આખીય સરકારનાં કામકાજ પર ચાંપતી દેખરેખ રાખવાનું કામ પણ આ લોકસમિતિઓ કરશે. આ રીતે લોકસમિતિ જનશક્તિનું એક માધ્યમ બનશે અને એ માત્ર ચૂંટણી પૂરતું જ નહી, કાયમનું એક પરિબળ બની રહેશે.

સરકારમાં જે લોકો છે એમને માટે આમાં અવિશ્વાસનો ભાવ છે એવું એમને લાગવું જોઈએ નહીં, જે કોઈ સત્તાસ્થાને બેસે તે ભૂલ કરી શકે છે. એટલે એમને માથે કોઈ દેખરેખ રાખનાર હોય તો એમને સારું જ લાગવું જોઈએ. આપણે ત્યાં હજી અખબારો એટલાં શક્તિશાળી નથી અને લોકલાગણીનો પ્રભાવશાળી પડઘો તેમાં ઊઠતો નથી, અને બીજો પણ કોઈ પ્રભાવશાળી માર્ગ નથી. ત્યારે જનતાએ રાજકીય પક્ષ તરીકે નહીં પણ જનતા તરીકે સંગઠિત બનવું અત્યંત જરૂરી બની જાય છે. જે રાજકીય પક્ષો છે તે પોતાની ઢબે જે કાંઈ કરતાં હોય તે ભલે કરે. આપણે તેમાં કોઈ બાધા ઊભી કરવા માગતા નથી. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી એમને સાચે માર્ગે ચાલવામાં એમને મદદ કરીશું. આપણો એવો જ પ્રયત્ન હશે. એમની ભૂલો હશે, તો તે આપણે એમને બતાવીશું. જરૂર પડશે તો અહિંસક વિરોધ પણ કરીશું, સત્યાગ્રહ પણ કરીશું. આ દેશનાં હિતમાં હશે અને શાસકોનાં હિતમાં હશે." (પા. ૧૬૭)

'એ પણ જોવું પડશે કે જુદા જુદા પ્રકારનાં સ્થાપિત હિતો આ લોકસમિતિઓ પર કબજો ન જમાવે, અને માત્ર ઉચ્ચ વર્ગનાં લોકોનું જ આના ઉપર વર્ચસ્વ ન રહે. એમ થશે તો લોકસમિતિઓની ક્રાંતિકારિતા નષ્ટ થઈ જશે. માટે આ લોકસમિતિઓ દલિતો અને શોષિતો માટે કામ કરનારી હોય, લોકશાહીનાં મૂલ્યોને પણ આગળ વધારનારી હોય, આ લોકસમિતિઓમાં એવા લોકો હોવા જોઈએ કે જે પોતે સમાજમાં પરિવર્તન થાય તે માટેની તીવ્રતા અનુભવતા હોય. જેમને પોતાને સંપૂર્ણક્રાંતિના વિચારોમાં નિષ્ઠા હોય એ પોતે સંપૂર્ણક્રાંતિને સમજવા સતત કોશિશ કરતા હોય અને બીજાઓને પણ સમજાવવા મથતા રહેતા હોય. આમ, દરેક સ્થિતિમાં લોકસમિતિઓનો સરવાળે એક જ ઉદ્દેશ હોય.' (પા. ૧૭૦)

હવે જોઈએ ભાલ નળકાંઠાનું તારણ :

મુનિશ્રીએ ૧૯૫૩માં કહ્યું છે : "ખુદ કૉંગ્રેસને પણ આજે તે શહેર મિશ્રિત હોઈ ગ્રામાભિમુખ કરવા માટે સત્ય અને અહિંસાને સામે રાખી આંચકા આપવાના આવશે, પણ મને ખાતરી છે કે એ આંચકાઓ બન્નેને શોભાવનારા અને શુદ્ધ રાખનારા હશે. બન્ને સંસ્થાના સ્થાનિક કાર્યકરો ગેરસમજૂતી થતી દેખાય ત્યાં સ્થાનિક કે મુખ્ય કાર્યકરો પાસે જઈને પણ હંમેશા ચોખવટ કરતા રહે. કારણ કે આ બન્ને સંસ્થાઓએ પોતપોતાનું નિરનિરાળું વ્યક્તિત્ત્વ સાચવવાનું અને પરસ્પર પૂરક થવાનું હોઈ ઘર્ષણો ડગલે ડગલે આવશે, પણ એ ઘર્ષણો સાધક બની રહે તેટલું હરપળે જોવાનું રહેશે.

શ્રી વિનોબાજીનું ભૂદાન આંદોલન ગ્રામ સંગઠનોની પૂર્વભૂમિકા તૈયાર કરે છે. દેશમાં ત્યાગનું વાતાવરણ સર્જે છે, પણ આજે દેશમાં ત્યાગની સાથોસાથ અન્યાય સામેની પ્રતિકારક શક્તિ અને ઊંડી શુદ્ધિની જે જરૂર છે, તે ગ્રામસંગઠનો વિના નહીં ઊભી થાય. એટલે દેશભરમાં ગ્રામસંગઠનો ઝડપી થવા દેવાં જોઈએ."

"આજે એમ સ્પષ્ટ કહી શકાય કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતે પક્ષપાતના આક્ષેપનો ડર સમૂળગો છોડ્યો છે; પરંતુ રાષ્ટ્રીય ક્ષેત્રે જોઈએ તો કૉંગ્રેસ સરકારોને ગામડાંઓના પક્ષપાતનો ડર એટલો બધો છે કે એક પણ ડગલું સીધું ગ્રામ પક્ષપાતી ભરવામાં એ અચકાય છે. કૉંગ્રેસ જ્યાં લગી ગ્રામ પક્ષપાતનો ડર છોડે નહીં ત્યાં લગી સામાજિક અને આર્થિક ક્રાંતિ આ દેશમાં થઈ શકે તેમ નથી. મારી આ સમજણને મેં વારંવાર અનેક રીતે ચકાસી લીધી છે અને તેથી કૉંગ્રેસના પક્ષપાતનો ડર મને હવે પીડી શકતો નથી.

મને પોતાને ખાતરી છે કે કૉંગ્રેસે જો રાજકીય ક્રાંતિ કરી છે, તો એને ગ્રામલક્ષી બનાવવાથી તે સામાજિક અને આર્થિક ક્રાંતિ અવશ્ય કરી શકશે; પણ એ માત્ર વાતોથી ગ્રામલક્ષી નહીં બની શકે, થોડાં ઘણાં માણસોની સહાનુભૂતિથી પણ ગ્રામલક્ષી નહીં બની શકે. કૉંગ્રેસને ગ્રામલક્ષી બનાવવા માટે આર્થિક, સામાજિક ક્ષેત્રે અલગ સ્વતંત્ર અને છતાં રાજકીય ક્ષેત્રે એનું માતૃત્વ સ્વીકારનારું જબ્બર ગ્રામસંગઠનનું નર્યું નૈતિક બળ ઊભું કરવું પડશે. આમ થયા પછી પણ જો કૉંગ્રેસ ગ્રામલક્ષી નહીં બની શકે તો ત્યારે કૉંગ્રેસ કૉંગ્રેસ તરીકે ભુંસાઈ જશે. પણ ત્યારે ગ્રામ સંગઠનો દ્વારા દેશની જનશક્તિ એટલી બધી વ્યવસ્થિત ઘડતર પામી ગઈ હશે કે કૉંગ્રેસનું નામ નહીં રહે ત્યારે પણ કૉંગ્રેસે દેશ અને દુનિયામાં સ્થાપેલ વિશ્વશાંતિની અહિંસક નીતિના તથા રાજકારણીય સચ્ચાઈના સિદ્ધાંતો ઉપર આ દેશમાં એક બીજી જ સંસ્થા ઊભી થશે.

તેમાં કૉંગ્રેસી સિદ્ધાંતનું અનુષ્ઠાન કરનારા માણસો સૌથી મહાન આગેવાન પદે બિરાજમાન હશે એટલે મને એવાં સૈદ્ધાંતિક પક્ષપાતના ડરને કારણે રચનાત્મક કાર્યકરો કૉંગ્રેસના સૈદ્ધાંતિક પલ્લાંની કદર પૂરી પૂરી જનતામાં પ્રસ્થાપિત નહીં કરે તો જાણ્યે અજાણ્યે સત્તાવાદી અને સત્તાકાંક્ષી પક્ષો જોર કરી જશે.

એટલે દેશના રચનાત્મક કાર્યકરોને સમૂળી ક્રાંતિ માટે મારી એ વિનંતી છે કે જે કૉંગ્રેસ સ્વરાજ્ય પહેલાં કામ આપી શકતી હતી તેની પાસેથી સ્વરાજ્ય બાદ કામ લેવા માટે પક્ષપાતનો દોષ વહોરીને પણ તેને ગ્રામલક્ષી બનાવવામાં તમારી શક્તિ વાપરો. એનું સ્થાન લેનારી નવી સંસ્થા બની શકે તેમ નથી અને આજની દુનિયામાં સંસ્થા સિવાય સંગીન કામ થાય તેમ નથી. પક્ષપાતનો હાઉ છોડી જનશક્તિને સંગઠિત કરો અને કૉંગ્રેસને ગ્રામલક્ષી બનાવી દો. દેશ અને વિદેશ ક્ષેત્રે આ એક જ સર્વોત્તમ માર્ગ છે.' (વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧૨-૫૩)

૧૯૫૬માં દ્વિભાષી મુંબઈ રાજ્ય રચના વખતે મહાગુજરાતની માગણીમાં થયેલાં તોફાનો વખતે અમદાવાદમાં ભાલ નળકાંઠાની ગ્રામ ટુકડીઓ જતી હતી. તેણે આપેલા એક નિવેદનમાં જણાવ્યું છે :

'લોકશાહી વ્યવસ્થાના આજના સ્વરૂપમાં પાયાનું સંશોધન અને સુધારણા જરૂરી છે. લોકશાહીમાં રાજકીય વિરોધ પક્ષની અનિવાર્યતાનું સૂત્ર ધરમૂળથી વિચારણા માગી લે છે. આજે દેશને ખંડનાત્મક, નકારાત્મક અને ચૂંટણીના રાજકારણની નહિ, પણ રચનાત્મક, સારી વાતનું સમર્થક તથા સત્તા નિરપેક્ષ રાજકારણની જરૂર છે. જે દેશની સ્થિરતા અને એકતા મજબૂત કરશે. ચૂંટણીના જંગી ખર્ચાથી બચાવશે. પક્ષભેદો ટાળશે અને લોકલક્ષી લોકશાહી સ્થાપશે. સત્તા પરના રાજકીય પક્ષ ઉપર સર્વજનહિતમાં અસરકારક અંકુશ રાખી શકે એવા સબળ પ્રેરક અને પૂરક પક્ષની જરૂર છે, નહિ કે ચૂંટણીના રાજકારણવાળા સત્તાલક્ષી રાજકીય વિરોધપક્ષની.'

(શુદ્ધિ પ્રયોગનાં સફળ ચિત્રો : પા. ૨૨૩)

૧૯૫૭માં પ્રગટ થયેલી 'જનતા દ્વારા અહિંસક ક્રાંતિ' પુસ્તિકામાં કહ્યું છે :

"આજની લોકશાહીનું સ્વરૂપ એ કંઈ છેવટનું નથી, ન હોઈ શકે. લોકશાહી એ તો સતત વિકાસશીલ એવી એક જીવનદૃષ્ટિ છે. એટલે લોકશાહીમાં રાજકીય વિરોધ પક્ષ અનિવાર્ય છે એમ જે જોરશોરથી કહેવામાં આવે છે એ છેવટનું સત્ય છે એવું ન ગણવું જોઈએ.

મૂળ સવાલ તો છે, સત્તા પરના પક્ષને સાચી દિશામાં કાર્યક્ષમ રાખવા માટે એના પર યોગ્ય નિયમન રહેવું જોઈએ, તે કઈ રીતે ઊભું કરવું ?


ભાલ નળકાંઠા પ્રયોગમાં સંતના માર્ગદર્શન નીચે પ્રાયોગિક સંઘ જેવી સેવક સંસ્થા, તેની નીચે ગ્રામસંગઠન અને તેની નીચે ગ્રામાભિમુખ કૉંગ્રેસ એમ સંસ્થાસંકલનનો અનુબંધ છે. આથી સહુ પ્રથમ આધ્યાત્મિક, પછી નૈતિક, પછી સામાજિક અને છેલ્લે રાજકીય ક્ષેત્રનો નંબર આવે. જેટલે અંશે પ્રથમના બળો અસરકારક તેટલે અંશે જ રાજ્ય ગૌણ બને અને છેવટે રાજનીતિ ખતમ થાય. વચગાળાના સમયમાં દંડશક્તિનો અહિંસક વિકલ્પ શુદ્ધિપ્રયોગ જેવા નૈતિક સામાજિક દબાણના પ્રયોગો કરવા પડે એમ આ પ્રયોગનો અનુભવ કહે છે.

એક તરફ અંતિમધ્યેયનું લક્ષ સ્પષ્ટ રાખવું અને બીજી તરફ લક્ષને પહોંચવા માટે જરૂરી શક્તિ મેળવવા સારુ દેશ, કાળ અને સમાજની પરિસ્થિતિ મુજબ, સમાજ જ્યાં છે ત્યાં લક્ષની દિશામાં સમયનાં તકાદા મુજબ ગતિશીલ બને તેવા કાર્યક્રમો આપવા જેથી તેવો વહેવાર પણ ગોઠવાતો જાય. આમ થાય તો જ પ્રજાશક્તિ વધે અને રાજ્યની શક્તિ ઘટે.

પરિવર્તન વિનાનું સાતત્ય સ્થગિતતા કે બંધિયારપણું લાવે છે. તો સાતત્ય વિનાનું પરિવર્તન વિકસિત સંસ્કૃતિનાં મૂલ્યોથી સમાજને વંચિત રાખે છે. જે લાભ ગુમાવવો માનવજાતને પોષાય નહિ. એવી જરૂર પણ ન હોય.

ભાલ નળકાંઠા પ્રયોગ પાછળનો આ વિચારપ્રવાહ, એની કાર્યપદ્ધતિ અને કાર્યક્રમો કે પ્રયોગો પાછળ આ દૃષ્ટિ છે.

# વિશ્વ વાત્સલ્ય




# ૐ મૈયા